


પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 05 JUNE, 2026 Vol. 24, No. 23 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ઈરાની સૈન્ય ક્ષમતાને ભારે નુકસાન પહોંચાડ્યું હોવાનો અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોનો દાવો

# ઓપરેશન એપિક ફ્યુરી પૂર્ણ છતાં હુમલા યથાવત

**વોશિંગ્ટન**

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ બુધવારે એક મહત્વપૂર્ણ નિવેદન આપતાં દાવો કર્યો કે ઈરાન સામે ચલાવવામાં આવેલું અમેરિકાનું લશ્કરી અભિયાન 'ઓપરેશન એપિક ફ્યુરી' હવે પૂર્ણ થઈ ગયું છે. તેમના જણાવ્યા પ્રમાણે અમેરિકા હવે ઈરાનની અંદર સતત સૈન્ય હુમલા કરી રહ્યું નથી, કારણ કે આ ઓપરેશન દ્વારા નક્કી કરાયેલા મુખ્ય લક્ષ્યો હાંસલ કરવામાં આવ્યા છે. જોકે બીજી તરફ મધ્ય પૂર્વમાં હજુ પણ હુમલાઓ અને તણાવ ચાલુ હોવાથી આ દાવા પર સવાલો પણ ઉઠી રહ્યા છે. હાઉસ ફોરેન અફેર્સ કમિટીની બેઠક દરમિયાન રુબિયોએ જણાવ્યું કે અમેરિકાએ ઈરાનની સૈન્ય ક્ષમતાને ભારે નુકસાન પહોંચાડ્યું છે. તેમના જણાવ્યા મુજબ ઈરાનના સંરક્ષણ ઉદ્યોગને નબળો પાડવામાં આવ્યો છે, મિસાઈલ લોન્ચરોની



સંખ્યા નોંધપાત્ર રીતે ઘટાડી દેવામાં આવી છે અને ડ્રોન શસ્ત્રાગારને પણ મોટો ફટકો પહોંચાડવામાં આવ્યો છે. તેમણે વધુમાં દાવો કર્યો કે ઈરાનની બાકી રહેલી હવાઈ દળની ક્ષમતા અને પરંપરાગત નૌકાદળને પણ ગંભીર નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

રુબિયોના જણાવ્યા પ્રમાણે અમેરિકાની દૃષ્ટિએ આ અભિયાનનું મુખ્ય લક્ષ્ય ઈરાનની હુમલાખોર સૈન્ય શક્તિને નબળી બનાવવાનું હતું અને તે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. તેથી હવે અમેરિકાની તરફથી ઈરાનની અંદર સતત હુમલાઓ કરવાની જરૂરિયાત નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે 'ઓપરેશન એપિક ફ્યુરી' સમાપ્ત થઈ ગયું છે. પરંતુ રુબિયોના આ નિવેદનને અમેરિકાના ડેમોક્રેટિક સાંસદોએ પડકાર્યો હતો. તેમનું કહેવું છે કે જો યુદ્ધ ખરેખર સમાપ્ત થઈ ગયું હોય તો મિડલ ઈસ્ટમાં હજુ પણ હુમલાઓ કેમ થઈ રહ્યા છે? જોકે રુબિયોએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે દસ્તાવેજોની આપ-લે થઈ રહી છે, પરંતુ હજુ સુધી કોઈ અંતિમ સમજૂતી થઈ નથી. ખાસ કરીને ઈરાન પાસે રહેલા અત્યંત સમૃદ્ધ યુરેનિયમના જથ્થાને લઈને ચર્ચા ચાલી રહી છે. અમેરિકાનું માનવું છે કે આ મુદ્દો ભવિષ્યમાં પરમાણુ સુરક્ષા માટે મહત્વપૂર્ણ બની શકે છે.

### ફ્રેન્કફર્ટ એરપોર્ટ પરની ઘટના

## બોઈંગ 787નું ગિયર તૂટી જતાં વિમાન જમીન પર પટકાયું, કર્મીઓ ઘાયલ




**જ્યુરિચ**

ફ્રેન્કફર્ટ એરપોર્ટ પર ગેટ પાસે પાર્ક કરેલા બોઈંગ 787 જેટનું નોઝ લેન્ડિંગ ગિયર તૂટી પડતાં જર્મન એરલાઈન લુફથાન્સાના કેટલાક કર્મચારીઓ ઘાયલ થયા હતા. મુસાફરો લોસ એન્જલસની નિર્ધારિત ફ્લાઈટમાં બેસે તે પહેલાં જ વિમાનનો આગળનો ભાગ જમીન સાથે પટકાયો હતો. આ સમયે બોઈંગ 787-9 ડ્રીમલાઈનરમાં માત્ર ક્રૂ મેમ્બર્સ અને ગ્રાઉન્ડ સ્ટાફ જ હાજર હતા. નોઝ લેન્ડિંગ ગિયર તૂટી પડવાની આ ઘટનાને પગલે તાત્કાલિક ધોરણે ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. લુફથાન્સાએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ઘાયલ થયેલા કર્મચારીઓને હાલમાં તબીબી સારવાર આપવામાં આવી રહી છે. એરલાઈન અને સંબંધિત સત્તાવાળાઓ આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે. એક ફ્લાઈટ-ટ્રેકિંગ વેબસાઈટના અહેવાલ મુજબ આ વિમાન લગભગ 1 વર્ષ જૂનું છે. બીજી તરફ, બોઈંગ કંપનીએ પણ પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે તેઓ આ ઘટનાથી સંપૂર્ણપણે વાકેફ છે. ઘટનાસ્થળના વીડિયો ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આ વિશાળ વિમાનના આગળના પૈડાં સરકી જાય છે અને વિમાનનો આગળનો ભાગ કેટલાક મીટર નીચે પડે છે. આ સમયે પાસે ઊભેલો 1 ગ્રાઉન્ડ ક્રૂ મેમ્બર પોતાનો બચાવ કરવા ઝડપથી પાછળ હટી જાય છે. જમીન સાથે જોરદાર ટક્કર થવાને કારણે નોઝ ગિયરના દરવાજા પણ તૂટીને અલગ થઈ ગયા હતા.

# ચીનનું ષડયંત્ર : નકલી નોકરીની લાલચ આપી પશ્ચિમી દેશોની ગુપ્ત માહિતી ચોરવાનો પ્રયાસ

### ઓનલાઈન પ્લેટફોર્મ પર એજન્ટો હ્યુમન રિસોર્સ કન્સલ્ટન્ટ હોવાનો ડોળ કરે છે

**લંડન**

પાંચ દેશોના આંતરરાષ્ટ્રીય ગુપ્તચર ગઠબંધન ફાઈવ આઈઝે એક મોટી ચેતવણી જાહેર કરીને જણાવ્યું છે કે ચીન નકલી નોકરીઓની જાહેરાતો દ્વારા પશ્ચિમી દેશોના સૈન્ય અને સરકારી કર્મચારીઓને નિશાન બનાવી રહ્યું છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર સક્રિય ચીની એજન્ટો જાણીતી કંપનીઓના હ્યુમન રિસોર્સ કન્સલ્ટન્ટ હોવાનો ડોળ કરે છે. તેઓ લિંક્ડઈન, ઈન્ડીડ અને અપવર્ક જેવી લોકપ્રિય વેબસાઈટનો ઉપયોગ કરીને નોકરીની નકલી જાહેરાતો પોસ્ટ કરે છે અને ગુપ્ત માહિતી સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ચીની સૈન્ય ગુપ્તચર વિભાગના જાસૂસો ખાનગી કંપનીઓ અથવા થિંક ટેન્કના પ્રતિનિધિ તરીકે પોતાની ખોટી ઓળખ આપે છે. ત્યારબાદ તેઓ વિદેશ નીતિ અથવા સંરક્ષણ વિશ્લેષક જેવી આકર્ષક નોકરીઓની જાહેરાતો આપીને ઉમેદવારોને આકર્ષે છે અને પાછળથી તેમની પાસેથી ખાનગી કે ગુપ્ત માહિતી મેળવવા માટે દબાણ કરે છે.

આ નકલી નોકરીઓનો ભોગ મુખ્યત્વે હાઈ-લેવલ સુરક્ષા ક્લિયરન્સ ધરાવતા લોકો, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં તૈનાત સૈન્ય કર્મચારીઓ, પત્રકારો અને થિંક ટેન્કના કર્મચારીઓ બની રહ્યા છે. ચીની એજન્ટો અરજદારોના બાયોડેટાની ચકાસણી કરીને એવા લોકોને શોધી કાઢે છે જેમના દ્વારા મહત્વની વિગતો મળી શકે તેમ હોય. ત્યારબાદ ઉમેદવારોના ઓનલાઈન ઈન્ટરવ્યુ લેવામાં આવે છે અને તેમને ચીનના અન્ય દેશો સાથેના સંબંધો, સંરક્ષણ અથવા




વ્યાપાર જેવા વિષયો પર અહેવાલ તૈયાર કરવાનું કહેવામાં આવે છે. એકવાર ઉમેદવાર જાળમાં ફસાઈ જાય પછી તેને વધુ સંવેદનશીલ વિગતો આપવા મજબૂર કરવામાં આવે છે અને સમગ્ર વાતચીત ગુપ્ત મેસેજિંગ પ્લેટફોર્મ પર શિફ્ટ કરી દેવામાં આવે છે.









# કેનેડામાં વર્ક પરમિટ વગર નોકરી? આ ૩ કેટેગરીના લોકોને મળે છે ખાસ છૂટ

## તમામ કિસ્સાઓમાં શરતો અને વ્યક્તિએ નિર્ધારિત નિયમોના પાલનની સાબિતી આપવી ફરજિયાત

**ઓન્ટેરિયો :** કેનેડામાં નોકરી કરવા અથવા તો કોઈપણ પ્રકારનું કામ કરવાની યોજના બનાવી રહેલા મોટાભાગના વિદેશી નાગરિકોએ વર્ક પરમિટ લેવું પડે છે. પરંતુ કનેડાના ઈમિગ્રેશન નિયમોમાં કેટલીક એવી જોગવાઈઓ પણ છે, જે અંતર્ગત લોકો વર્ક પરમિટ વિના પણ કામ કરી શકે છે. આ છૂટછાટ દરેક વ્યક્તિ માટે નથી હોતી, પરંતુ માત્ર કેટલાક ખાસ લોકોને જ આપવામાં આવે છે.

**આ ૩ કેટેગરીના લોકોને મળે છે ખાસ છૂટ :** કેનેડાના ઈમિગ્રેશન નિયમો પ્રમાણે બિઝનેસ વિઝિટર, વિદેશી કંપની માટે રિમોટ કામ કરતા ડિજિટલ નોમેડ અને કેટલાક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ વર્ક પરમિટ વિના કામ કરવા માટે પાત્ર બની શકે છે. જોકે, આ તમામ કિસ્સાઓમાં કેટલીક શરતો લાગુ પડે છે અને વ્યક્તિએ એ સાબિત કરવું પડે છે કે તેઓ નિર્ધારિત નિયમોનું પાલન કરી રહ્યા છે.

### (1) બિઝનેસ વિઝિટર

જો કોઈ વ્યક્તિ વ્યાપારિક કામકાજ માટે કનેડા આવે છે, પરંતુ કનેડાના શ્રમ બજાર (લેબર માર્કેટ) નો હિસ્સો નથી , તો તે બિઝનેસ વિઝિટરની શ્રેણીમાં આવી શકે છે. આવા લોકોને સામાન્ય રીતે વર્ક પરમિટની જરૂર નથી હોતી. આ માટેની મુખ્ય શરત એ છે કે, તે વ્યક્તિ કોઈ કનેડિયન કંપનીની કર્મચારી ન હોવી જોઈએ. આ ઉપરાંત, તેનો પગાર અને અન્ય આર્થિક લાભો કનેડા બહારથી મળતા હોવા જોઈએ અને તેનો મુખ્ય વ્યવસાય પણ વિદેશમાં જ હોવો જોઈએ. આ ઉપરાંત તેની વ્યાપારિક પ્રવૃત્તિઓ એવી ન હોવી જોઈએ જે કનેડિયન કર્મચારીઓ સાથે સ્પર્ધા કરતી હોય.

ઉદાહરણ તરીકે, બિઝનેસ મીટિંગમાં ભાગ લેવો, ટ્રેડ શો કે પ્રદર્શનોમાં સામેલ થવું, બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકોમાં જવું અથવા પોતાની વિદેશી કંપની માટે કનેડાથી સામાન અને સેવાઓની ખરીદી કરવી વગેરે બાબતો આ કેટેગરીમાં સામેલ હોઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં વિદેશથી ખરીદેલા વિશેષ ઉપકરણોનું સમારકામ (રિપેરિંગ), પરીક્ષણ કે ટેકનિકલ સપોર્ટ પૂરો પાડવા માટે આવતા લોકો પણ બિઝનેસ વિઝિટરની કેટેગરીમાં આવી શકે છે. બિઝનેસ વિઝિટરને સામાન્ય રીતે કનેડામાં છ મહિના સુધી રહેવાની મંજૂરી મળી શકે છે, પરંતુ આ અંગેનો અંતિમ નિર્ણય બોર્ડર ઓફિસરની તપાસ અને તત્કાલીન પરિસ્થિતિઓ પર નિર્ભર કરે છે.



### (2) ડિજિટલ નોમેડ અને રિમોટ વર્કર

દુનિયાભરમાં વધી રહેલા રિમોટ વર્કના યુગમાં ઘણા લોકો કોઈ એક દેશમાં રહીને બીજા દેશની કંપની માટે કામ કરે છે. આવા લોકોને 'ડિજિટલ નોમેડ' કહેવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ કનેડામાં રહીને કોઈ વિદેશી કંપની માટે ઓનલાઈન કામ કરી રહી હોય, તો તેને વર્ક પરમિટની જરૂર પડતી નથી. પરંતુ તે કંપનીની કનેડામાં કોઈ ઓફિસ, વ્યવસાય કે આર્થિક સંબંધો ન હોવો જોઈએ. આ સાથે જ સાથે વ્યક્તિએ કેનેડિયન ગ્રાહકોને સેવાઓ ન આપવી જોઈએ અને તેની આવક પણ કનેડા બહારથી જ આવતી હોવી જોઈએ. એટલે કે, તે કનેડાના શ્રમ બજારમાં સીધી રીતે સામેલ ન હોવો જોઈએ. સોફ્ટવેર ડેવલપર, ડિજિટલ માર્કેટિંગ એક્સપર્ટ, બિઝનેસ કન્સલ્ટન્ટ, કન્ટેન્ટ ક્રિએટર અને ઓનલાઈન ટ્યુટર જેવા અનેક પ્રોફેશનલ્સ આ કેટેગરીમાં આવી શકે છે. આવા લોકોને સામાન્ય રીતે વિઝિટર વિઝા અથવા ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (eTA) દ્વારા કનેડામાં પ્રવેશવાની મંજૂરી મળે છે અને તેઓ 6 મહિના સુધી ત્યાં રહી શકે છે. જો તેમણે વધુ સમય સુધી રહેવું હોય, તો તે માટે અલગથી અરજી કરવી પડી શકે છે.

### (3) આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી

કનેડામાં અભ્યાસ કરી રહેલા ઘણા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પણ અલગ વર્ક પરમિટ વિના કામ કરી શકે છે. જોકે, આ માટે તેમના સ્ટડી પરમિટમાં કામ કરવાની મંજૂરીનો ઉલ્લેખ હોવો જરૂરી છે. નિયમો પ્રમાણે વિદ્યાર્થીઓ કેમ્પસની અંદર આખું વર્ષ અમર્યાદિત કલાક કામ કરી શકે છે. જ્યારે નિયમિત શૈક્ષણિક સત્ર (એકેડેમિક સેશન) દરમિયાન કેમ્પસની બહાર અઠવાડિયામાં વધુમાં વધુ 24 કલાક કામ કરવાની મંજૂરી હોય છે. ઉનાળુ અને શિયાળુ વેકેશન જેવા સત્તાવાર બ્રેક દરમિયાન તેઓ અમર્યાદિત કલાક કામ કરી શકે છે. આ માટે વિદ્યાર્થીનું કોઈ માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થામાં એડમિશન હોવું જોઈએ અને તેની પાસે વેલિડ સ્ટડી પરમિટ હોવી જરૂરી છે. આ ઉપરાંત, નોકરી શરૂ કરતા પહેલાં સોશિયલ ઈન્શ્યોરન્સ નંબર (SIN) પ્રાપ્ત કરવો પણ જરૂરી હોય છે. સોશિયલ ઈન્શ્યોરન્સ નંબર એ કનેડામાં ભારતના આધાર નંબર જેવો જ એક મહત્વપૂર્ણ નંબર છે. જો કોઈ વિદ્યાર્થી નિર્ધારિત મર્યાદા કરતાં વધુ કલાક કામ કરે છે, તો તેને સ્ટડી પરમિટની શરતોનું ઉલ્લંઘન માનવામાં આવી શકે છે. આના કારણે તેનો સ્ટુડન્ટ સ્ટેટસ (વિદ્યાર્થી તરીકેનો દરજ્જો) પ્રભાવિત થઈ શકે છે અને ભવિષ્યમાં વિઝા કે પરમિટ સંબંધિત અરજીઓ પણ પ્રભાવિત થઈ શકે છે.

**(4) અન્ય લોકોને પણ મળી શકે છે છૂટ** આ ત્રણ મુખ્ય કેટેગરી ઉપરાંત અન્ય કેટલાક લોકોને પણ વર્ક પરમિટ વિના કામ કરવાની મંજૂરી મળી શકે છે. જેમાં વિદેશી રાજદ્વારીઓ (ડિપ્લોમેટ્સ), પત્રકારો, રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લેનારા ખેલાડીઓ, ધાર્મિક કાર્યકરો, ગેસ્ટ સ્પીકર્સ અને કટોકટીની સેવાઓ (ઈમરજન્સી સર્વિસિસ) આપતા કર્મચારીઓ સામેલ છે. જોકે, મોટાભાગના વિદેશી નાગરિકો માટે કનેડામાં કામ શરૂ કરતા પહેલાં વર્ક પરમિટ મેળવવી આજે પણ અનિવાર્ય છે.

# ઊર્જા બજારમાં કેનેડાનો દબદબો : કુદરતી ગેસની નિકાસમાં અમેરિકા પછી સ્થાન

## માર્ચમાં કુદરતી ગેસનું ઉત્પાદન 5.6 ટકા વધીને 775 મિલિયન ગીગાજુલને પાર; બ્રિટિશ કોલંબિયા અને આલ્બર્ટાનો સિંહફાળો



**આલ્બર્ટા**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના ડેટા દર્શાવે છે કે, કેનેડા ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સમાં જ નહીં, પરંતુ વિશ્વમાં વધુ કુદરતી ગેસનું ઉત્પાદન અને નિકાસ કરી રહ્યું છે. માર્ચમાં કેનેડામાં એકંદર પ્રાથમિક ઊર્જા ઉત્પાદન ૨.૨ મિલિયન ગીગાજુલ થયું છે, જે માર્ચ ૨૦૨૫ની તુલનામાં ૦.૯ ટકાનો વધારો છે. માર્ચમાં કેનેડાએ ૭૭૫.૧૨ મિલિયન ગીગાજુલ કુદરતી ગેસનું ઉત્પાદન કર્યું, જે માર્ચ ૨૦૨૫ની તુલનામાં ૫.૬ ટકાનો વધારે છે, જેમાં બ્રિટિશ કોલંબિયા (૧૩.૮ ટકા) અને આલ્બર્ટાએ (૧.૨ ટકા)માં ઉત્પાદનનો સૌથી વધુ ફાળો છે.

કેનેડાની કુદરતી ગેસ નિકાસ ૭.૪ ટકા વધીને ૩૩૯.૭ મિલિયન ગીગાજુલ થઈ હતી. જ્યારે યુ.એસ. હજુ પણ કેનેડાનો સૌથી મોટો ગ્રાહક હતો, તેણે માર્ચમાં ૨૮૨.૧ મિલિયન ગીગાજુલ કુદરતી ગેસ ખરીદ્યો હતો, તે ૨૦૨૫ના સમાન સમયગાળાની તુલનામાં ૧૦.૮ ટકા ઓછો હતો.

જુલાઈ ૨૦૨૫માં કેનેડાએ બ્રિટિશ કોલંબિયાના કિટિમાટથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) નિકાસ શરૂ કરી, ત્યારથી યુનાઈટેડ સ્ટેટ્સ સિવાયના દેશોમાં નિકાસનું આ સૌથી ઊંચું સ્તર હતું, જ્યારે ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ફક્ત ૦.૨ ટકા વધીને ૨૬.૯ મિલિયન ક્યુબિક મીટર થયું હતું, તે ૧૦ મહિનામાં નોંધાયેલો વર્ષ-દર-વર્ષનો સૌથી નાનો વધારો હતો. જો કે, ક્રૂડ ઓઈલની નિકાસ ૪.૨ ટકા વધીને ૨૨.૫ મિલિયન ક્યુબિક મીટર થઈ હતી. જે ૨૦૧૬ પછીનું સૌથી ઊંચું સ્તર છે. ઈરાનમાં યુદ્ધ પછી વૈશ્વિક તેલની માંગમાં વધારો થતાં આ નિકાસને પાઈપલાઈન દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સમાં નિકાસમાં ૫.૯ ટકાનો ઉછાળો મળ્યો હતો. બિન-યુ.એસ. દેશોમાં કાચા તેલની નિકાસ ૨૫.૪ ટકા વધીને ૩.૪ મિલિયન ક્યુબિક મીટર થઈ છે. કેનેડાએ પણ માર્ચમાં 58.2 મિલિયન મેગાવોટ કલાક વીજળીનું ઉત્પાદન કર્યું, જે માર્ચ 2025ની સરખામણીમાં 2.9 ટકાનો વધારો દર્શાવે છે, જે મુખ્યત્વે ઓન્ટારિયોમાં (48.7 ટકા) વધારાને કારણે થયું હતું.

# ફિફા કપ પહેલાં નકલી જર્સીનું કૌભાંડ કેનેડાના ઈતિહાસની સૌથી મોટી જપ્તી

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં વર્લ્ડ કપનો પ્રભાવ જોવા મળી રહ્યો છે, ત્યારે સ્થાનિક પોલીસે જણાવ્યું છે કે, તેમણે કેનેડિયન ઈતિહાસમાં સૌથી વધુ નકલી ફૂટબોલ જર્સીનો જથ્થો જપ્ત કર્યો છે. સોમવારે એક પત્રકાર પરિષદમાં ટોરોન્ટો પોલીસે બે વ્યક્તિની ધરપકડની જાહેરાત કરી કહ્યું કે, તેમણે મિસિસાગાના એક વેરહાઉસમાંથી $ ૩.૫ મિલિયનથી વધુની નકલી જર્સી જપ્ત કરી છે, જે વિવિધ સ્ટોર્સમાં વેચવામાં આવતી હતી. ડેપ્યુટી ચીફ રોબર્ટ જોહ્નસને જણાવ્યું હતું કે, ફિફા વર્લ્ડ કપ જેવી મોટી ઈવેન્ટ્સમાં જૂન અને જુલાઈ દરમિયાન ટોરોન્ટોમાં છ મેચોનું આયોજન કરવામાં આવશે, તે નકલી રમતગમતના સ્મૃતિચિહ્નોમાં (મેમોરેબિલિયા) વધારો તરફ દોરી જાય છે. પોલીસે જણાવ્યું હતું કે, તેમને ૧૨ મેના રોજ નકલી જર્સી, ધ્વજ અને વર્લ્ડ કપ ટ્રોફીથી ભરેલા કથિત વેરહાઉસ વિશે બાતમી મળી હતી અને ૨૬ મેના રોજ ચાર સર્ચ વોરંટ જાહેર કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.તે સર્ચ ઓપરેશનના પરિણામે અધિકારીઓએ બે શખ્સોની ધરપકડ કરી હતી, જેઓ સ્ટોર્સમાં નકલી વસ્તુઓ વેચી રહ્યા હોવાનું માનવામાં આવે છે.



# વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ જાહેર : હાર્વર્ડ યુનિવર્સિટી ફરી નંબર-૧, કેનેડાની ટોરોન્ટો યુનિ. ૨૩મા નંબરે

વૈશ્વિક સ્તરે મેકગિલ અને UBC રેન્કિંગમાં એક-એક સ્થાન નીચે સરક્યા, કેનેડાની અન્ય ટોચની શાળાઓ પાછળ ધકેલાઇ

**ટોરોન્ટો**

વિશ્વભરમાં ટોચની યુનિવર્સિટીઓનો વાર્ષિક આંકડો બહાર આવ્યો છે, જેમાં કેનેડાની કેટલીક મોટી શાળાઓ રેન્કિંગમાં નીચે આવી રહી છે, પરંતુ નિષ્ણાતો કહે છે કે આ યાદીઓને સાવધાનીથી લેવી જોઈએ. સેન્ટર ફોર વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સે સોમવારે વિશ્વભરની 2,000 ટોચની શાળાઓની યાદી જાહેર કરી છે. 21,000થી વધુ સંસ્થાઓને રેન્કિંગ આપતા તેના વિશ્લેષકોએ ચાર વિષય ક્ષેત્રો- શિક્ષણ (25 ટકા મૂલ્ય), રોજગાર ક્ષમતા (25 ટકા), ફેકલ્ટી (10 ટકા) અને સંશોધન (40 ટકા)માં ડેટા સંકલિત કર્યો છે, જેથી તેમનું રેટિંગ નક્કી કરી શકાય. ટોરોન્ટો યુનિવર્સિટીએ આ વર્ષે સતત ચોથા વર્ષે તેનું 23મું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે મેકગિલ યુનિવર્સિટી (28), યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા (49) અને યુનિવર્સિટી ઓફ આલ્બર્ટા (82) ગયા વર્ષના રેન્કિંગથી એક-એક સ્થાન નીચે સરકી ગઈ છે. કુલ મળીને 38 કેનેડિયન યુનિવર્સિટીઓ- બી.સી., આલ્બર્ટા, સાસ્કાચેવાન, મેનિટોબા, ઓન્ટારિયો, ક્વિબેક, ન્યુફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોર, નોવા સ્કોટીયા અને ન્યુ બ્રુન્સવિકમાં શાળાઓએ આ વર્ષના એકંદર રેન્કિંગમાં સ્થાન મેળવ્યું છે. હાર્વર્ડ યુનિવર્સિટીએ ફરીવાર નંબર 1 સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં નિયમિત રહેતી બ્રિટિશ સંસ્થાઓ કેમ્બ્રિજ અને ઓક્સફોર્ડ ફરી એકવાર ટોચ પર છે. 360 શાળાઓ સાથે, ચીન સૌથી વધુ યુનિવર્સિટીઓ ધરાવતો દેશ હતો, જેમાં જૂથના વૈશ્વિક કટમાં 2,000નો સમાવેશ થાય છે. યુ.એસ.માં 313 શાળાઓ સાથે બીજા ક્રમે સૌથી વધુ શાળાઓ હતી.



### 2026ના રેન્કિંગમાં ટોચની 10 કેનેડિયન યુનિવર્સિટીઓ

* યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો (23મું).
* મેકગિલ યુનિવર્સિટી (28મું).
* UBC (49મું).
* યુનિવર્સિટી ઓફ આલ્બર્ટા (82મું).
* યુનિવર્સિટી ઓફ મોન્ટ્રીયલ (126મું).
* વેસ્ટર્ન યુનિવર્સિટી (187મું).
* મેકમાસ્ટર યુનિવર્સિટી (190મું).
* યુનિવર્સિટી ઓફ કેલગરી (203મું).
* યુનિવર્સિટી ઓફ વોટરલૂ (216મું).
* યુનિવર્સિટી ઓફ ઓટાવા (226મું).

### 2026 માટે વૈશ્વિક ટોચની 05 યુનિવર્સિટી

1. હાર્વર્ડ યુનિવર્સિટી. 2. મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી. 3. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી. 4. કેમ્બ્રિજ યુનિવર્સિટી. 5. ઓક્સફર્ડ યુનિવર્સિટી.

# ક્લાઉડ માર્કેટ 'તૂટ્યું' : ૮૫ ટકા બજાર પર 3 અમેરિકન ટેક જાયન્ટ્સનો કબજો!

ગંભીર ચેતવણી: સ્થાનિક કંપનીઓ માત્ર 'મેપલવોશ્ડ ડિપેન્ડન્સી' ઊભી કરશે; એમેઝોન, ગૂગલ અને માઇક્રોસોફ્ટના એકહથ્થુ શાસનથી સ્પર્ધા જોખમાઇ



**ઓટ્ટાવા**

કેનેડામાં ક્લાઉડ કમ્પ્યુટિંગ ક્ષેત્રે ગંભીર કટોકટી અને મુક્ત સ્પર્ધાના અભાવ અંગે 'કેનેડિયન એન્ટિ-મોનોપોલી પ્રોજેક્ટ'ના તાજેતરના અહેવાલમાં સનસનાટીપૂર્ણ ચેતવણી આપવામાં આવી છે. રિપોર્ટ અનુસાર કેનેડાનું ક્લાઉડ બજાર સંપૂર્ણપણે 'તૂટી ગયું' છે, જ્યાં એમેઝોન, ગૂગલ અને માઈક્રોસોફ્ટ જેવી માત્ર ત્રણ અમેરિકન ટેક જાયન્ટ્સ આખા બજારના આશરે ૮૫ ટકા હિસ્સા પર એકહથ્થુ નિયંત્રણ ધરાવે છે.

નિષ્ણાતોના મતે ક્લાઉડ કમ્પ્યુટિંગ હવે માત્ર ટેકનોલોજી નથી, પરંતુ દેશનું "મુખ્ય માળખું" બની ગયું છે. સરકારી સેવાઓ, બેંકિંગ વ્યવહારો, ડિજિટલ સ્ટોરેજથી લઈને સ્ટ્રીમિંગ વીડિયો અને સોશિયલ મીડિયા સુધીની દરેક આવશ્યક સુવિધા આ સેવા પર નિર્ભર છે. આવી સ્થિતિમાં માત્ર ત્રણ વિદેશી કંપનીઓનો ઈજારો હોવો તે રાષ્ટ્રીય સુરક્ષા અને અર્થતંત્ર માટે ભારે ચિંતાનો વિષય છે.

અહેવાલના સહ-લેખક કર્ટિસ મેકકોર્ડે જણાવ્યું છે કે, જો ગ્રાહકો સરળતાથી બીજી કંપનીમાં સ્વિચ ન કરી શકે તો માત્ર સ્થાનિક અથવા સાર્વભૌમ પ્રદાતાઓ ઉમેરવાથી સમસ્યા હલ નહીં થાય. ગ્રાહકો જો અસંગત સિસ્ટમોમાં બંધ રહેશે, તો સ્થાનિક વિકલ્પો પણ કેનેડિયનોને વધુ એક 'મેપલવોશ્ડ ડિપેન્ડન્સી' (ખોટી સ્વનિર્ભરતા)માં ફસાવી દેશે. બીજી તરફ, આ વિવાદ વચ્ચે ગૂગલ ક્લાઉડના વીપી સચિન ગુપ્તાએ જણાવ્યું હતું કે, તેઓ ગ્રાહકોને બાંધી રાખતી પ્રતિબંધિત નીતિઓનો સક્રિય વિરોધ કરે છે અને ગૂગલે ટ્રાન્સફર ફી પણ નાબૂદ કરી છે. આ ઉપરાંત માઈક્રોસોફ્ટ યુરોપિયન દેશોમાં ગ્રાહકોને ક્રેડિટ ઓફર કરે છે, પરંતુ કેનેડિયન ગ્રાહકોને હજુ પણ શરતી ચાર્જનો સામનો કરવો પડે છે. નીતિ વિશ્લેષકોના મતે આ નીતિઓ ગ્રાહકો માટે 'લોક-ઈન' જેવી સ્થિતિ સર્જે છે, જેના કારણે બજારમાં નવી સ્પર્ધા માટેના તમામ રસ્તાઓ બંધ થઈ જાય છે.

# ખતરનાક SU-75 ફાઈટર પ્લેનનું નિર્માણ શરૂ

મોસ્કો: રશિયામાં યુદ્ધ વિમાન બનાવતી કંપની UAC કંપનીના CEO વાદિમ બડેખાએ પુષ્ટિ કરી છે કે, SU-75 યુદ્ધ વિમાનના પ્રોટોટાઈપ પર કામ ચાલું થઈ ગયું છે. યુનાઈટેડ એકક્રાફ્ટ કોર્પોરેશને SU-75 ચેકમેટ 5મી એડિશનના વિમાન પર કામ ચાલું કરી દીધું છે. આ એક યુદ્ધ વિમાન છે. વર્ષ 2021માં પહેલવાર દુનિયાને આ વિમાનની એક નાનકડી ઝલક જોવા મળી હતી. હવે આ ફાઈટર જેટ આગામી વર્ષોમાં આકાશમાં ઉડતું જોવા મળે એ વાતને નકારી શકાય એમ નથી. આ સમગ્ર પ્રોજેક્ટ પોતાની ટાઈમલાઈનથી પાછળ ચાલી રહ્યો છે. વર્ષ 2021માં અનુમાન લગાવાયું હતું કે, આ ફાઈટર જેટ 2026 સુધીમાં સર્વિસમાં આવી જશે.વર્ષ 2023 પહેલા તે પહેલી સર્વિસ ફ્લાઈટ માટે તૈયાર થઈ જવું જોઈએ એવું હતું, પણ હવે વિમાનની ડિઝાઈનમાં ઘણા મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. વર્ષ 2021માં બતાવવામાં આવેલા મોકઅપ કરતા વિમાન ઘણા અંશે જુદુ પડે છે. SU-75 સ્ટિલ્થ ફાઈટર બનાવતી વખતે ટેક્નોલોજીમાં પ્રગતિ થઈ એનો સીધો ઉપયોગ આ વિમાનને બનાવવા માટે કરવામાં આવ્યો છે.






તંત્રી સ્થાનેથી

# ઉકળતા પ્રશાંત મહાસાગરથી ભારતમાં સુપર અલ નીનો ખતરો, દુષ્કાળના ડાકલાં

પ્રશાંત મહાસાગરની સપાટી પર સતત વધી રહેલું તાપમાન વૈશ્વિક આબોહવા માટે ચિંતાનો વિષય બન્યું છે. હાલમાં આકાર લઈ રહેલું 'સુપર અલ નીનો' ૧૫૦ વર્ષ જૂના ભયાનક ઈતિહાસનું પુનરાવર્તન કરે તેવી શક્યતા છે. આ કુદરતી ફેરફારની સીધી અને ઘાતક અસર ભારતના ચોમાસા પર પડવાની ભીતિ છે, જેના કારણે મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં દુષ્કાળનો ખતરો ઉભો થાય તેમ છે. આ સાથે જ વરસાદ પર નિર્ભર દેશની ૫૧ ટકા ખેતી અને ગ્રામીણ અર્થતંત્ર માટે મોટો ફટકો સાબિત થવાના સંજોગો વધુ છે. સમયસરના આગોતરા આયોજન અને જળ સંચયના નક્કર પગલાં વિના આ વૈશ્વિક સંકટ દેશમાં મોંઘવારી અને પાણીની ગંભીર સમસ્યા સર્જી શકે છે.



તંત્રી - સ્વદેશ

અલ નીનો અંગે તાજેતરમાં ચીનના હવામાન ખાતા અને જાણકારોએ ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું છે કે, પ્રશાંત મહાસાગર ઉકળી રહ્યો છે. તેની સપાટી સતત ગરમ થઈ રહી છે અને તેના પગલે વિશાળ અલ નીનો સર્જાઈ રહ્યું છે અને તે ધીમે ધીમે ભારત તરફ આગળ વધી રહ્યું છે. જાણકારો માને છે કે, આ વખતે અલ નીનો ખૂબ જ વિનાશક સાબિત થશે અને સાઉથ એશિયાને ઘમરોળશે. તેમાંય સૌથી વધારે અસર ભારતને થાય તેવી ભીતિ છે. ભારતમાં ઉનાળો વધારે આકરો બનશે અને ચોમાસું લંબાશે અથવા તો ઓછો વરસાદ પડશે. અનેક વિસ્તારોમાં દુષ્કાળની શક્યતા છે. ભારત પોતાની જરૂરિયાતનું ૭૦ ટકા પાણી નૈઋત્યના ચોમાસા દ્વારા મેળવે છે. આ વર્ષે આ ચોમાસું ખોટકાય અથવા તો અધૂરું રહે તો ખેતીને નુકસાન થશે. વળી, આ વખતે ગરમી જુલાઈ સુધી ખેંચાય તેમ છે. બીજી તરફ જૂનમાં થોડોઘણો વરસાદ પડ્યા બાદ જુલાઈના અંતમાં કે ઓગસ્ટમાં વરસાદ આવે તેવો પણ વર્તારો છે.

પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન વધવું તે કુદરતી પ્રક્રિયા છે. જો કે, આ વખતે તેમાં વ્યાપક વધારો થયો છે. સપ્ટેમ્બર સુધીમાં તે ૨.૫ ડિગ્રી જેટલું વધારે ગરમ થઈ જાય તેવી શક્યતા છે. આ સંજોગોમાં સુપર અલ નીનો ભારત ઉપર ત્રાટકવાના પ્રબળ સંકેત મળી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે ૧૮૭૭-૭૮માં ભયાનક ગરમી પડી હતી. તે સમયે અલ નીનો ઈફેક્ટના કારણે પેસિફિક રિજનમાં હાહાકાર મચી ગયો હતો. હાલ ૨૦૨૬માં જે સુપર અલ નીનો આકાર લેશે, તેની અસર ૨૦૨૭ સુધી વર્તાય શકે છે. મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદ ખેંચાવાની અને ઘટવાની શક્યતાથી દેશના ૫૧ ટકા ખેત ઉત્પાદનને પણ અસર સંભવ છે. વરસાદ ભારતીય અર્થતંત્રનો આધાર છે. કૃષિ મંત્રાલયના અંદાજ પ્રમાણે ૫૧ ટકા ખેતી અને ૪૦ ટકા ખેત પેદાશોના ઉદ્યોગો વરસાદ ઉપર જ આધારિત છે. દેશની ૪૭ ટકા વસતીની રોજગારી અને આજીવિકા ખેતી સાથે જોડાયેલી છે. જો વરસાદમાં ઘટાડો થયો તો ગ્રામ્ય વિસ્તારોને નુકસાન જશે.

હાલમાં પણ દેશમાં ગરમીએ હાહાકાર મચાવ્યો છે. પ્રી મોનસૂન ક્લાયમેટમાં પણ આ વખતે મોડું થવાના એંધાણ છે અને તેની અસરના ભાગરૂપે જ ગરમીમાં વધારો થયો છે. હવામાન ખાતાના જાણકારો માને છે કે, ભારતનો ૫૫ ટકા ભાગ હાલમાં હાઈ હીટ રિસ્ક ઝોનમાં આવેલો છે.

દેશના હવામાન ખાતાના મતે આ વખતે ગરમી વધવાનું સૌથી મોટું કારણ મેગા અલ નીનો ઈફેક્ટ છે. ૧૫૦ વર્ષ બાદ અલ નીનો વ્યાપક સ્વરૂપ લઈ રહ્યું હોવાથી ભારત અને અન્ય કેટલાક દેશોમાં વાતાવરણમાં વ્યાપક પલટો આવ્યો છે. એક અંદાજ પ્રમાણે ૧૮૭૭-૭૮માં ભયાનક ગરમી પડી હતી. તે સમયે અલ નીનો ઈફેક્ટને કારણે પેસિફિક રિજનમાં હાહાકાર મચી ગયો હતો.

ચિંતાજનક બાબત એ છે કે, હાલમાં જે ગ્લોબલ સ્થિતિ છે અને તેમાં ક્લાયમેટ ચેન્જ, પ્રદૂષણ અને સતત જંગલો કાપવાની કામગીરીની જે અસર થઈ રહી છે, તેના કારણે આગામી વર્ષે વૈશ્વિક તાપમાનમાં રેકોર્ડ સ્તરે વધારો નોંધાવાની શક્યતા છે. આજથી દોઢસો વર્ષ પહેલાં જે અલ નીનો સર્જાયું હતું. તેણે દુનિયાના એક મોટા હિસ્સામાં આકાશમાંથી આગ વરસાવી હતી. વર્ષ ૧૮૭૭-૭૮માં સુપર અલ નીનો ત્રાટક્યું હતું. ભયાનક ગરમી, લૂ, સૂકા વાતાવરણ અને દુષ્કાળને પગલે વૈશ્વિક વસતીની ૪ ટકા વસતીનું તે સમયે મોત થયું હતું. જાણકારોને ચિંતા છે કે, હાલમાં આવી જ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. સામાન્ય રીતે મધ્ય અને પૂર્વ પેસિફિક મહાસાગરનું પાણી જ્યારે વધુ પડતું ગરમ થાય છે ત્યારે તેની જે અસર પડે છે અને હવાનો પ્રવાહ અને ગરમીનું સ્તર બદલાય છે તેને અલ નીનો ઈફેક્ટ કહેવાય છે. તેનાથી ગરમી વધે છે, ચોમાસું નબળું પડે છે અને દુનિયાભરમાં વરસાદી સિસ્ટમ ખોરવાય છે.

ખાસ કરીને ભારત, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને એમેઝોન બેસિનમાં ગરમી અને દુષ્કાળની શક્યતાઓ વધી જાય છે. જાણકારોના મતે ભારતના શહેરો હવે અર્બન હીટ આઈલેન્ડ બની રહ્યા છે. તેના કારણે દિવસે આકરી ગરમી અનુભવાય છે પણ મોટું જોખમ છે. દેશની ખેતી, જળ સંસાધન અને સમગ્ર અર્થવ્યવસ્થા ચોમાસા ઉપર ટકેલા હોય છે. હાલમાં જ ઉત્તર, મધ્ય, પૂર્વ અને દક્ષિણ પશ્ચિમના કેટલાક વિસ્તારોમાં ભયાનક ગરમી પડી રહી છે. આ તમામ વિસ્તારોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થાય તો સ્થિતિ બગડશે. તેની અસર ખાદ્ય પદાર્થોના ભાવ ઉપર થવાની જ છે. ઉપજ ઓછી આવશે તો ભાવ વધશે અને તેના પગલે મોંઘવારીમાં વધારો થવાનો છે. તે ઉપરાંત ચોમાસું ખરાબ જશે તો જળાશયો ભરાશે નહીં અને ભૂગર્ભજળના સ્તરમાં વધારો થશે નહીં તો પાણીની સમસ્યા અકબંધ રહેશે. પેસિફિક મહાસાગરમાં ખારાશ વધી રહી છે. તેમાં જો ઘટાડો નહીં થાય તો અલ નીનોની અસર વધુ ૨૦ ટકા આકરી થશે તેવું દેખાય છે. જાણકારો માને છે કે, મેગા અલ નીનો નામ આપવું થોડું આકરું છે પણ સ્થિતિ તેવી જ નિર્માણ પામી રહી છે.

અત્યારથી એક્શન પ્લાન નહીં રખાય, જળ સંચય ઉપર કામ કરવામાં નહીં આવે, હીટ એક્શન પ્લાન બનાવવામાં નહીં આવે અને ખેડૂતો માટે સહાયતાની વ્યવસ્થા નહીં કરવામાં આવે તો આ વર્ષ અત્યંત કપરું સાબિત થાય થશે. ભારતના કૃષિ મંત્રાલયના અંદાજ પ્રમાણે ૫૧ ટકા ખેતી અને ૪૦ ટકા ખેત પેદાશોના ઉદ્યોગો વરસાદ ઉપર જ આધારિત છે. વળી, તેની સાથે દેશની ૪૭ ટકા વસતીની રોજગારી અને આજીવિકા ખેતી સાથે જોડાયેલી છે. જો વરસાદમાં ઘટાડો થયો તો ગ્રામ્ય વિસ્તારોને નુકસાન જશે. તે ઉપરાંત ખાદ્યાન્નનું ઉત્પાદન ઘટશે તો તેના ભાવ વધશે. તેનાથી દેશની ૪૦ કરોડ જનતાને અસર થશે. આમ પણ છેલ્લાં ચારેક વર્ષથી ભારતીયોની આર્થિક સ્થિતિ કથળી છે. તેમાં હવે બીજી નવી આફત આવશે તો જનતાને જીવવું દુર્ભર થઈ જશે તે વાત નક્કી છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
• Life Insurance
• Mortgage Insurance
• Disability Insurance
• Critical Illness Insurance
VISITOR VISA
• Visitor Insurance
• RRSP (Retirement Plan)
• RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA 647-833-4477

HETAL SHAH 416 -522-1676

ANIRUDH LAMA 416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# ડરણ ગામે ખેડૂતોનો હલ્લાબોલ, પોલીસ કાફલો ખડકાયો

## નોટિસ અને વળતર વગર ખેતરોમાં પાઈપલાઈન નાખવા સામે રોષ, પાણીના નિકાલના આયોજનને નામે ખેડૂતો પર 'દમન'નો આક્ષેપ

**અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ડરણ ગામે સિંચાઈ વિભાગની કામગીરી સામે ખેડૂતોએ મોરચો માંડ્યો છે. વગર નોટિસે અને કોઈપણ પ્રકારનું વળતર ચૂકવ્યા વિના જ ખેડૂતોના હૃદય સમાન ખેતરોની વચ્ચેથી પાઈપલાઈન નાખવાની તંત્રની મનસ્વી નીતિ સામે અન્નદાતાઓએ ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. ખેડૂતોના ભારે વિરોધને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ઘટનાસ્થળે પોલીસનો મોટો કાફલો ઉતારી દેવામાં આવતા મામલો વધુ ગરમાયો હતો.

ચાંગોદર, ચાચરવાડી વાસણા અને ગેલોફ વિસ્તારમાં ભરાતા પાણીના નિકાલ માટે તંત્ર દ્વારા ડરણ ગામના ખેતરોની વચ્ચેથી લાઈન નાખવાનું આયોજન કરાયું હતું. જોકે, સ્થાનિક ખેડૂતોનો આક્ષેપ છે કે સિંચાઈ વિભાગ દ્વારા તેમને કોઈ પૂર્વ



સૂચના આપવામાં આવી ન હતી કે નથી કોઈ વળતરની વાત કરવામાં આવી. તંત્રએ ખેડૂતોની સંમતિ વિના જ સીધા ખેતરોમાં પાઈપલાઈન નાખવાની તૈયારીઓ શરૂ કરી દેતા ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને તેને તંત્રનું દમન ગણાવ્યું હતું.

ખેડૂતો દ્વારા પોતાની જમીન બચાવવા માટે છેલ્લા કલાકો સુધી સ્થળ પર જ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું. જનતાનો ભારે આક્રોશ અને પરિસ્થિતિ તંગ બનતી જોઈને તાત્કાલિક સાણંદ અને ચાંગોદર પોલીસ સ્ટેશનનો મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. આખું ગામ અને ખેડૂતો એક થઈને વિરોધમાં જોડાતા વાતાવરણ ગંભીર બની ગયું હતું.

વિવાદ વધુ વકરતા સાણંદ સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ દોડતા થઈ ગયા હતા. અંતે, ખેડૂતોની એકતા અને ભારે વિરોધ સામે નમતું જોખીને સિંચાઈ વિભાગને હાલ પૂરતી પાઈપલાઈન નાખવાની કામગીરી બંધ રાખવાની ફરજ પડી છે. ખેડૂતોએ સ્પષ્ટ ચિમકી આપી છે કે ન્યાય અને યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી તેઓ પોતાના ખેતરમાંથી લાઈન પસાર કરવા દેશે નહીં.

# મહેસાણામાં કોંગ્રેસની બેઠકમાં IB અધિકારીઓ ઘૂસ્યા, કોંગ્રેસે કહ્યું, પોલીસ કેસરી ખેસ પહેરી લે

## દારૂબંધીનો કાયદો છતાં સરહદોમાંથી દારૂના કન્ટેનરો ખુલ્લેઆમ ઘૂસી રહ્યા : અમિત ચાવડા

**મહેસાણા**

મહેસાણા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે એક મહત્ત્વની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રભારીની ખાસ ઉપસ્થિતિમાં ચાલી રહેલી આ બેઠકમાં IBના કર્મચારીઓ ઘૂસી જતાં ગયા હતા. ઘટના બાદ કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ સરકારની નીતિઓ સામે ઉગ્ર અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે પ્રજાના પ્રશ્નો ઉઠાવતા વિપક્ષી નેતાઓને ડરાવવા અને




અમારી વ્યૂહનીતિ જાણવા માટે ભાજપ સરકાર જાસૂસી કરાવી રહી છે. કોંગ્રેસે કટાક્ષ કરતાં જણાવ્યું કે, 'પોલીસે હવે ખાખી વર્દી છોડીને ભાજપનો કેસરી ખેસ જ પહેરી લેવો જોઈએ.' અમિત ચાવડાએ જમાવ્યું હતું કે, 'ગુજરાતમાં કડક દારૂબંધીનો કાયદો હોવા છતાં રાજ્યની સરહદોમાંથી દારૂના મોટા-મોટા કન્ટેનરો ખુલ્લેઆમ ઘૂસી રહ્યા છે. દારૂ અને ડ્રગ્સ આજે ગામે-ગામ અને ગલીએ-ગલી સુધી પહોંચી ગયા છે, પરંતુ પોલીસને તેની કોઈ ભનક સુધ્ધાં લાગતી નથી. કોંગ્રેસી નેતાઓ કોને મળે છે, તેમની ગતિવિધિઓ શું છે અને આગામી સમયમાં કયા કાર્યક્રમો યોજવાના છે તેની તમામ વિગતો મેળવવા માટે સરકારી તંત્રનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

# માંજલપુરના MLA યોગેશ પટેલનું લાંબી માંદગી બાદ થયેલું નિધન

## સરકારના નર્મદા નિગમના મંત્રી તરીકે સેવા આપી હતી

**વડોદરા**

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકના વરિષ્ઠ અને લોકપ્રિય ભાજપ ધારાસભ્ય યોગેશભાઈ નારાયણદાસ પટેલનું દુઃખદ નિધન થયું છે. છેલ્લા એક અઠવાડિયાથી તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, હૃદય અને સ્વાસ્થ્ય સંબંધિત બીમારીથી લાંબા સમયથી પીડાતા હતા. મહત્વનું છે કે ધારાસભ્ય યોગેશ પટેલનું અવસાન થતાં ગુજરાત વિધાનસભા ફરી ખંડિત થઈ છે.

આ પહેલા 6 માર્ચે ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું નિધન થતાં વિધાનસભા ખંડિત થઈ હતી બાદમાં પેટા ચૂંટણીમાં તેમના દીકરાની જીત થઈ હતી.

યોગેશભાઈ પટેલ રાજ્ય સરકારમાં નર્મદા નિગમના મંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા. તેઓ વડોદરાના રાજકારણમાં એક મજબૂત અને પ્રભાવશાળી નેતા તરીકે જાણીતા હતા, જેમણે લાંબા સમય સુધી રાવપુરાની જનતાની સેવા કરી અને માંજલપુર સહિત સમગ્ર વડોદરાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# રાવપુરામાં પોલીસકર્મી સામે એટ્રોસિટીની કાર્યવાહી દરમિયાન અથડામણ સર્જાઈ

## દલિત સમાજના 75 લોકો સામે પોલીસે રાયોટિંગનો ગુનો નોંધ્યો

**રાવપુરા**

પોલીસકર્મી સામે એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો દાખલ કરવાની માગને લઈ પોલીસ અને દલિત સમાજના લોકો વચ્ચે થયેલા ઘર્ષણના બનાવમાં રાવપુરા પોલીસે દલિત સમાજના 75 લોકો સામે ગુનો નોંધ્યો છે.

સરકાર તરફે દાખલ થયેલી ફરિયાદ મુજબ, દિલીપ બાબુભાઈ વણકરે પરવાનગી વગર જન સ્વભિમાન રેલી'નું આયોજન કર્યું હતું અને ભરત રોહિત નામની વ્યક્તિએ સોશ્યલ મીડિયાથી લોકોને ભેગા થવા જણાવ્યું હતું. પોલીસભવન ખાતે 200 લોકોએ પોલીસની વિરુધ્ધમાં નારા લગાવી ઉશ્કેરણીજનક ભાષણ કરી "પોલીસ આપણા કહ્યા મુજબ નહિ કરે તો તમામ રસ્તા ચક્કાજામ કરી નાખો' તેવું કહી ટોળાને ઉશ્કેર્યું હતું. આ દરમિયાન લોકોએ ચક્કાજામ કરી વાહન વ્યવહાર રોકી દઈ એફઆઈઆરની માગ પર અડગ રહ્યાં હતાં. મહિલાઓએ લાકડીઓ સાથે ઊભા રહી રસ્તાઓ બ્લોક કરી પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. તમામને વિખેરાઈ જવા સૂચના આપવા છતા પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. મહિલાઓએ પોલીસને લાકડીઓ વડે મારતા સામાન્ય ઈજા પહોંચી છે.

# વડોદરામાં જૂની અદાવતમાં પત્નીની છેડતીનો વિરોધ કરનાર પતિને મોતને ઘાટ ઉતારી દીધો

## ત્રણ શખ્સોએ ઝઘડો કરી યુવાનના પેટમાં ચપ્પુના ઘા મારી દીધા હતા

**વડોદરા**

આટલાદર પોલીસ સ્ટેશનમાં મૃતકની પત્ની પૂજા ભાલીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર એપ્રિલ મહિનાના અંતમાં અમદાવાદના દહેગામ ખાતે એક લગ્નપ્રસંગમાં આરોપી દર્શન મારવાડીએ તેનો હાથ પકડી છેડછાડ કરી હતી. આ ઘટના અંગે તેણે પતિ અને પરિવારજનોને જણાવ્યું હતું. તે સમયે દર્શન ભાગી ગયો હતો, પરંતુ ત્યારબાદ સમાજે બોલાવેલી પંચાયતમાં તેણે છેડતી કર્યાનું કબૂલ કરતા તેનું અપમાન થયું હતું.

આ વાતનો ખાર રાખી 2જી જૂને એક ધાર્મિક પ્રસંગમાં પૂજા, પતિ ગિરિશ અને ગિરિશનો પિતરાઈ મેહુલ ગયા હતા. અહીં મોડી રાત્રે તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે દર્શન અને તેની સાથે કરણ મારવાડી ગાડીમાં આવ્યા હતા અને ગિરિશ સાથે ઝગડો કરી તેને ચપ્પુના ઘા માર્યા હતા. પત્નીએ બૂમાબૂમ કરતા મેહુલ દોડી આવ્યો હતો, પરંતુ બન્ને જણ ત્યાંથી ભાગી નીકળ્યા હતા. ગિરિશને લોહીલુહાણ હાલતમાં હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. યુવકના મોતથી પરિવારમાં શોક સાથે રોષની લાગણી પણ છે.

# ગુજરાતમાં હસ્તકલા સેતુ યોજના હેઠળ રૂ.102.08 કરોડનું વેચાણ, 50,000થી વધુ રોજગારીનું સર્જન

## બજાર સાથે જોડાણ યોજનાનું સૌથી મજબૂત પાસું, હસ્તકલા સેતુ યોજના પર રૂપિયા 58 કરોડનો ખર્ચ

**ગાંધીનગર**

ગુજરાતની સમૃદ્ધ હસ્તકલા પરંપરા સદીઓથી દેશ-વિદેશમાં પોતાની વિશિષ્ટ ઓળખ ધરાવે છે. વૈશ્વિક સ્પર્ધાના સમયમાં આ કારીગરોને સશક્ત બનાવવું સમયની મોટી જરૂરિયાત બની છે. ગુજરાત સરકારે વર્ષ 2020માં હસ્તકલા સેતુ યોજના (HSY)શરૂ કરી હતી. જે આજે કલા કારીગરો માટે મજબૂત આર્થિક પ્રોત્સાહનનો સેતુ સાબિત થઈ છે.

આ યોજનાનો આર્થિક પ્રભાવ પણ ખૂબ જ અસરકારક રહ્યો છે. આ યોજના હેઠળ, અત્યાર સુધીમાં 102.08 કરોડનું કુલ વેચાણ નોંધાયું છે અને 50,000થી વધુ નવા રોજગારના અવસરો ઊભા થયા છે. વધુમાં હાલના 5,900થી વધુ કારીગરોને વધારાની સહાય અને માર્ગદર્શન મળ્યું છે.

આ યોજના હેઠળ અગાઉ માત્ર 9 ટકા કારીગરો જ 15,000થી વધુ માસિક આવક મેળવી શકતા હતા, જ્યારે આજે આ આંકડો 50 ટકા સુધી વધી ગયો છે. હસ્તકલાને આવકના મુખ્ય સ્ત્રોત તરીકે અપનાવનાર કારીગરોની સંખ્યા પણ 20 ટકાથી વધીને 45 ટકા થઈ છે. ઉપરાંત; 73 ટકા કારીગરો હવે પ્રદર્શનો અને મેળાઓ દ્વારા સીધા બજાર સુધી પહોંચ બનાવી રહ્યા છે.ગુજરાતમાં હસ્તકલા સેતુ યોજનાનું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે, જેના કારણે રાજ્યના હજારો કારીગરોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ યોજનાનું અમલીકરણ કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી હસ્તક ઈન્ડેક્સ્ટ-સી દ્વારા કરવામાં આવી રહ્યું છે, જ્યારે ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (EDII)એ આ યોજનામાં નૉલેજ પાર્ટનર તરીકે મહત્વની ભૂમિકા ભજવી છે. આ યોજના પર રાજ્ય સરકાર દ્વારા અંદાજે 58 કરોડ ખર્ચવામાં આવ્યા છે.

# વડોદરા નજીક કલાલી ગામે પત્ની સાથે મંદિરે દર્શન કરવા ગયેલા યુવકની ઘાતકી હત્યા

**વડોદરા**

વડોદરા શહેરના વડસર વિસ્તારમાં રહેતો ગિરિશ ભાલીયા નામના યુવક પોતાની પત્ની સાથે મંદિરે દર્શન કરવા માટે ગયો હતા. આ દરમિયાન ખોડીયાર નગર વુડાના મકાનમાં રહેતો દર્શન મારવાડી અને તેના સાગરિતોએ ત્યાં આવીને ગિરીશને આંતર્યો હતો. અગાઉની અદાવતનું મનદુઃખ રાખીને દર્શન મારવાડીએ પત્નીની નજર સામે જ ગિરીશ પર છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા ગિરીશને સયાજી હૉસ્પિટલ લઈ જતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મહિલાની છેડતી બાબતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આ મર્ડર થયું હોવાની ચર્ચા વિસ્તારમાં થઈ રહી છે. હાલ પોલીસે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# બારડોલીમાં બે બસ અથડાતાં આગ લાગી: 7ના મોત, અનેક ઘાયલ

## મહારાષ્ટ્ર એસટી બસના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, પરિણામે બસ ડિવાઇડર કૂદીને રોંગ સાઇડ અન્ય બસ સાથે અથડાઇ

**સુરત**

સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં એક અત્યંત ગોઝારા અકસ્માતની ઘટના ઘટી હતી. બારડોલીના ઉવા ગામ નજીક ધુલિયા હાઇવે પર મહારાષ્ટ્ર પાસિંગની બે સરકારી એસ. ટી. બસ અને એક ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક ટક્કરમાં 7 જેટલા મુસાફરના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. આ દુર્ઘટનામાં અન્ય અનેક મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાથી આગામી સમયમાં મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા સેવાઈ રહી છે.

આ અકસ્માત કઈ રીતે સર્જાયો તે અંગે મળતી વિગતો અનુસાર હાઇવે પર એક ટેન્કર પલટી ખાઈ ગયું હતું. આ પલટી ગયેલા ટેન્કર સાથે અથડાવાનું ટાળવાના પ્રયાસમાં મહારાષ્ટ્ર એસ.ટી. બસના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, પરિણામે બસ ડિવાઇડર કૂદીને રોંગ સાઇડ પર ઘૂસી ગઈ હતી અને સામેથી





આવતી અન્ય એક મહારાષ્ટ્ર એસ.ટી. બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ સામસામે થયેલી ટક્કર એટલી ભીષણ હતી કે બંને બસનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાંથી એક બસ રસ્તા પર પલટી મારી ગઈ હતી. અકસ્માત સર્જાયા બાદ પરિસ્થિતિ ત્યારે વધુ ડરામણી બની ગઈ જ્યારે અચાનક ભીષણ આગ ફાટી નીકળી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી એક બસ સીએનજી (CNG) સંચાલિત હતી. ટક્કર થયાની ગણતરીની સેકન્ડોમાં જ વાહનમાં આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વાહનને પોતાની લપેટમાં લઈ લીધું હતું. આ ભયાનક દ્રશ્યોને કારણે ઘટનાસ્થળે મુસાફરો અને રાહદારીઓમાં ભારે નાસભાગ અને અફડાતફડી મચી ગઈ હતી. દુર્ઘટનાની જાણ થતાં જ બારડોલીથી ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરના જવાનોએ આગ પર કાબૂ મેળવવા અને ફસાયેલા મુસાફરોને રેસ્ક્યૂ કરવાના પ્રયાસો યુદ્ધના ધોરણે શરૂ કર્યા હતા. વહીવટી તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવી તમામ ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ, સ્થાનિક પોલીસે ઘટનાસ્થળ પર પહોંચીને પંચનામું કરવાની કાર્યવાહી શરૂ કરી છે અને આ અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# નવસારીમાં રમતા રમતા કારમાં લોક થઈ જવાથી બે માસૂમ ભાઈઓના મોત

## ગરમી અને ગૂંગળામણથી કારમાં જ બેભાન થયા હતા

**નવસારી**

નવસારીના ધારાગીરી ગામમાં રહેતા જોગી પરિવારના બે માસૂમ બાળકો કૈરવ જોગી (ઉંમર વર્ષ 4) અને અભિમન્યુ જોગી (ઉંમર વર્ષ 3) ઘરની બહાર રમી રહ્યા હતા. તેઓ ઘરથી થોડે દૂર પડેલી એક જૂની કારમાં ગયા હતા અને કારનો દરવાજો લૉક થઈ ગયો હતો. ખૂબ જ ગરમી અને ગૂંગળામણને લીધે તેઓ કારમાં જ બેભાન જેવી હાલતમાં પડ્યા હતા. અહીંથી પસાર થઈ રહેલી એક મહિલાએ આ બન્નેને કારમાં જોતા બૂમાબૂમ કરી મૂકી હતી અને આસપાસના લોકો તેમ જ બાળકોનો પરિવાર આવી ચડ્યો હતો.

ગમે તેમ કારમાંથી બાળકોને કાઢી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરની ટીમે તેમને મૃત જાહેર કર્યા હતા. મળતી માહિતી અનુસાર બાળકો પિતરાઈ ભાઈ હોવાનું જાણવા મળ્યું છે. પરિવારના બે ભૂલકા આ રીતે મોતને ભેટતા સમગ્ર માહોલ શોકમય બની ગયો હતો. પોલીસે ઘટનાસ્થળની તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સુરતમાં માતાએ 4 મહિનાના પુત્રને એસિડ પીવડાવી પોતે પણ ગટગટાવ્યું, બંનેના મોત

## બાળકના જન્મ બાદ માનસિક સ્થિતિ બગડી જતાં મહિલાએ આપઘાતનું પગલું ભર્યું

**સુરત**

સુરતના સરથાણાના યોગીચોક પાસે આવેલી એક સોસાયટીમાં રહેતી 29 વર્ષીય પરિણીતાએ પોતાના 4 મહિનાના માસૂમ દીકરાને એસિડ પીવડાવી, બાદમાં પોતે પણ એસિડ પી લેતા માતા-પુત્ર બંનેના મોત નીપજ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર, બાળકના જન્મ (ડિલિવરી) બાદ માનસિક સ્થિતિ બગડતા મહિલાએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે.

મૂળ અમરેલી જિલ્લાના ધારીના વતની અને હાલ સરથાણા યોગીચોક સ્થિત એવન હાઇટ્સમાં રહેતી 29 વર્ષીય ધારાના લગ્ન આશરે દોઢ વર્ષ પહેલાં જ થયા હતા. ધારા છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી અને તેની તબીબી દવાઓ પણ ચાલી રહી હતી. બાળકના જન્મ બાદ તેની માનસિક સ્થિતિ બગડી ગઈ હતી. તેની સતત લથડતી તબિયતને કારણે પરિવાર પણ ભારે ચિંતામાં હતો. માનસિક તણાવ એટલો હદ સુધી વધી ગયો હતો કે છેલ્લા બે-ત્રણ દિવસથી ધારાએ જમવાનું પણ છોડી દીધું હતું અને તે ભારે ડિપ્રેશનમાં સરી પડી હતી. સાંજના સમયે ધારા પોતાના 4 મહિનાના માસૂમ દીકરાને એસિડ પીવડાવી દીધું અને ત્યારબાદ પોતે પણ એસિડ ગટગટાવી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ બંનેને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ માસૂમ બાળક અને માતા બંનેએ દમ તોડી દીધો હતો.

# વાપીમાં દગાબાજ મિત્રએ જ મિત્રની પત્ની સાથે દુષ્કર્મ આચર્યું, આરોપીની ધપકડ કરાઈ

## મહિલાની આબરૂ જતાં લોકોએ આરોપી સામે પર ફિટકાર વરસાવ્યો, ગુનો નોંધાયો

**વાપી**

વાપીના ડુંગરા વિસ્તારમાં આવેલી એક ચાલીમાં એક પરપ્રાંતીય પરિવાર રહે છે. આ પરિવારના યુવક સાથે તેનો મિત્ર મનિષ (ઉંમર વર્ષ 39 - નામ બદલ્યું છે.) પણ રહેતો હતો. યુવકે માનવતા અને મિત્રતાના નાતે આ મિત્રને પોતાના ઘરમાં આશરો આપ્યો હતો. ગત તારીખ 31 મે 2026ના રોજ યુવક નજીકમાં આવેલી એક દુકાને કોઈ સામાન લેવા માટે ગયો હતો. તે સમયે રૂમમાં તેની પત્ની કામિની (નામ બદલ્યું



છે) હાજર હતી. આ તકનો લાભ ઉઠાવી કામવાસનામાં અંધ બનેલા મનિષે રૂમનો દરવાજો બંધ કરી કામિની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. કામિની તરત જ રૂમની બહાર નીકળી પતિ પાસે પહોંચી હતી અને પોતાની સાથે બનેલી આપવીતી જણાવી હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના રહીશો એકત્રિત થઈ ગયા હતા. જે મિત્રને ઘરમાં આશરો આપ્યો, તેણે જ પત્નીની આબરૂ લૂંટતા લોકોએ તેના પર ફિટકાર વરસાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. ડુંગરા પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે આરોપી મનિષ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે આ ઘટનાએ વાપી પંથકમાં ચકચાર મચાવી છે.

# ગણદેવીમાં દ. આફ્રિકાથી પરત ફરેલા પિતાએ સગીર પુત્રી પર દુષ્કર્મ આચર્યું

**નવસારી**

ગણદેવી તાલુકામાં દક્ષિણ આફ્રિકાથી પરત ફરેલા એક પિતાએ પોતાની જ 14 વર્ષની સગીર પુત્રી પર વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ થઈ છે.

પીડિતાની માતાના જણાવ્યા મુજબ, તેમના પતિ વર્ષ 2019માં દક્ષિણ આફ્રિકા ગયા હતા અને વર્ષ 2024માં પરત આવ્યા બાદ સતત સગીર દીકરી સાથે છેડતી કરતા હતા. ગત મે મહિનાની 9, 10 અને 11 તારીખે જ્યારે માતા નોકરી પર ગઈ હતી ત્યારે આરોપીએ ઘરમાં એકલી રહેલી દીકરીની મરજી વિરુદ્ધ સતત ત્રણ દિવસ સુધી દુષ્કર્મ આચર્યું હતું. ઘટનાને છુપાવવા માટે તેણે દીકરીને ગર્ભનિરોધક ગોળીઓ પણ આપી હતી તેમજ કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ડરના કારણે દીકરી લાંબા સમય સુધી મૌન રહી હતી, પરંતુ ગત 30મી તારીખે તેણે માતાને સમગ્ર હકીકત જણાવી હતી. ત્યારબાદ માતાએ તાત્કાલિક ગણદેવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ અને પોક્સોની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ગુનો નોંધાયા બાદ ભાગી છૂટેલા આરોપીને પોલીસે ઝડપથી શોધી કાઢી ધરપકડ કરી હતી.

# સુરતમાં DRIનું મોટું ઓપરેશન: ડમી ગ્રાહક બનીને રૂપિયા 1 કરોડમાં દીપડાનું ચામડું વેચતા બે શખ્સોને રંગે હાથ ઝડપ્યા

## વોટ્સએપ પર જાહેરાત ભારે પડી, હોટલ અલંકારમાં ગોઠવાયું છટકું, તસ્કરીનો પણ પર્દાફાશ થયો

**સુરત**

સુરતનાં ઝાંપાબજાર વિસ્તારમાંથી દીપડાની ચામડા સાથે બે વ્યક્તિઓ ઝડપાયા હતા. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) દ્વારા સુરતના ઝાંપાબજાર વિસ્તારમાં રહેતા અબ્બાસ સબ્બીર બદરી અને હુસેન હુનેદ મોઈની ને શહેરની એક હોટલમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમની દીપડાનું ચામડું મળી આવ્યું હતું.

આરોપીએ, બદ્રી અબ્બાસ નામના એક વ્યક્તિએ વોટ્સએપ ગ્રુપમાં દીપડાના અસલી ચામડાના ફોટા મૂકીને તેને વેચવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત ડીઆરઆઈની ટીમની નજરમાં આવતાં અધિકારીઓએ ગ્રાહક બનીને બદ્રીનો સંપર્ક કર્યો હતો. કોઈને શંકા ન જાય તે રીતે વાતચીત કરીને છેવટે દીપડાના ચામડાની કિંમત 1 કરોડ નક્કી કરવામાં આવી હતી. સોદો પૂરો કરવા માટે બદ્રીએ સુરત સ્ટેશન રોડ પર આવેલી હોટલ અલંકાર પસંદ કરવામાં આવી હતી. તે હોટલના રૂમ નંબર 203 માં એક ટ્રોલી બેગમાં દીપડાનું ચામડું છુપાવીને પહોંચ્યો હતો. બદ્રી જેને ગ્રાહક સમજી રહ્યો હતો તે વાસ્તવમાં DRI ના અધિકારીઓ જ હતા. બદ્રી જેવો રૂમમાં આવ્યો અને સોદો કરવા ગયો, ત્યારે જ અધિકારીઓએ દરોડો પાડીને તેને રંગેહાથ પકડી લીધો. તેની બેગમાંથી દીપડાનું ગેરકાયદેસર ચામડું જપ્ત કરવામાં આવ્યું હતું.

વન વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દીપડાનું ચામડું જોતા બે મહિનાની અંદર દીપડાનો શિકાર કરવામાં આવ્યો હોઈ શકે છે. ઉપરાંત ચામડાની સપાટી પર ગોળી વાગ્યાના નિશાન પણ મળી આવ્યા હતા. આ ઉપરાંત જે રીતે ચામડાનું કટિંગ કરવામાં આવ્યું છે તે જોતાં પ્રોફેશનલ વ્યક્તિ જ આ કરી શકે તેવું લાગી રહ્યું છે.

# વલસાડના રાહુલ જાખરે એશિયન યુ-20 ડેકાથલોનમાં ગોલ્ડ જીતી ઈતિહાસ રચ્યો

**વાપી**

વલસાડ જિલ્લાના ચરવાડા ગામના 18 વર્ષીય રાહુલ જાખરે હોંગકોંગ (ચીન) ખાતે યોજાયેલી 22મી એશિયન યુ-20 (અન્ડર 20) એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ડેકાથલોન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતી ઈતિહાસ રચ્યો છે. રાહુલે દસ ઈવેન્ટની આ કઠિન સ્પર્ધામાં કુલ 7,185 પોઈન્ટ મેળવી ખિતાબ પોતાના નામે કર્યો અને સાથે જ અંડર-20 વર્ગમાં ભારતનો નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો. આ સિદ્ધિ માત્ર રાહુલ માટે જ નહીં પરંતુ ભારતીય એથ્લેટિક્સ માટે પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ પ્રદર્શન સાથે રાહુલ એશિયાનાં શ્રેષ્ઠ યુ-20 ડેકાથલિટ બન્યા છે અને વૈશ્વિક ક્રમમાં પણ ટોચના આઠ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું છે.

# દિવ્યાંગ વેપારીને માર મારીને સેટલમેન્ટ કરવાના પ્રયાસમાં PSI સોનલ સસ્પેન્ડ

## યુવકને 7 કલાકથી વધુ સમય પોલીસ સ્ટેશનમાં બેસાડ્યો હતો

**અમદાવાદ**

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં એક મહિલા PSI સોનલ રાઠોડે દિવ્યાંગ વેપારીને ઢોર માર માર્યો હોવાનો ગંભીર આક્ષેપો લાગ્યા હતા. સમગ્ર ઘટના બાદ મહિલા PSI પોતે પીડિત પ્રજ્ઞાચક્ષુ વેપારીના ઘરે પહોંચી સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હોવાના દ્રશ્યો ઘણાં જ વાયરલ થયો હતો. સમાધાન કરવા પીડિતના ઘરે પહોંચેલા PSI મેડમ મીડિયાને જોઈને ભાગતા દેખાયા હતા. આ કેસમાં PSI સોનલ રાઠોડને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મહિલા PSI સોનલ રાઠોડ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

અમદાવાદમાં થોડા દિવસથી ઘણા ચર્ચાસ્પદ કેસ એટલે કે, પીએસઆઈ સોનલ રાઠોડે દિવ્યાંગ વેપારીને માર્યા બાદ તેની સાથે સેટલમેન્ટ કરવાનો વીડિયો વાયરલ થયો હતો. આ કેસમાં એસપીએ વેપારીને માર મારવા બદલ પીએસઆઈ સોનલ રાઠોડને સસ્પેન્ડ કર્યા છે. મહિલા PSI સોનલ રાઠોડની સામે ફરિયાદી ગોપાલ ભાઈએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ઉલ્લેખનીય છે કે, પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈ દરજીએ એક દિવસ પહેલા તેમના ગલ્લે એક બાળકે પેકેટ તોડી રહ્યો હોવાની આશંકા રાખીને ટપલી મારી હોવાથી તેમને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે 7 કલાકથી વધુ સમય બેસાડી રાખવામાં આવ્યા હતા. આ પછી પોલીસ સ્ટેશનમાં જ આ અરજી અંગે સમાધાન કરવા બાળકની માતા પોલીસ સ્ટેશન આવી રહી હોવાનું કહીને રાહ જોવડાવવામાં આવી હતી. ઘટનાના દિવસે કલાકો વિત્યા બાદ ચાંગોદરમાં ફરજ બજાવતી મહિલા PSI સોનલ રાઠોડે સાંજે આવીને કહ્યુ કે, 'ક્યાં છે મારા છોકરાને મારનાર', અને પ્રજ્ઞાચક્ષુને લાતો, લાફા અને લાકડીના ફટકા માર્યા હતા. જોકે વિવાદ થતાં સોનલ રાઠોડ ઢીલી પડી ગઈ હતી.

# અમદાવાદમાં જળકાંડ દૂષિત પાણીને લીધે 1000થી વધુ બીમાર

**અમદાવાદ**

અમદાવાદ શહેરના ઘાટલોડિયા વિધાનસભા હેઠળ આવતા નવનિયુક્ત મેયરના વોર્ડ થલતેજ અને ગોતામાં પીવાના દૂષિત પાણીથી રોગચાળો ફેલાયો છે. બહાર આવતી ફરિયાદો અનુસાર ગોતા વોર્ડના આકાંક્ષા ફ્લેટમાં 700થી વધુ લોકો ચારેક દિવસમાં બીમાર પડ્યા હોવાનો આક્ષેપ સ્થાનિક રહીશોએ કર્યો છે. જ્યારે વંદે માતરમ્ ફ્લેટના 100થી વધુ લોકો બીમારીમાં સપડાયા છે. જ્યારે આવી રીતે જ થલતેજ વોર્ડના નવરત્ન એવન્યુ એપાર્ટમેન્ટમાં 200 જેટલા અને વિનાયક બંગલોઝમાં 50થી વધુ લોકો ઝાડા-ઉલટી સહિતની બીમારીનો ભોગ બન્યા છે. રોગચાળો બેકાબૂ બનતા લોકોનો આક્રોશ સામે આવ્યો હતો. જેના પગલે મેયર સહિતના પદાધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા. જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અને ઈજનેર વિભાગની ટીમો પણ આવી પહોંચી હતી. પીવાના દૂષિત પાણીનો પ્રશ્ન ઉકેલવા માટે તાત્કાલિક અસરથી કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

# વસ્તી ગણતરી કરવા ગયેલી શિક્ષિકાનો સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો

## પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા થઇ હોવાની આશંકાએ તપાસ

**અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાંથી કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. કેલિયા વાસણા અને શેખડી ગામની વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલના પાળા પરથી એક શિક્ષિકાનો અર્ધ નગ્ન સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ જ આ મામલો ઘાતકી હત્યાનો હોવાનું જણાઈ આવતા સ્થાનિક લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. હત્યારો અજાણ્યો ઈસમ મહિલાની ક્રૂરતાપૂર્વક હત્યા કરી, પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને સળગાવીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, મૃતક મહિલાની ઓળખ રીનાબેન બળદેવભાઈ ઝાલા તરીકે થઈ છે. તેઓ મૂળ બદરખા ગામના વતની હતા અને હાલ ધોળકાના બાલાજી સ્ક્વેર, કલીકુંડ ખાતે પરિવાર સાથે રહેતા હતા. રીનાબેન ચલોડા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા અને ગત રોજ તેઓ કેલિયા વાસણા ગામમાં સરકારી વસ્તી ગણતરીની કામગીરી માટે આવ્યા હતા. વસ્તી ગણતરીની ફરજ પર ગયેલા શિક્ષિકા મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત બનેલા પરિવારે ધોળકા રૂરલ પોલીસ સ્ટેશનમાં તેમની ગુમ અંગેની ફરિયાદ પણ નોંધાવી હતી.

આ ભયાનક ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે નર્મદા કેનાલની નજીક આવેલા ખેતરમાં રહેતા એક સ્થાનિક ખેડૂત ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમની નજર કેનાલના પાળા પર પડેલા અર્ધ નગ્ન સળગેલા મૃતદેહ પર પડતા જ તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તેમણે તાત્કાલિક ધોળકા રૂરલ પોલીસને આ અંગે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા ધોળકા પોલીસનો ઉચ્ચ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મુંદ્રામાં 119 કિલો કોકેઈન જેવા પેકેટમાંથી એરટેગ-GPS મળ્યા

## ટાન્ઝાનિયન ક્રૂ મેમ્બરે બ્રાઝિલથી સ્મગલિંગ કર્યાની કબૂલાત, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની હાજરીમાં સર્ચ દરમિયાન ખુલાસો

**મુન્દ્રા**

ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) ને મુંદ્રા કોસ્ટ નજીકથી ગત મહિને ઝડપાયેલા આશરે 119 કિલોગ્રામ (118.977 kg) કોકેઈનના હાઈ-પ્રોફાઈલ કેસની તપાસમાં મોટી સફળતા મળી છે. ઈન્વેસ્ટિગેટર્સને ડ્રગ્સના કન્સાઈનમેન્ટની અંદરથી અત્યંત આધુનિક ઈલેક્ટ્રોનિક ટ્રેકિંગ ડિવાઈસ મળી આવ્યા છે. આ પુરાવા દર્શાવે છે કે એક અત્યંત સંગઠિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટ દ્વારા આ કરોડોના ડ્રગ્સના મુવમેન્ટ પર રિમોટલી નજર રાખવામાં આવી રહી હતી.

NDPS એક્ટ હેઠળ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની હાજરીમાં જ્યારે ડ્રગ્સના સેમ્પલિંગ અને જપ્તીની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે તપાસકર્તાઓને કોકેઈનની બ્રિક (ચોસલા) આકારના પેકેટોની અંદરથી 4 એપ્પલ એરટેગ્સ અને 2 જીપીએસ ટ્રેકિંગ ડિવાઈસ મળી આવ્યા હતા. તપાસ એજન્સીઓનું માનવું છે કે આ ટ્રેકિંગ ડિવાઈસ ડ્રગ્સ સપ્લાય કરનારા હેન્ડલર્સ દ્વારા વાપરવામાં આવતા હતા, જેથી ડ્રગ્સ ક્યા લોકેશન પરથી રવાના થયું અને ક્યા રૂટ દ્વારા ભારત સુધી પહોંચ્યું તેની ચોક્કસ ડિજિટલ માહિતી મળી શકે. આ ડિવાઈસ દ્વારા ડ્રગ નેટવર્કના સમગ્ર સપ્લાય ચેઈન અને તેમાં સામેલ લોકોના સગડ મેળવવામાં મોટી મદદ મળશે.

આ સમગ્ર મામલો 26 મે ના રોજ સામે આવ્યો હતો, જ્યારે ગુજરાત ATS અને ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મુંદ્રા નજીક અરબી સમુદ્રમાં તરતી 5 બેગમાંથી 118.977 કિલોગ્રામ કોકેઈન જપ્ત કર્યું હતું. ATS ને ગુપ્ત માહિતી મળી હતી કે 'Europe' નામના કાર્ગો જહાજ પર સવાર બે ક્રૂ મેમ્બર્સ આશરે 150 કિલોગ્રામ કોકેઈન છુપાવીને લાવ્યા છે, અને તેઓ ગુજરાતના દરિયા કિનારે એક લોકલ ફિશિંગ બોટ (માછીમારીની બોટ) માં આ જથ્થો ટ્રાન્સફર કરવાના હતા. આ ડ્રગ્સ અંતે દિલ્હી સ્થિત બે વિદેશી નાગરિકો સુધી પહોંચાડવાનું આયોજન હતું. સર્વેલન્સ દરમિયાન જ્યારે કોસ્ટ ગાર્ડના જવાનો જહાજ તરફ આગળ વધ્યા, ત્યારે પકડાઈ જવાના ડરે શંકાસ્પદોએ ડ્રગ્સ ભરેલી બેગ દરિયામાં ફેંકી દીધી હતી, જેને ટીમે સફળતાપૂર્વક રિકવર કરી લીધી હતી.

જહાજ પર સવાર ક્રૂ મેમ્બર્સની પૂછપરછ દરમિયાન, ટાન્ઝાનિયાના નાગરિક જુમા નાસિર ઓમારે કબૂલાત કરી હતી કે, તે નવેમ્બર 2025 માં અન્ય ક્રૂ મેમ્બર્સની જાણ બહાર આ કોકેઈન બ્રાઝિલથી છુપાવીને લાવ્યો હતો, અને તેને શિપના મોટર રૂમમાં સંતાડ્યું હતું. તે આંતરરાષ્ટ્રીય હેન્ડલર્સના ઈશારે આ કામ કરી રહ્યો હતો.

# ખાંભામાં જમીન વિવાદમાં ભાઇએ જ કુહાડી મારી ભાઈની હત્યા કરી

## કુલ 6 શખ્સો સામે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો

**અમરેલી**

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના કંટાળા ગામે રહેતા રાઘવ સોંદરવા નામના આધેડની તેમના જ મોટાભાઈ અને અન્ય શખસો દ્વારા હત્યા કરવામાં આવી હતી. માતાની જીવાઈની જમીનને લઈને બંને ભાઈઓ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ બાબતે ફરી તકરાર થતાં મામલો બિચક્યો હતો. ઉશ્કેરાયેલા મોટાભાઈ અને અન્ય શખસોએ રાઘવ સોંદરવા પર લાકડી અને કુહાડી જેવા ધારદાર હથિયારો વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાના કારણે આધેડ રાઘવ સોંદરવાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યાની આ ઘટના બાદ ગામમાં અરેરાટી સાથે તણાવનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ખાંભા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ અર્થે ખાંભા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. આ મામલે ખાંભા પોલીસે કાર્યવાહી કરતા કુલ 6 શખ્સ સામે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઊડતાં સૌરાષ્ટ્ર : એક વર્ષમાં રૂ. 45 કરોડથી વધુના દારૂ-ગાંજો સહિત કેફી દ્રવ્યો ઝડપાયાં

## જૂનાગઢની લઠ્ઠાકાંડ જેવી ઘટનાએ ફરીવાર 'દારૂબંધી'ની ધજ્જીયા ઊડાવી દીધી

**રાજકોટ**

સૌરાષ્ટ્રમાં એક વર્ષમાં રૂ. 45.58 કરોડના કેફી દ્રવ્યો પકડાયા હોવાનું ખુદ રાજ્ય સરકારે તાજેતરમાં જ વિધાનસભામાં કબુલ્યું હતું. જૂનાગઢમાં ગઈકાલે જ કેફી પ્રવાહી પીધાં પછી 2 લોકોના મોત થયા અને ચારને સારવારમાં ખસેડાયા, જેમાં દારૂના ધંધાર્થીએ જ કબુલ્યું કે, 'અમે કોઈ ભેળસેળ કરતા નથી, શંકા હોય તો લેબોરેટરીમાં પરિક્ષણ કરાવી લો..' જે પોલીસ અને સરકારની દારૂબંધી



નીતિની પોલ ખોલે છે. ખાખી અને ખાદીની મિલિભગત વગર નશાનો કાળો કારોબાર ચલાવવો અશક્ય છે. જ્યારે બુટલેગરો આટલા આત્મવિશ્વાસથી પ્રતિબંધિત દારૂ વેચવાનો દાવો કરતા હોય, ત્યારે સમજી શકાય કે સિસ્ટમ કઈ હદે સડી ચૂકી છે. ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે પણ નશીલા પદાર્થો અને વિદેશી દારૂનો કાળો કારોબાર કઈ હદે પગપેસારો કરી ચૂક્યો છે, તેનો જીવંત પુરાવો વર્ષ 2025 દરમિયાન સૌરાષ્ટ્રમાં પકડાયેલા નશીલા દ્રવ્યો, વિદેશી દારૂ અને હેરાફેરીમાં વપરાયેલા વાહનોની સંખ્યા છે.

# સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ કરનારને 20 વર્ષની સખત કેદ

## 10 હજારનો દંડ અને પીડિત યુવતીને 4 લાખનું વળતર ચૂકવવા કોર્ટનો આદેશ

**જામનગર**

જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે સગીર યુવતીનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચરનાર સુરેશ ઉર્ફે સરીયો મગનભાઈ વાઘેલાને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કેસ મુજબ, આરોપી શાળાએ જતી સગીરાનો પીછો કરતો હતો અને બાદમાં મિત્રતા તથા લગ્નની લાલચ આપી તેનો વિશ્વાસ જીત્યો હતો.

સગીરા કારખાનામાં કામે જવા લાગી ત્યારથી આરોપી સતત સંપર્કમાં રહ્યો અને ફોન દ્વારા પ્રેમજાળમાં ફસાવી વિવિધ સ્થળોએ ફરવા લઈ જતો હતો. 6 જૂન, 2024ના રોજ આરોપી સગીરાને ખંભાળિયા લઈ ગયો હતો, જ્યાં ત્રણ દિવસ સુધી તેની ઈચ્છા વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ તેને લાલપુર ખાતે પોતાના ભાઈના ઘરે લઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ નોંધાતા આરોપી સગીરાને દિગ્જામ સર્કલ નજીક મૂકી ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ અંગે જામનગર સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અપહરણ, બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

કેસ દરમિયાન 13 સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે પોક્સો કલમ-6 હેઠળ 20 વર્ષની સખત કેદ, રૂ.10 હજાર દંડ તથા ભોગ બનનાર યુવતીને રૂ.4 લાખ વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

# કચ્છમાં ફોર્મ પાછા ખેંચનારા 19 કોંગ્રેસમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ

**ભુજ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટાંકણે જ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે કોંગ્રેસે આકરા તેવર અપનાવી શિસ્તભંગના આકરાં પગલાં ભર્યા છે. વર્ષ ૨૦૨૬ની તાલુકા, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓમાં પક્ષ દ્વારા મેન્ડેટ આપવા છતાં લોભ, લાલચ કે કોઈના દબાણ હેઠળ આવીને પોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેનારા ૧૯ ઉમેદવારોને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની સૂચના અન્વયે કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે. હુંબલે આ તમામને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. અંજાર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ પાછા ખેંચી પક્ષને કટોકટીમાં મૂકનારા વિવિધ વોર્ડના ૯ ઉમેદવારો સામે પણ શિસ્તભંગના પગલાં લેવાયા હતા. તેજલબેન ચૌહાણ અને ભાવનાબેન ગઢવી, વોર્ડ નંબર ૩માંથી સંગીતાબેન મોરન મહેશ્વરી અને કલ્પનાબેન પંડિયા, સુનીલ સોરઠીયા અને વિપુલ કનટીપા, વોર્ડ નંબર ૨માંથી પ્રવિણાબેન પ્રવિણભાઈ ટાંક અને લીલાધર ટાંક તેમજ હર્ષાબેન પ્રજાપતિને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

# કચ્છ પ્રસિદ્ધનું 'લુના ક્રેટર' ઉલ્કાપાતથી નહીં, પરંતુ હડપ્પીયન સંસ્કૃતિનું મોટું ઔદ્યોગિક કેન્દ્ર હોવાનો પીઆરએલનો દાવો

## તાજેતરના વૈજ્ઞાનિક સંશોધનમાં વર્ષો જૂની ઉલ્કાપાત થિયરીને પડકાર, તાંબુ ઓગાળવાના પુરાવા મળ્યા

**ભુજ**

ભૌગોલિક અને ઐતિહાસિક વિશેષતાઓથી સમૃદ્ધ રણપ્રદેશ કચ્છ પ્રદેશના પ્રસિદ્ધ યાત્રાધામ હાજીપીર નજીક આવેલા લુણા ગામનું રહસ્યમય 'લુના ક્રેટર' એટલે કે ઉલ્કા તળાવ અત્યાર સુધી ઉલ્કાપાતને કારણે સર્જાયેલું હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ તાજેતરના એક વૈજ્ઞાનિક સંશોધને આ વર્ષો જૂના દાવાને સંપૂર્ણપણે પડકાર્યો છે. અમદાવાદ સ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને અન્ય અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓના સંશોધન અનુસાર, આશરે ૧.૮



કિલોમીટરના વ્યાસમાં ફેલાયેલો આ વિશાળ ખાડો કોઈ અવકાશી ઘટનાનું પરિણામ નથી, પરંતુ હડપ્પીયન કાળની સિંધુ ખીણની સભ્યતા દરમિયાન મોટા પાયે તાંબુ (કોપર) ઓગાળવાની પ્રક્રિયાને કારણે અસ્તિત્વમાં આવેલું એક મોટું ઔદ્યોગિક કેન્દ્ર હોવાના ચોંકાવનારા સંકેતો મળ્યા છે.

ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૨૪માં અમેરિકી અંતરિક્ષ સંસ્થા 'નાસા' દ્વારા લેન્ડસેટ-૮ સેટેલાઈટની તસવીરને 'ઈમેજ ઓફ ધ ડે' તરીકે સ્થાન આપીને આ સ્થળને ઉલ્કાપાત એટલે કે,મેટિયોરાઈટ ઈમ્પેક્ટથી બનેલું હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. તે સમયે જમીનમાંથી મળી આવેલા અસામાન્ય ખનિજો અને 'ઈરિડિયમ' નામના દુર્લભ તત્વના ઊંચા પ્રમાણને કારણે તેને અવકાશી ઘટના સાથે જોડવામાં આવ્યો હતો.

# ભચાઉમાં 2.50 કરોડનું મીઠું સગેવગે કરનાર કંપનીના જ ૧૫ કર્મચારીઓ સામે ગુનો

**ભુજ**

પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના ચોપડવા અને ચીરઈ વિસ્તારમાં કાર્યરત જાણીતી સોલ્ટ કંપનીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હોવાનો એક મોટો પર્દાફાશ થયો હતો. કંપનીના જ કેટલાક ડમ્પર ચાલકો, સુપરવાઈઝરો અને બહારના તત્વોએ મિલીભગત રચીને છેલ્લા છ મહિનામાં કંપનીનું આશરે ૨૦,૦૦૦ મેટ્રિક ટન જેટલું નમક સ્ટોક યાર્ડમાં ખાલી કરવાને બદલે બારોબાર ખાનગી ખેતરોમાં ઠાલવી વેચી માર્યું હતું. રૂા. ૨,૫૦,૦૦,૦૦૦ (અઢી કરોડ)ના આ ચકચારી કૌભાંડ અંગે ભચાઉ પોલીસ મથકે ૧૫ શખ્સો વિરૂદ્ધ વિધિવત ગુનો નોંધી વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી હતી.



## કાલા હિરન ફિલ્મના સર્જકોને સલમાને નોટિસ ફટકારી

મુંબઇ : સલમાન ખાને ‘કાલા હિરન: ધ બેટલ ઓફ લેગસી’ નામની ફિલ્મના સર્જકોને કાનૂની નોટિસ ફટકારી દીધી છે. બીજી તરફ આ ફિલ્મના નિર્માતા અમિત જાનીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં એવો દાવો કર્યો છે કે તેમની ફિલ્મ સાથે સંકળાયેલા લોકોને સલમાનની ટીમ તરફથી ધાકધમકી અપાઈ રહી છે અને દબાણ કરવામાં આવી રહ્યું છે. નોટિસમાં જણાવાયું છે કે આ ફિલ્મ સલમાન સામે ચાલી રહેલા કાનૂની કેસને નુકસાન પહોંચાડી શકે તેમ છે અને આ ફિલ્મથી સલમાનના પર્સનાલિટી રાઈટ્સનો ભંગ થવાની પણ સંભાવના છે.

સ્વદેશ





## સામંથા સાથે બેવફાઈ કરી હોવાની પોસ્ટ સામે નાગા ચૈતન્ય કોર્ટમાં



મુંબઈ: સાઉથના સ્ટાર નાગા ચૈતન્યએ તેની ભૂતપૂર્વ પત્ની સામંથી રુથ પ્રભુ સાથે બેવફાઈ કરી હતી અને તેની કેરિયરને પણ નુકસાન પહોંચાડયું હતું એવી પોસ્ટસ વાયરલ કરવામાં આવતાં નાગા ચૈતન્યએ આ ઓનલાઈન કન્ટેન્ટ ડામવા માટે દિલ્હી હાઈકોર્ટમાં ધા નાખી હતી. હાઈકોર્ટે તેને વચગાળાની રાહત આપી છે. નાગા ચૈતન્યએ પોતાના પર્સનાલિટી રાઈટ્સનાં રક્ષણ, તેનાં નામ તથા તસવીરોનો મંજૂરી વિના ધંધાદારી ઉપયોગ તથા વ્યક્તિગત બદનામી કરતી એઆઈ જનરેટેડ પોસ્ટ મુદ્દે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જસ્ટીસ જ્યોતિ સિંઘ સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન નાગા ચૈતન્યના વકીલે જણાવ્યું હતું કે તેની અંગત જિંદગી વિશે તદ્દન ખોટી તથા બદનક્ષી કરતી કેટલીય પોસ્ટસ સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવી રહી છે.

## ‘ડોન 3’ વિવાદ: રણવીર સિંહ પર લગાવેલા પ્રતિબંધનો આદેશ રદ



બોલિવૂડ એક્ટર રણવીર સિંહ અને ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ વચ્ચે ચાલી રહેલા વિવાદમાં મોટો વળાંક આવ્યો છે. બુધવારે, FWICEએ સત્તાવાર રીતે રણવીર સિંહ વિરુદ્ધનો ‘નોન-કોઓપરેશન’ (સહકાર ન આપવાનો) નિર્દેશ તાત્કાલિક અસરથી પાછો ખેંચી લીધો છે. આ નિર્ણય અભિનેતા દ્વારા સંસ્થાને લીગલ નોટિસ મોકલ્યા પછી લેવામાં આવ્યો છે. આ આદેશ પાછો ખેંચવાનો નિર્ણય ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન, પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ્સ એસોસિએશનની દરમિયાનગીરી બાદ લેવામાં આવ્યો છે. FWICEના પ્રમુખ બી.એન. તિવારીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, અમને કહેવામાં આવ્યું છે કે આપણે બધાએ સાથે મળીને પ્રોડ્યુસર્સ બોડી સાથે વાતચીત કરવી જોઈએ અને એવો યોગ્ય નિર્ણય લેવો જોઈએ જેમાં પ્રોડ્યુસર્સ, ડિરેક્ટર્સ કે એક્ટર કોઈને પણ મુશ્કેલી ન પડે.

# અદિતિ રાવ હૈદરી : પ્રેમ ગ્લેમર અને તમાશામાં નહિ પરસ્પર આદરમાં છે



સિદ્ધાર્થ વિશે વાત કરતા અદિતિ તેને એક પતિ ઉપરાંત એક અભૂતપૂર્વ માનવી તરીકે વર્ણવે છે. અદિતિ ભારપૂર્વક જણાવે છે કે આ લાગણી તેમના અંગત સંબંધથી પ્રેરાઈને નથી વ્યક્ત કરતી પણ સિદ્ધાર્થ ખરેખર એક ઉમદા વ્યક્તિ છે. અદિતિ માને છે કે તેમના લગ્નનો સૌથી મજબૂત આધાર એ હકીકત છે કે બંને જણા ભાવનાત્મક તાલમેલ તેમજ જીવનમાં સમાન પ્રાથમિકતા ધરાવે છે. અદિતિના મતે તેમની દુનિયા પ્રેમની આસપાસ ભ્રમણ કરે છે અને તેમનું સહિયારુ ભાવનાત્મક કેન્દ્ર એકમેકને સમજવાની તેમજ એકબીજાનો આધાર બનવાની તક આપે છે.

અદિતિએ ભારપૂર્વક જણાવ્યું કે ભલે પ્રેમ જરૂરી હોય, પણ એક અર્થસભર સંબંધ ટકાવી રાખવા માટે આદર અને પ્રેરણા પણ એટલા જ મહત્વના છે. અદિતિ સ્વીકારે છે કે તે એવા વાતાવરણમાં વધુ સ્વસ્થતા અનુભવે છે જેમાં ભાવનાત્મક હૂંફ સાથે વિકાસ અને પડકારની તકો હોય. તેનો અને સિદ્ધાર્થનો વ્યવસાય સમાન હોવાથી તેમના સંબંધમાં નવું સ્તર ઉમેરાયું છે. અદિતિ સિદ્ધાર્થના અનુભવ અને કલાત્મક સફરની કદર કરતા કહે છે કે સિદ્ધાર્થ એક કલાકાર તેમજ એક વ્યક્તિ તરીકે તેને કાયમ પ્રેરિત કરતો રહે છે.

**અદિતિ કબૂલ કરે છે કે તે અને સિદ્ધાર્થ બિલાડીઓના ફુલટાઈમ કેરટેકર બની ગયા છે. આ રમતિયાળ નિવેદન તેમના દૈનિક જીવનમાં સમાવિષ્ટ ઉષ્મા અને હાસ્યની ઝાંખી કરાવે છે**

અદિતિ માટે પોતાના પાર્ટનરની કદર એક સ્વસ્થ અને સંતુલિત સંબંધ ઘડે છે. તે માને છે કે એકબીજાના વ્યક્તિત્વ, પ્રતિભા અને અભિગમનો આદર કરવાથી પ્રેમ વધુ શાશ્વત બને છે. લગ્નને માત્ર એક જડ બોન્ડ તરીકે જોવાની બદલે અદિતિ તેને એવો અવકાશ બનાવવા ઈચ્છે છે જેમાં બે વ્યક્તિ સતત એકબીજાને બહેતર બનવાની પ્રેરણા આપતા રહે. લાગણી અને પ્રેરણાનું આ સંતુલન અદિતિના મતે ખરી બાબત છે.

પોતાના વ્યસ્ત વ્યાવસાયિક જીવન છતાં કપલની સૌથી આનંદદાયક પળો ગૃહજીવનની સાદગીમાં સમાયેલી હોય છે. અદિતિ હાસ્ય સાથે જણાવે છે કે તેમના ઘર પર તેમની બંને બિલાડીઓ ઈગ્ગી અને ઓલીનું રાજ ચાલે છે. અદિતિ કબૂલ કરે છે કે તે અને સિદ્ધાર્થ આ બિલાડીઓના ફુલટાઈમ કેરટેકર બની ગયા છે. આ રમતિયાળ નિવેદન તેમના દૈનિક જીવનમાં સમાવિષ્ટ ઉષ્મા અને હાસ્યની ઝાંખી કરાવે છે.

તેમનો પ્રાણીપ્રેમ તેમના સહિયારા વિશ્વનો મહત્વનો હિસ્સો બની ગયો છે. અનેક કપલો માટે પાળેલા પ્રાણીઓ હૂંફ આપતા, સાથ આપતા અને દૈનિક જીવનમાં ખુશાલી આપતા ભાવનાત્મક આધાર બની ગયા હોય છે. અદિતિ અને સિદ્ધાર્થ માટે ઈગ્ગી અને ઓલી પાળેલા પ્રાણી કરતા વધુ છે, તે એવા પારિવારીક સભ્યો બની ગયા છે જે તેમના ઘરને લાગણી અને જીવંતતાથી ભરી દે છે. બિલાડી પ્રત્યે કપલની સમર્પિતતા તેમની દેખભાળ કરવાની તેમજ સંભાળ લેવાની ભાવના છતી કરે છે જે ગુણો તેમના સંબંધનો મૂળભૂત પાયો છે. અનેક રીતે અદિતિ રાવ હૈદરીના મંતવ્યો આધુનિક પ્રેમની તાજગીભરી છબી રજૂ કરે છે, જે તમાશાના સ્થાને ભાવનાત્મક આત્મીયતાને વધુ મહત્વ આપે છે. તેના શબ્દોમાં કરૂણા, આદર, પ્રેરણા અને સંબંધમાં સહિયારા મૂલ્યો ઉજાગર થાય છે. પૂર્ણતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની બદલે તે સમજદારી અને પારસ્પરિક કદર પર રચાયેલા સહેવાસને મહત્વ આપે છે. જે યુગમાં સેલિબ્રિટી સંબંધો ઘણીવાર ગ્લેમર અને જાહેર ચકાસણીની નજરે જોવામાં આવે છે ત્યારે અદિતિનો અભિગમ મૌલિક અને સુસંગત લાગે છે.




# શિલ્પા શિંદેનો ખુલાસો : “મેં ‘ભાભીજી ઘર પર હૈ’ના પ્રોડ્યુસર પર સેક્સ્યુઅલ હેરેસમેન્ટનો જૂઠો આરોપ લગાવ્યો હતો...”

ટેલિવિઝન ઇન્ડસ્ટ્રીની લોકપ્રિય અભિનેત્રી અને ‘ભાભીજી ઘર પર હૈ’ ફેમ શિલ્પા શિંદેએ એક એવો ચોંકાવનારો ખુલાસો કર્યો છે, જેનાથી સમગ્ર મનોરંજન જગતમાં ખળભળાટ મચી ગયો છે. ભારતી સિંહ અને હર્ષ લિમ્બાચીયાના પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન શિલ્પાએ સ્વીકાર્યું છે કે વર્ષો પહેલાં તેણે પોતાના શોના પ્રોડ્યુસર પર જાતીય સતામણીનો જે આરોપ લગાવ્યો હતો, તે તદ્દન જૂઠો હતો. તેણે મજબૂરીમાં આ પગલું ભરવું પડ્યું હતું કારણ કે તેની પાસે બચવાનો કોઈ રસ્તો નહોતો. શોમાં ‘અંગૂરી ભાભી’ના પાત્રથી ઘર-ઘરમાં જાણીતી બનેલી શિલ્પા શિંદેએ 1 વર્ષની અંદર જ આ શો છોડી દીધો હતો અને પ્રોડ્યુસર્સ સાથેનો તેનો વિવાદ જાહેરમાં આવ્યો હતો. તે દિવસોને યાદ કરતાં શિલ્પાએ જણાવ્યું કે, “પ્રોડ્યુસર્સ મારા પર એક એક્સક્લુઝિવ કોન્ટ્રાક્ટ સાઇન કરવાનું દબાણ કરી રહ્ય હતા, જેથી હું અન્ય ક્યાંય કામ ન કરી શકું અને ફી વધારાની માગ પણ ન કરી શકું. મેં ના પાડી તો મને ડરાવવા માટે મીડિયામાં એવી અફવાઓ ફેલાવવામાં આવી કે મને શોમાંથી કાઢી મૂકવામાં આવી છે. પ્રોડ્યુસર્સે મને ધમકી આપી હતી કે અમે તને ઇન્ડસ્ટ્રીમાં ક્યાંય કામ નહીં કરવા દઈએ, તું ઘરે બેસી રહેજે. આ મોટા પ્રોડ્યુસર્સને હું ‘વ્હાઇટ કોલર માફિયા’ કહું છું.” ચારેય તરફથી ઘેરાઈ ગયા બાદ લીધેલા કઠોર નિર્ણય વિશે વાત કરતા શિલ્પાએ જણાવ્યું કે, “1 વર્ષ સુધી મને આ સ્તર પર પરેશાન કરવામાં આવી કે મારી પાસે કોઈ રસ્તો જ બચ્યો નહોતો. આ વાત સ્વીકારવી ખૂબ મોટી છે, પણ મેં જે સેક્સ્યુઅલ હેરેસમેન્ટનો કેસ કર્યો હતો તે માત્ર તેમાંથી બહાર નીકળવા માટે કર્યો હતો. કેસ થયા બાદ પ્રોડ્યુસર્સ દબાણમાં આવ્યા અને અમારી વચ્ચે સેટલમેન્ટ થયું.”








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
**www.swadesh.news**
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
**info@swadesh.news**


### દુનિયામાં રોજ થતાં મૃત્યુમાં દર ત્રણમાંથી એક કેસ હાર્ટ એટેકનો હોય છે

# GENE થેરાપી : બેડ કોલેસ્ટ્રોલ રોકવા ક્રાંતિકારી પગલું

દુનિયાભરમાં થતા કુલ મૃત્યુમાં દર ત્રીજો કેસ હાર્ટ એટેક અથવા હૃદયરોગનો હોય છે, જેમાં ધમનીઓમાં જમા થતું ‘બેડ કોલેસ્ટ્રોલ’ (LDL) સૌથી મોટો વિલન સાબિત થાય છે. અત્યાર સુધી દર્દીઓએ આજીવન દવાઓ કે મોંઘા ઈન્જેક્શન પર નિર્ભર રહેવું પડતું હતું, જે આ સમસ્યાનો કાયમી ઉકેલ નહોતો. પરંતુ હવે તબીબી વિજ્ઞાને એક એવી અભૂતપૂર્વ સફળતા મેળવી છે જે હૃદયરોગની સારવારમાં ‘ગેમ-ચેન્જર’ સાબિત થશે.

માનવ શરીરમાં જેટલી કોશિકાઓ હોય છે તેમાં ડીએનએ હોય છે. જેન થેરાપી તેની સાથે જ સંકળાયેલી છે. જેન આ ડીએનએનો એક ભાગ છે. આ જેનજ નક્કી કરે છે કે, શરીરમાં કેવું પ્રોટિન બનશે અને કેટલા પ્રમાણમાં બનશે. જેન દ્વારા જ નક્કી થાય છે કે, આપણા વાળ કાળા હશે કે નહીં, આંખોનો રંગ કેવો હશે, શરીરમાં કેવી બિમારી આવશે અને તેની સામે અંદરની સિસ્ટમ કેવી રીતે લડાઈ કરશે. આ બધું જ જેન દ્વારા જ થતું હોય છે.

માણસના શરીરમાં રહેલા જેનમાંથી અડધા જેન પિતા તરફથી અને અડધા માતા તરફથી મળતા હોય છે. તેના કારણે બાળકોની શારીરિક બનાવટ, આદતો, ચહેરો, આંખો વગેરે માતા-પિતા સાથે મળતા આવે છે. આ જેન જ શરીરમાં કોલેસ્ટ્રોલ બનાવવા માટે પણ જવાબદાર છે. થેરાપી દ્વારા તેને હટાવી શકાય છે. લોહીમાં એવા ઘણા જેન હોય છે જે બેડ કોલેસ્ટ્રોલને વધારવાનું કામ કરે છે. તેને PCSK ૯ અને ANGPTL ૩ તરીકે ઓળખવામાં આવે છે.

આ બંને જેનને જો શરીરમાંથી હટાવી દેવામાં આવે તો આખી જિંદગી દવા વગર પણ કોલેસ્ટ્રોલને કાબુ કરી શકાય છે. તેના માટે CRISPR-Cas૯ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. આ જેનને એડિટ કરવાનું એક કારણ એવું છે કે, તે ડીએનએમાં રહેલા ખોટા જીનને શોધીને તેને ખતમ કરે છે અને રિપ્લેસ પણ કરે છે. જેન એડિટિંગ થતાં જ લોહીમાંથી કોલેસ્ટ્રોલ ઘટવાનું શરૂ થઈ જાય છે.

સંશોધકોએ કહે છે કે, માણસોના લોહીમાં જે જેન PCSK૯ છે, તેના કારણે કોલેસ્ટ્રોલ વધે છે. આ એક એવું પ્રોટિન છે, જે એવી કોશિકાઓને અસર કરે છે. જે લોહીમાંથી કોલેસ્ટ્રોલ દૂર કરવાનું કામ કરતી હોય છે. હવે જ્યારે જેન PCSK૯ને બદલવામાં આવે ત્યારે એલડીએલ રિસેપ્ટરની ગતિવિધિ વધે છે અને લોહીમાંથી કોલેસ્ટ્રોલ દૂર થવાની પ્રક્રિયા ઝડપી શરૂ થઈ જાય છે. આ ઉપરાંત બીજો જેન ANGPTL૩ છે. આ જેન પણ એક પ્રોટિનનું નિર્માણ કરે છે, જે મેટાબોલિઝમ ખરાબ કરે છે. તેને સારું થતા અટકાવે છે. જ્યારે કોઈપણ દર્દીમાં આ બંને જેન બંધ કરી દેવામાં આવે ત્યારે બેડ કોલેસ્ટ્રોલ ઘટવા લાગે છે અને આજીવન તેને સમસ્યા થતી નથી. સંશોધકોએ નોંધ્યું છે કે, માટે CRISPR-Cas૯ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સચોટ રીતે જેન એડિટિંગ કરીને ધાર્યું પરિણામ મેળવી શકાય છે. આ સાથે જ બેડ કોલેસ્ટ્રોલમાંથી છુટકારો મળી શકે છે.



**ઓફબીટ**
**ધવલ શુક્લ**

દુનિયાભરમાં દરરોજ થતાં માનવ મોત પાછળના કારણો જાણવા થયેલા સરવેમાં જણાયું છે કે, દુનિયામાં રોજ થતાં મૃત્યુમાં દર ત્રણ કેસમાંથી એક કેસમાં હાર્ટ એટેક અથવા તો હૃદયરોગનો હોય છે. તેમાંય બેડ કોલેસ્ટ્રોલ સૌથી મોટી ભૂમિકા ભજવે છે. વર્લ્ડ હેલ્થ ફેડરેશનના મતે દુનિયાભરમાં હાર્ટ એટેકથી થતા મોતમાં મોટાભાગે કારણ બેડ કોલેસ્ટ્રોલ જ હોય છે. અત્યાર સુધી એવું થતું હતું કે, દવાઓ અને ઈન્જેક્શન દ્વારા આ બેડ કોલેસ્ટ્રોલને કાબુ કરી શકાતું હતું. પરંતુ તેનો કાયમી ઉકેલ આવતો ન હતો.

જો કે, તાજેતરમાં થયેલા અભ્યાસથી સમસ્યાનો કાયમી ઉકેલ પણ લગભગ શક્ય થઈ ચુક્યો છે. સંશોધકોએ જણાવ્યું કે, જેન એડિટિંગ અથવા તો જેન થેરાપી દ્વારા બેડ કોલેસ્ટ્રોલનો કાયમી ઉકેલ લાવી શકાય તેમ છે. તેના કારણે લોકોમાં ડોક્ટરોમાં નવી આશાનો જન્મ થયો છે. જો દર્દીને જેન એડિટિંગ કરીને થેરાપી આપવામાં આવે તો આજીવન બેડ કોલેસ્ટ્રોલ સામે રક્ષણ મળે છે અને તેને કાયમી ધોરણે કાબુ કરી શકાય છે. સંશોધકોના મતે તેના માટે PCSK૯ અને ANGPTL૩ જેન બદલવા પડશે. આ માટે બે અલગ અલગ અમેરિકી કંપનીઓ અભ્યાસ કરી રહી છે. ઉપરાંત CRISPR નામની કંપની ANGPTL૩ જેન ઉપર પરીક્ષણ કરાયું છે. તેના પરિણામોમાં નોંધવામાં આવ્યું છે કે, જેન એડિટિંગ દ્વારા ૬૯થી ૮૯ ટકા બેડ કોલેસ્ટ્રોલને કાબુ કરી શકાય છે. દર્દીઓમાં કોલેસ્ટ્રોલ ઘટાડવામાં ધાર્યા કરતા બમણા પરિણામ મળ્યા છે

સંશોધકોએ પહેલો માનવ પ્રયોગ નવેમ્બર ૨૦૨૩માં કર્યો હતો. તેમાં સૌથી વધારે કોલેસ્ટ્રોલ ધરાવતા દર્દીને આ દવાનો એક ડોઝ આપીને જેન થેરાપી કરાઈ હતી. જે દર્દીઓમાં બેડ કોલેસ્ટ્રોલનું સ્તર વધારે હતું, તેમાં ઘટાડો થવા લાગ્યો હતો. ત્યારબાદ VERVE-102ની ઉપર પ્રયોગ કરાયો હતો. તેમાં બેડ કોલેસ્ટ્રોલનું પ્રમાણ ૬૯ ટકા જેટલું ઓછું થયું હતુ. ત્યારબાદ અમેરિકી કંપની CRISPR થેરાપેટિક્સે ANGPTL૩ને કાપીને તેનું પરીક્ષણ કર્યું હતું. નવેમ્બર ૨૦૨૫માં તેનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ૧૫ દર્દીઓ ઉપર કરવામાં આવેલા આ પ્રયોગમાં CRISPR-Cas૯ ટેક્નોલોજી લિવરમાં જઈને પોતાનું કામ શરૂ કરી દે છે. તેના પગલે CRISPR-Cas૯ જીન એડિટિંગ થેરાપીએ દર્દીના શરીરમાંથી બેડ કોલેસ્ટ્રોલ દૂર કરવાનું કામ કરી લીધું હતું.

કંપનીનો દાવો છે કે, તેમને ૮૯ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. સંશોધકોએ માન્યું કે, સામાન્ય રીતે ૩૦ થી ૪૦ ટકા સુધારો જોવા મળે તો પ્રયોગ સફળ ગણાય છે. પણ અહીંયા ધાર્યા કરતા બમણા પરિણામો મળ્યા હતા. આમિકેનિઝમને લિપિટ નોનોપાર્ટિકલ્સ થકી શરીરમાં ઈન્જેક્ટ કરાય છે. જેન એડિટિંગ માટે પણ કંપનીઓ દ્વારા બાયોટેક્નોલોજીનો સચોટ ઉપયોગ કરાયો છે. સૌથી પહેલાં દર્દીની અંદર આ CRISPR-Cas૯ ટેક્નોલોજી અથવા તો મિકેનિઝમને નાખવાનું હોય છે. તેઓ લિપિડ નેનોપાર્ટિકલ્સ થકી આ મિકેનિઝમને દર્દીના શરીરમાં અંદર ઉતારે છે. વ્યક્તિના લોહીની અંદર ફરતા ફેટના અત્યંત નાના કણોને લિપિડ નેનો પાર્ટિકલ્સ કહેવાય છે. દર્દીને એક વખત ઈન્જેક્ટેબલ ટ્રિટમેન્ટ થકી નસોમાં દવાઓ અપવામાં આવે છે. જે લોહી અને નેનોપાર્ટિકલ્સ સાથે જોડાઈની સીધી જ લિવર સુધી પહોંચી જાય છે. આ એવી જગ્યા છે જ્યાં એલડીએલનું સૌથી વધારે ઉત્પાદન થાય છે અને તેના ઉપર કન્ટ્રોલ પણ રાખવામાં આવે છે. CRISPR-Cas૯ ટેક્નોલોજી લિવરમાં જઈને પોતાનું કામ શરૂ કરી દે છે. આ ટેક્નોલોજી લિવરમાં રહેલા બંને જેન PCSK૯ અને ANGPTL૩ને કાપી નાખે છે. તેથી ડીએનએમાંથી આ બંને જેનના હિસ્સા કપાઈ જવાની સાથે જ હાનિકારક પ્રોટિન બનવાનું અટકી જાય છે. પરિણામે તેના ઉપર કાબુ આવતાની સાથે જ લોહીમાંથી બેડ કોલેસ્ટ્રોલ ઘટવા લાગે છે. જો કે આ પ્રયોગો અત્યારે સફળ રહ્યા છે, પરંતુ આ વૈશ્વિક બજારમાં સામાન્ય દર્દીઓ સુધી પહોંચતા હજુ થોડો સમય લાગશે. શરૂઆતમાં આ થેરાપી ઘણી ખર્ચાળ હોઈ શકે છે, પરંતુ ભવિષ્યમાં તે હૃદયરોગથી થતા કરોડો મોતોને રોકવામાં ગેમ-ચેન્જર સાબિત થશે. આ ટેક્નોલોજી આગામી સમયમાં કરોડો લોકોને આજીવન દવાઓમાંથી મુક્તિ આપી હાર્ટ એટેકના જોખમથી કાયમી રક્ષણ આપશે તેવી નવી આશા જન્મી છે.

**નસોમાં અપાતી દવા લોહી અને નેનોપાર્ટિકલ્સ સાથે જોડાઈની સીધી જ લિવર સુધી પહોંચી જતા એલડીએલનું ઉત્પાદન નિયંત્રણ આવે છે. આ ટેક્નોલોજીમાં લિવરમાં રહેલા બંને જેન કપાઈ જતા હોવાથી હાનિકારક પ્રોટિન બનવાનું અટકી જાય છે**

# વેપાર-ધંધામાં બરકત-આર્થિક ઉન્નતિ માટેના સરળ ઉપાયો

વર્તમાન સમયમાં સ્પર્ધા એટલી વધી ગઈ છે કે સખત મહેનત કરવા છતાં પણ ઘણીવાર વેપારમાં જોઈએ તેવી સફળતા મળતી નથી. ક્યારેક ગ્રાહકોની અછત રહે છે, તો ક્યારેક ઉઘરાણી ફસાઈ જાય છે. `લાલ કિતાબ' તેના સરળ અને સચોટ ઉપાયો માટે જાણીતી છે.

વર્તમાન સમયમાં સ્પર્ધા એટલી વધી ગઈ છે કે સખત મહેનત કરવા છતાં પણ ઘણીવાર વેપારમાં જોઈએ તેવી સફળતા મળતી નથી. ક્યારેક ગ્રાહકોની અછત રહે છે, તો ક્યારેક ઉઘરાણી ફસાઈ જાય છે. `લાલ કિતાબ' તેના સરળ અને સચોટ ઉપાયો માટે જાણીતી છે. તેમાં જણાવેલ ઉપાયો ગ્રહોની નકારાત્મક અસરોને દૂર કરી ભાગ્યોદય કરવામાં મદદરૂપ થાય છે. જો તમે પણ તમારા વેપાર કે ધંધામાં લાંબા સમયથી મંદીનો સામનો કરી રહ્યા હોવ અથવા બરકત ઈચ્છતા હોવ, તો લાલ કિતાબના નીચે મુજબના ઉપાયો અત્યંત ફળદાયી સાબિત થઈ શકે છે.

## વેપારમાં વૃદ્ધિ માટે કૂતરાની સેવા

લાલ કિતાબમાં કેતુ ગ્રહ વેપાર અને ગતિશીલતાનો કારક મનાય છે. જો તમારા વ્યવસાયમાં સ્થિરતા આવી ગઈ હોય, તો દરરોજ કાળા અને સફેદ રંગનાં કૂતરાંને રોટલી ખવડાવવી જોઈએ. જો બેરંગી કૂતરો મળે તો વધુ ઉત્તમ છે. ઉપાયથી અટકેલાં કાર્યો ગતિ પકડે છે અને વ્યવસાયમાં આવતી અણધારી આફતો દૂર થાય છે.

## ગ્રાહકોના આગમન માટે શુક્રનો ઉપાય

ગ્રાહક એ લક્ષ્મીનું સ્વરૂપ છે અને શુક્ર ગ્રહ વૈભવ અને લક્ષ્મીનો સ્વામી છે. તમારા કાર્યસ્થળ કે દુકાનના ઉંબરાને દરરોજ સાફ રાખો. દર શુક્રવારે સફેદ રંગની મીઠાઈ (જેમ કે બરફી) કન્યાઓને વહેંચો. આ ઉપરાંત ઓફિસમાં અત્તર અથવા સુગંધિત ધૂપનો પ્રયોગ કરવાથી સકારાત્મક ઊર્જા વધે છે અને ગ્રાહકો આકર્ષાય છે.




**જ્યારે મુશ્કેલીઓ અસહ્ય બની જાય ત્યારે પૌરાણિક ઉપાયો માનસિક બળ-માર્ગદર્શન પૂરું પાડે છે. લાલ કિતાબના ઉપાયો માત્ર આર્થિક લાભ નહીં, કાર્યસ્થળ પર શાંતિ-સમૃદ્ધિ પણ લાવે છે**

## ઉઘરાણી માટે `સૂર્ય'ની આરાધના

ઘણીવાર માલ વેચાઈ જાય છે, પણ પૈસા પાછા આવતા નથી. જો તમારી ઉઘરાણી ફસાઈ ગઈ હોય, તો તાંબાના લોટામાં જળ ભરી તેમાં લાલ મરચાનાં 11 બીજ નાખી સૂર્યદેવને અર્ધ્ય આપો. સૂર્યદેવને જળ અર્પણ કરતી વખતે તમારાં અટકેલાં નાણાં પાછાં મળે તેવી પ્રાર્થના કરો. લાલ કિતાબ મુજબ સૂર્ય પ્રબળ થવાથી માન-સન્માન અને રોકાયેલું ધન પરત મળે છે.

## બરકત માટેનો ઉપાય

શનિવારે સાંજે એક સોપારી અને એક પાનનું પત્તું લો. તેના પર થોડું કેસર લગાવો અને તેને લાલ કપડામાં બાંધી વેપારના સ્થળે અથવા તિજોરીમાં સ્થાપિત કરો. બીજા શનિવારે આ સામગ્રીને પવિત્ર નદીમાં પ્રવાહિત કરી દો અને નવી સામગ્રી મૂકો. આ ઉપાય સતત સાત શનિવાર કરવાથી વેપારમાં ચોક્કસપણે બરકત જોવા મળે છે.

## નકારાત્મક ઊર્જા દૂર કરવા

ઘણીવાર ધંધાને કોઈની નજર લાગી જતી હોય છે. લાલ કિતાબ સૂચવે છે કે દર શનિવારે દુકાન કે ઓફિસના ખૂણામાં એક કાચના વાસણમાં આખું દરિયાઈ મીઠું ભરીને રાખવું જોઈએ. આ મીઠું વાતાવરણમાં રહેલી નકારાત્મકતાને શોષી લે છે. દર અઠવાડિયે આ મીઠું બદલી નાખવું અને જૂનું મીઠું વહેતા પાણીમાં પધરાવવું.

## ધન આગમન માટે

ગુરુ ગ્રહ ધનનો કારક છે. વેપારમાં આર્થિક તંગી દૂર કરવા માટે ગુરુવારે ગાયને પલાળેલી ચણાની દાળ અને ગોળ ખવડાવવો જોઈએ. આ ઉપરાંત તમારા વ્યવસાયના સ્થળે ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીની સંયુક્ત તસવીર લગાવો અને તેની નિયમિત પૂજા કરો.

## વિશેષ નુસખા

**નજર ઉતારવી :** જો તમને લાગે કે દુકાનની આવક અચાનક ઘટી ગઈ છે, તો શનિવારે એક લીંબુ અને સાત મરચાં મુખ્ય દ્વાર પર બાંધો. મંગળવારે તેને બદલી નાખો.

**કાળી અડદનો પ્રયોગ :** રવિવારે રાત્રે સૂતી વખતે તમારા માથા પાસે એક ગ્લાસ દૂધ રાખો અને સોમવારે સવારે તે દૂધ બાવળના ઝાડના મૂળમાં રેડી દો. આનાથી વ્યવસાયિક અવરોધો દૂર થાય છે.

**કિન્નરોની દુવા :** જો ક્યારેય કોઈ કિન્નર તમારી દુકાને આવે, તો તેને યથાશક્તિ દાન આપો અને જો તે ખુશ થઈને તમને એક સિક્કો પાછો આપે, તો તે સિક્કાને લાલ કપડામાં વીંટાળીને તિજોરીમાં રાખી દો. આ કાયમી બરકતનો અચૂક રસ્તો છે.

વ્યવસાયમાં ઉતાર-ચઢાવ એ કુદરતી પ્રક્રિયા છે, પરંતુ જ્યારે મુશ્કેલીઓ અસહ્ય બની જાય ત્યારે આ પૌરાણિક ઉપાયો માનસિક બળ અને માર્ગદર્શન પૂરું પાડે છે. લાલ કિતાબના આ ઉપાયો માત્ર આર્થિક લાભ જ નહીં, પરંતુ કાર્યસ્થળ પર શાંતિ અને સમૃદ્ધિ પણ લાવે છે. સખત પરિશ્રમની સાથે જો ગ્રહોની અનુકૂળતા મેળવવામાં આવે, તો સફળતાનાં શિખરો સર કરવાં સરળ બની જાય છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# ટોરોન્ટો BAPS મંદિરની મુલાકાત લેતા મંત્રી પીયૂષ ગોયલ

## મંત્રીએ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે પવિત્ર અભિષેક વિધિમાં ભાગ લીધો; મંદિરના શાંત વાતાવરણ, સ્થાપત્ય કલા અને જટિલ નકશીકામની પ્રશંસા કરી

**ટોરોન્ટો**

ભારતના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ ૨૬ મે, ૨૦૨૬ના રોજ કેનેડાના ટોરોન્ટો સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયક, ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલ જનરલ મહાવીર સિંઘવી અને અન્ય પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પીયૂષ ગોયલનું પરંપરાગત રીતે સ્વાગત ટોરોન્ટોના BAPS સ્વામિનારાયણ મંદિરના મુખ્ય સ્વામી પૂજ્ય ગુણસાગરદાસ સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે તેમની સાથે આવેલા મહેમાનોનું BAPSના સ્વયંસેવકો અને સમુદાયના અગ્રણીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ પ્રતિનિધિમંડળે મંદિર પરિસરની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓએ તેની જટિલ નકશીકામ અને કારીગરી, પરંપરાગત હિન્દુ સ્થાપત્ય કલા તેમજ શાંત આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કર્યો હતો.







મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળે પવિત્ર અભિષેક વિધિમાં ભાગ લીધો હતો અને શ્રી નીલકંઠ વર્ણીની મૂર્તિ સમક્ષ પ્રાર્થના કરી મંદિરના વિવિધ ગર્ભગૃહોના દર્શન કર્યા હતા. પીયૂષ ગોયલે સમુદાયના નેતાઓ, સ્વયંસેવકો અને ભક્તો સાથે પણ વાતચીત કરી હતી અને સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક મૂલ્યોના જતન પ્રત્યેની તેમની સેવા, સમર્પણ અને પ્રતિબદ્ધતાની ભાવનાને બિરદાવી હતી.

પોતાની આ મુલાકાત અંગે પ્રતિક્રિયા આપતાં પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે, "આ મંદિર આધ્યાત્મિકતા, સંવાદિતા, સેવા અને સહિયારા મૂલ્યોના પ્રતીક તરીકે ઊભું છે અને ભારત-કેનેડા સંબંધોને મજબૂત બનાવતા ઊંડા સાંસ્કૃતિક અને પરસ્પરના લોકસંબંધોને પ્રતિબિંબિત કરે છે." તેમણે કેનેડામાં ઈન્ડો-કેનેડિયન સમુદાયને એકતાના સૂત્રે બાંધવામાં તેમજ ભારતીય સંસ્કૃતિ અને વારસાને જીવંત રાખવામાં મંદિરની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી.

# વૈશ્વિક શાંતિનું પ્રતીક બન્યું અબુ ધાબીનું BAPS મંદિર

**અબુ ધાબી**

BAPS હિન્દુ મંદિર, અબુ ધાબીને ત્રીજી 'ઈન્ટરનેશનલ ડાયલોગ ઓફ સિવિલાઈઝેશન્સ એન્ડ ટોલરન્સ કોન્ફરન્સ' (IDCT 2026) માં પ્રતિષ્ઠિત 'ટોલરન્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યું છે. આ એવોર્ડ વૈશ્વિક સહિષ્ણુતા, પારસ્પરિક આદર અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપતી વ્યક્તિઓ અને સંસ્થાઓને આપવામાં આવે છે. પરિષદની સાયન્ટિફિક કમિટીએ મંદિરના આંતરરાષ્ટ્રીય યોગદાન અને પ્રભાવને ધ્યાનમાં રાખીને તેની પસંદગી કરી હતી.

'ફેસ્ટિવલ ઓફ હાર્મોની', 'ઓમસિય્યત' અને કોવિડ-19 સહિતના સંકટકાળ દરમિયાન હાથ ધરાયેલા 'કેર ઈન ક્રાઈસિસ' જેવા સેવા કાર્યોને પણ આ એવોર્ડ દ્વારા માન્યતા મળી છે. મંદિર આજે વિવિધ પૃષ્ઠભૂમિ, સંસ્કૃતિ અને ધર્મના લોકો માટે એક એવું કેન્દ્ર બની ગયું છે, જ્યાં સૌને સ્વાગત અને સન્માનનો અનુભવ થાય છે. આ કોન્ફરન્સનું આયોજન એમિરેટ્સ સ્કોલર સેન્ટર ફોર રિસર્ચ એન્ડ સ્ટડીઝ (ESCRS) અને અબ્રાહમિક ફેમિલી હાઉસ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં એમિરેટ્સ જર્નાલિસ્ટ્સ એસોસિએશન, ધ ચર્ચ ઓફ જિસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેઈન્ટ્સ અને અબુ ધાબી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન બ્યૂરોનો સહયોગ રહ્યો હતો. યુએઈએ વર્ષ 2026ને 'યર ઓફ ધ ફેમિલી' તરીકે જાહેર કર્યું છે.નવા માધ્યમો અને AIનો પરિવાર અને સમાજ પર પ્રભાવ' વિષય પર કેન્દ્રિત આ પરિષદમાં વિશ્વભરના સરકારી અધિકારીઓ, શિક્ષણવિદો, ધાર્મિક આગેવાનો, મીડિયા પ્રતિનિધિઓ અને નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

# કેનેડામાં ચીનની ઈલેક્ટ્રિક કારોની એન્ટ્રી : નવી ટેરિફ નીતિ હેઠળ ૨,૯૦૦થી વધુની આયાત

## ઓટ્ટાવા અને બેઇજિંગ વચ્ચેના 'ટેરિફ-ક્વોટા' સોદા બાદ ચીની વાહનોનો પ્રથમ જથ્થો કેનેડા પહોંચ્યો; સ્થાનિક ઓટો ઉદ્યોગે સાયબર જોખમ અને નુકસાનની આશંકા વ્યક્ત કરી

**ઓન્ટેરિયો**

મે મહિના દરમિયાન ૨,૯૦૦થી વધુ ચીનમાં બનેલા ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનો કેનેડામાં આવ્યા છે. ગ્લોબલ અફેર્સ કેનેડાના ડેટા સૂચવે છે કે, જાન્યુઆરીમાં વડાપ્રધાન માર્ક કાર્નેના ચીન પ્રવાસ દરમિયાન ઘટાડેલા ટેરિફ દર હેઠળ હજારો વાહનોને મંજૂરી આપવા સંમત થયા પછી, મે મહિનામાં ચીનથી EV આયાતનો આ પ્રથમ મહિનો હતો. મે મહિનામાં ૨,૯૧૦ કાર આવી છે અને હજુ વધુ આવવાની છે, કાર્નેએ ગયા અઠવાડિયે ન્યૂ યોર્કના ઈકોનોમિક ક્લબમાં કહ્યું હતું કે, "એવું લાગે છે કે" મોટાભાગના મોડેલો ચીનમાં બનેલા ટેસ્લાના હશે.

ઓટ્ટાવાએ બેઈજિંગ દ્વારા કેનેડિયન કેનોલા (રાયડો) પર કેટલીક ડ્યુટી ઘટાડવાના બદલામાં EV પર ચીન સાથે ટેરિફ-ક્વોટા સોદો કર્યો હતો. કેનેડાએ ૨૦૨૪માં ચાઈનીઝ ઈલેક્ટ્રિક વાહનો પર ૧૦૦ ટકા ટેરિફ લાદ્યો હતો, પરંતુ હવે ૬.૧ ટકા ટેરિફ પર વાર્ષિક ૪૯,૦૦૦ ચાઈનીઝ EVને કેનેડામાં પ્રવેશવાની મંજૂરી આપે છે.

ઈરાનમાં યુદ્ધને કારણે ફેડરલ EV રિબેટ અને ગેસના ઊંચા ભાવ પરત આવવા સાથે ઈલેક્ટ્રિક મોબિલિટી કેનેડા કહે છે કે, વધુ ડ્રાઈવરો હવે ઈલેક્ટ્રિક વાહન ખરીદવાનું વિચારી રહ્યા છે. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપતા લોબી જૂથ ઈલેક્ટ્રિક મોબિલિટી કેનેડાના પ્રમુખ અને સીઈઓ ડેનિયલ બ્રેટને જણાવ્યું હતું કે, "એ સ્પષ્ટ છે કે સ્પર્ધાની અસર થવા લાગી છે, જે ગ્રાહકો માટે સારી બાબત છે." તેઓ અપેક્ષા રાખે છે કે કેનેડામાં વધુ ચીની બનાવટની EV આવવાથી કિંમતો પર દબાણ આવશે. બીજી તરફ, કેનેડાના ત્રણ મોટા ઓટોમેકર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ EVsના પ્રવેશથી સ્થાનિ ઓટો ઉદ્યોગ નબળો પડી રહ્યો છે અને કેનેડિયનો માટે સાયબર જોખમ વધી ગયું છે. કેનેડિયન વ્હીકલ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ અને સીઈઓ બ્રાયન કિંગ્સ્ટને જણાવ્યું હતું કે, "ચીન એવા ઘણા નિયમો-આધારિત વેપાર અને રોકાણ સિદ્ધાંતોનું પાલન કરતું નથી, જે ઓટો ઉદ્યોગ અને કેનેડિયન અર્થતંત્રની સફળતા માટે મૂળભૂત રહ્યા છે.

# ડગ ફોર્ડ સરકાર વસંત સત્ર વહેલું સમેટી ૨૧ અઠવાડિયાના લાંબા વિરામ ઉપર

## મ્યુનિસિપલ ચૂંટણીનું બહાનું ધરીને જવાબદારીમાંથી સરકાર ભાગી રહી હોવાનો વિપક્ષનો આક્ષેપ

**ટોરોન્ટો**

કેનેડાની ઓન્ટેરિયો પ્રાંતીય સરકારે તેનું વસંત સત્ર નિર્ધારિત સમય કરતાં બે દિવસ વહેલું સમાપ્ત કરીને ૨૧ અઠવાડિયાના લાંબા વેકેશન પર ઉતરી જવાનો નિર્ણય લેતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. પ્રીમિયર ડગ ફોર્ડની સરકાર હવે આગામી ૨૭ ઓક્ટોબર સુધી ક્વીન્સ પાર્ક (વિધાનસભા) માં પરત નહીં ફરે. સરકારના આ આકસ્મિક કદમની વિપક્ષે આકરી આલોચના કરી છે.

ગવર્નમેન્ટ હાઉસ લીડર સ્ટીવ ક્લાર્કે આ લાંબા વિરામનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, આ પાનખરમાં યોજાનારી સ્થાનિક મેયરની મ્યુનિસિપલ ચૂંટણીઓમાં સરકાર પક્ષની કોઈ દખલગીરી ન દેખાય તે માટે આ નિર્ણય લેવાયો છે. તેમણે ઉમેર્યું કે, આ સમયગાળા દરમિયાન તમામ સભ્યો (MPPs)પોતાના મતવિસ્તારની કામગીરી, સમિતિઓની સુનાવણી અને બે મોટી વિધાન પરિષદોમાં અત્યંત વ્યસ્ત રહેશે.

બીજી તરફ, વિપક્ષે સરકારના આ તર્કને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. ઓન્ટેરિયો લિબરલ પાર્ટીના વચગાળાના નેતા જોન ફ્રેઝરે આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, "મ્યુનિસિપલ ચૂંટણીઓ સાથે આ વિરામને કોઈ લેવાદેવા નથી. પ્રીમિયર ડગ ફોર્ડ જનતાના સવાલોની ગરમી સહન કરી શકતા નથી અને જવાબદારીથી બચવા માટે જ તેઓ ગૃહ છોડીને ભાગી રહ્યા છે." વિપક્ષે એવો પણ આરોપ લગાવ્યો છે કે ફોર્ડ ગૃહમાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન અવારનવાર ગેરહાજર રહીને લોકશાહીના સવાલોની અવગણના કરી રહ્યા છે.

ગૃહની બેઠકોની સરખામણી કરીએ તો, હાઉસ ઓફ કોમન્સ હજુ પણ ૫૫ દિવસથી કાર્યરત છે અને આગામી ત્રણ અઠવાડિયા સુધી ચાલુ રહેવાનું છે, જ્યારે ઓન્ટેરિયો વિધાનસભાનું સત્ર ૨૦૨૬ના માર્ચના અંત સુધી મુલતવી રખાયું છે. જો કે, નાણામંત્રી પીટર બેહટલેનફાલ્વીએ સરકારનો પક્ષ રાખતા જણાવ્યું હતું કે તેમની સરકારે ૨૦૧૯થી અત્યાર સુધીમાં $૧૨ બિલિયનનો મોટો કર ઘટાડો કર્યો છે અને વિપક્ષ માત્ર રેકોર્ડબ્રેક $૨૪૪ બિલિયનના જનહિત બજેટનો વિરોધ કરવા ખાતર વિરોધ કરી રહ્યો છે. હાલમાં વિપક્ષ સરકારના આ લાંબા વેકેશનને જવાબદારીમાંથી પલાયન થવાનું બહાનું ગણાવી રહ્યો છે.

# ક્યુબેક સરકારનું કરોડોનું ભંડોળ અટકી જતાં 'ફ્લાઈંગ વ્હેલ' એરશીપ પ્રોજેક્ટ અધ્ધરતાલ

## 300 નોકરીઓ પર જોખમ : સરકારે આર્થિક લાભ સીમિત ગણાવી હાથ ખેંચ્યા

**ક્યુબેક**

કેનેડાના ક્યુબેક પ્રાંતના પૂર્વીય ટાઉનશીપ્સમાં આયોજિત મહત્વાકાંક્ષી કાર્ગો એરશીપ એસેમ્બલી સેન્ટરનું ભવિષ્ય ભારે અનિશ્ચિતતાના વમળમાં ફસાયું છે. પ્રાંતીય સરકારે આ પ્રોજેક્ટ માટેના ભંડોળ પર અચાનક રોક લગાવી દેતાં સમગ્ર સ્કીમ ખોરંભે પડી ગઈ છે. ગયા વર્ષે, ફ્રેન્ચ સ્ટાર્ટ-અપ કંપની 'ફ્લાઈંગ વ્હેલ્સ'દ્વારા શેરબ્રુક શહેર અને કુકશાયર-ઈટન એરપોર્ટના મેદાનમાં ૫૦ હેક્ટર જમીન ઉપર એરશીપ્સના એસેમ્બલિંગ, ટેસ્ટિંગ અને લોન્ચિંગ માટે એક મોટો પ્લાન્ટ સ્થાપવા સૈદ્ધાંતિક કરાર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ ખાસ કરીને વિન્ડ ટર્બાઈન બ્લેડ, ટ્રાન્સમિશન ટાવર અને ભારે ઔદ્યોગિક સાધનો જેવા વિશાળ કાર્ગોના વહન માટે આકાશમાં 'ફ્લાઈંગ ક્રેન'તરીકે કામ કરે તેવા એરશીપ બનાવવા માટે ડિઝાઈન કરાયો હતો. ક્યુબેક સરકારે આમાં અગાઉથી જ $૭૫ મિલિયનનું મોટું રોકાણ કર્યું હતું, જેનાથી સ્થાનિક સ્તરે ૩૦૦ નોકરીઓનું સર્જન થવાની આશા હતી. જો કે, ક્યુબેકના અર્થતંત્ર પ્રધાન બર્નાર્ડ ડ્રેનવિલે સ્પષ્ટ કર્યું છે કે, પ્રાંત ભંડોળના વર્તમાન રાઉન્ડમાં ભાગ લેશે નહીં. બીજી તરફ, કંપનીના ક્યુબેક પ્રમુખ વિન્સેન્ટ ગિબાઉટે ચેતવણી આપતાં કહ્યું છે કે, જો સરકાર આ પ્રોજેક્ટમાં રસ નહીં દાખવે, તો તેઓ અહીં એસેમ્બલી લાઈન રાખવાનું માંડી વાળશે. શેરબ્રુકના મેયર મેરી-ક્લાઉડ બિબાઉના જણાવ્યા મુજબ સરકારનો આ નિર્ણય આશ્ચર્યજનક નથી. કારણ કે, ભંડોળનો મોટો હિસ્સો ફ્રાન્સના પ્લાન્ટ તરફ ફંટાઈ રહ્યો હોવાની શંકા હતી.

# સહકારી બેન્કોની સાયબર સિક્યોરીટી વધારવા રિઝર્વ બેંકનું વિશેષ આયોજન

## સહકારી બેન્કોને જોખમ આધારિત સુપરવિઝન હેઠળ મૂકી દેવામાં આવશે

**અમદાવાદ**

શહેરી સહકારી બેન્કોના સુપરવિઝન માટે વર્ષ ૨૦૨૬-૨૭માં છ મુખ્ય લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે. તેમાં ટીયર-૩ અને ટીયર-૪ કેટેગરીમાં આવતા વિસ્તારોની સહકારી બેન્કો માટે સુપરવાઈઝરી ડેટા ક્વોલિટી ઈન્ડેક્સ વિકસાવવાના નિર્ણયનો સમાવેશ થાય છે. ઉપરાંત કેટલીક પસંદગીની બેન્કોને જોખમ આધારિત સુપરવિઝનની વ્યવસ્થા હેઠળ મૂકવામાં આવશે. આ વ્યવસ્થા હેઠળ સહકારી બેન્કોને લાવવા ઉપરાંત ઈન્ફોર્મેશન ટેકનોલોજી આધારિત પરીક્ષણ અને ગેપ એસેસમેન્ટની વ્યાપકતા વધારવાની યોજના તૈયાર કરવામાં આવી છે. નાના નાના શહેરોની સહકારી બેન્કો પર ધ્યાન આપીને તેના થાપણદારોની સલામતીમાં વધારો કરવામાં આવશે.

ભારતીય રિઝર્વ બેન્કે શુક્રવારે જાહેર કરેલા વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬માં શહેરી સહકારી બેન્કો માટે વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અમલમાં મૂકવાના વ્યાપક સુપરવિઝન માટેના કાર્યક્રમની જાહેરાત કરી છે. આ કાર્યક્રમમાં ખાસ કરીને ડેટાની ગુણવત્તા, સાયબર સુરક્ષા, જોખમ આધારિત દેખરેખ અને કર્મચારીઓની ક્ષમતા વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ તમામ કામગીરી રિઝર્વ બેન્કના ઉત્કર્ષ ૨૦૨૯ના રોડમેપ હેઠળ હાથ ધરવામાં આવશે. સહકારી બેન્કો માટે સાયબર મેપિંગ એક્સરસાઈઝની પ્રક્રિયામાં બેન્ક પોતાની સાયબર સુરક્ષાની હાલની સ્થિતિને સમજીનો યોગ્ય ફેરફાર કરીને તેને મજબૂત બનાવવા પર ફોકસ કરવામાં આવશે.

# ગ્રાહક અદાલતો રામ ભરોસે! 27 કમિશનમાં પ્રમુખ જ નથી

**અમદાવાદ**

ગુજરાત ગ્રાહક અદાલતોને લઈ ચોંકાવનારી વિગત સામે આવી છે. આરટીઆઈમાં થયેલા ખુલાસા મુજબ 27 ગ્રાહક કમિશનો પ્રમુખ વગર ચાલી રહ્યા છે. આ ઉપરાંત કમિશનોમાં 48 જગ્યાઓ અને સપોર્ટ સ્ટાફની 152 જગ્યાઓ ખાલી પડી છે. એનજીઓ ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોટેક્સન એન્ડ એક્શન કમિટી દ્વારા RTI અંતર્ગત માંગવામાં આવેલી માહિતીમાં આ વિગત સામે આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ ખાલી જગ્યાઓ ભરવામાં થઈ રહેલા વિલંબને કારણે પેન્ડિંગ કેસોની સંખ્યામાં ભારે ઉછાળો આવ્યો છે અને લાંબી મુદતો પડી રહી છે, જેના લીધે અંતે તો ગ્રાહકોએ જ ભોગવવું પડી રહ્યું છે. સ્ટાફની અછતને કારણે ફરિયાદ નિવારણ પ્રક્રિયા ખૂબ જ ધીમી પડી ગઈ છે. જાન્યુઆરી 1990થી જિલ્લા કમિશનોમાં દાખલ કરાયેલી 3.22 લાખ ફરિયાદોમાંથી 45,167 કેસો હજુ પણ પેન્ડિંગ છે. રાજ્ય સ્તરે 43,241 અપીલો અને ફરિયાદોમાંથી 5847 કેસો વણઉકલ્યા છે. માત્ર અમદાવાદ જિલ્લાની જ વાત કરીએ તો, તેના ત્રણ ગ્રાહક કમિશનોમાં જ 11,806 કેસો પેન્ડિંગ છે.આરટીઆઈના જવાબમાં વિભાગે સુપ્રીમ કોર્ટના 21 મે, 2025ના એક આદેશનો હવાલો આપ્યો હતો.

# ગુજરાતમાં 6200ની તપાસમાં માત્ર 464 બાંગ્લાદેશી નિકળ્યા

**અમદાવાદ**

ગુજરાતમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓ સામે ફરી એકવાર સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. રાજ્યમાં 6200ની તપાસમાં માત્ર 464 બાંગ્લાદેશી નીકળ્યા હતા. આ લોકોનો હવે દેશનિકાલ કરાશે. પકડાયેલા બાંગ્લાદેશીઓ પૈકી મોટાભાગના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભરૂચમાં રહેતા હોવાનું સામે આવ્યું હતું.

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરીને લખ્યું, 24 કલાક, સ્પેશિયલ ડ્રાઈવ, 424 ગેરકાયદે બાંગ્લાદેશીઓ ઝડપાયા. ગુજરાત પોલીસનો સ્પષ્ટ સંદેશ છે, ઘૂસણખોરીનો એક જ જવાબ: કડક કાર્યવાહી.

સંઘવીએ એમ પણ જણાવ્યું હતું કે 3 જૂનના રોજ વહેલી સવારે રાજ્યવ્યાપી દરોડા દરમિયાન કેટલાક કથિત ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ભાગવાનો પ્રયાસ કરતા ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન ભાગવાનો પ્રયાસ કરનારાઓને પકડવા માટે રેલવે સ્ટેશનો, બસ સ્ટેન્ડ અને હાઈવે પર ચેક પોસ્ટ ઊભી કરવામાં આવી હતી. પોલીસે દરોડામાંથી ભાગી છૂટવાનો પ્રયાસ કરી રહેલા અન્ય 18 લોકોની અટકાયત કરવામાં આવી હતી.

# સરકારે જમીન સંપાદનમાં નડતો કાંટો કાઢ્યો બિનખેતી કરવા માટે નવી કાર્યપ્રણાલી જાહેર

**અમદાવાદ**

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જમીન સંપાદન હેઠળ આવરી લેવાતી જમીનો અને NA પ્રક્રિયાને લઈને એક મહત્વનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. અવારનવાર એવું જોવા મળે છે કે જમીન સંપાદનની પ્રક્રિયા ચાલુ હોય તે દરમિયાન જ જમીન મહેસૂલ કાયદાની કલમ-65 હેઠળ જમીનને બિનખેતી (NA) કરાવી લેવામાં આવે છે. આ પ્રવૃત્તિને કારણે સરકારી પ્રોજેક્ટ્સ પર વિપરીત અસર પડે છે અને જમીન સંપાદન કરતી સંસ્થા પર બિનજરૂરી મોટો નાણાકીય બોજ આવી પડે છે. આવી પરિસ્થિતિઓને અટકાવવા માટે સરકાર દ્વારા હવે કલમ-65 હેઠળ બિનખેતી પરવાનગી આપવા માટેની એક નવી જ કાર્યપ્રણાલી નક્કી કરવામાં આવી છે. પ્રોજેક્ટ માટે સંપાદક સંસ્થા જ્યારે ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરી રહી હોય તેવા પ્રાથમિક તબક્કે જ, યોજનામાં સંભવિત રીતે સમાવિષ્ટ થનારા તમામ ગામોની યાદી જે-તે જિલ્લા કલેક્ટરને સોંપવાની રહેશે. કલેક્ટરને આ યાદી મળ્યા બાદ, તે ગામોમાં બિનખેતી (NA)ની મંજૂરી આપવાની પ્રક્રિયાને તાત્કાલિક ધોરણે 60 દિવસ માટે સ્થગિત (Freeze) કરી દેવામાં આવશે.

આ 60 દિવસના સમયગાળા દરમિયાન સંપાદન કરવાપાત્ર સંભવિત સર્વે નંબરોની ઓળખ કરવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ પ્રક્રિયા પૂરી થયા બાદ, માત્ર સંપાદન હેઠળ આવતા સર્વે નંબરો માટે જ બિનખેતીની મંજૂરી સ્થગિત રહેશે, જ્યારે ગામના અન્ય સર્વે નંબરો માટે બિનખેતીની પ્રક્રિયા સામાન્ય રીતે ચાલુ કરી શકાશે.

# પિતાના મોત બાદ કળિયુગી બન્યા પુત્રો, રૂપિયા અને સોનાની વિંટીઓ પડાવી માતાને કાઢી મૂકી

## બેંક F.D.માં નામ ઉમેરી પુત્રએ માતાને ધમકી પણ આપી, કાર પણ લઈ લીધી

**અમદાવાદ**

નારોલમાં પિતાના અવસાન બાદ પુત્રએ નેટબેન્કિંગનો ઉપયોગ કરીને રૂા. 20 લાખની એફડીમાં નોમિનીમાં માતાના બદલે પોતાનું નામ ઉમેર્યુ હતું, એટલું જ નહી બેન્ક એકાઉન્ટમાં રૂા. 4.30 લાખ બારોબાર ઉપાડી લીધા અને ચાર સોનાની વિંટી લઈ લીધી હતી. માતાએ પૂછતા ઝઘડો કરીને ધમકી આપીને અલગ રહેવા જતો રહ્યો હતો. જ્યારે બીજા પુત્રે ચેઈન અને કાર પણ માતાની જાણ બહાર લઈ લીધી હતી. નારોલમાં રહેતા વૃદ્ધાએ નારોલ પોલીસ સ્ટેશનમાં પોતાના બે પુત્રો સામે ફરિયાદ નોંધાવી છે કે વર્ષ પહેલા તેમના પતિનું અવસાન થયુ હતું. પતિના બેન્ક એકાઉન્ટનાં બચત ખાતામાં નોમિની તરીકે ફરિયાદીનું નામ હતું જ્યારે પતિના અવસાન બાદ તેમના એટીએમ અને ડેબીટ કાર્ડ પુત્રએ લઈ લીધા હતા. જ્યારે થોડા સમય પહેલા ફરિયાદીની પુત્રી પિતાની પાસબુકમાં એન્ટ્રી પડાવવા ગઈ ત્યારે મોટો ભાંડો ફૂટયો હતો. તેમાં એક પુત્રએ એકાઉન્ટમાંથી રૂા. 4.30 લાખ 10 દિવસમાં ઉપાડીને પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા.

ઉપરાંત નેટ બેન્કિંગનો ઉપયોગ કરીને 10 લાખની બે એફડી હતી તેમાં પણ નોમિનીમાં માતાનું નામ હટાવી પુત્રએ પોતાનું નામ ઉમેર્યુ હતું અને પિતાની ચાર સોનાની વિંટી લઈ લીધી હતી. જેથી માતાએ પુત્રને પૂછતા તને કંઈ નહી મળે કહીને ગાળો બોલીને ઝઘડો કરીને મારી નાખવાની ધમકી આપીને અલગ રહેવા જતો રહ્યો હતો. જ્યારે બીજા પુત્રએ માતાને જાણ કર્યા વગર પિતાની ચેઈન અને કાર પડાવી લીધી હતી.

# હવે નકલી FCI ડિરેક્ટર ઝડપાયો

**અમદાવાદ**

ગુજરાતમાં નકલીની બોલબાલા હોય તેમ એક બાદ એક નકલી લોકો પકડાઈ રહ્યા છે. હવે નકલી FCI ડિરેક્ટર ઝડપાયો હતો. સાતમું ભણેલા ભરત પરમારે કરોડોનો ચૂનો લગાડ્યો હતો.

મળતી વિગત પ્રમાણે, હાલોલનો ભરત પરમાર રાજ્યમાં સરકારી નોકરી અપાવવાના બહાને લોકોને છેતરતો હતો. તેણે અત્યાર સુધીમાં 68 લાખની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. આરોપી એફસીઆઈના ડાયરેક્ટર તરીકેની ઓળખ આપીને લોકોને ભ્રમીત કરતો હતો. તેણે સમગ્ર રાજ્યમાં એજન્ટોનું નેટવર્ક ઊભું કર્યું હતું.

આરોપી ભરત પરમાર લોકોને વિવિધ સરકારી વિભાગોમાં નોકરી આપવાની લાલચ આપતો હતો. એક વાર નોકરીવાંછુ તેની ઝાળમાં ફસાયા બાદ તે નકલી ઈન્ટરવ્યૂ કૉલ લેટર, નિમણૂક સંબંધિ દસ્તાવેજો આપી તગડી રકમ ખંખેરતો હતો. 68 લાખની છેતરપિંડીનો ભોગ બનેલા ત્રણ અસરગ્રસ્તોના નિવેદનો અને ફરિયાદોના આધારે તેની ધરપકડ કરી હતી. પોલીસે છટકું ગોઠવી હાલોલ-ગોધરા બાયપાસ રોડ પર આવેલી અતિથિ હોટલ પરથી ભરત પરમારને ઝડપી પાડ્યો હતો.

સાતમું ભણેલા ભરત પરમાર પાસેથી પોલીસે જુદી જુદી બેંકોની 15થી વધુ પાસબુકો, 8 મોબાઈલ ફોન, FCIના ડુપ્લિકેટ લેટરહેડ, ખોટા નિમણૂક પત્રો તેમજ અન્ય મહત્વના દસ્તાવેજો કબજે કર્યા હતા.

# ગુજરાતમાં વર્ષ 2025-26 માટે સાહિત્યકારોને પારસ ચંદ્રકથી સન્માનિત કરાયા

**અમદાવાદ**

અમદાવાદ ખાતે પારસ ચંદ્રક અર્પણ સમારોહ યોજાયો હતો. સમારોહમાં વર્ષ 2025 માટે પદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે રાજેન્દ્ર શુક્લ, ગદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે હર્ષવી પટેલ, ગદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે શ્રી અજય સોની તથા સાહિત્ય સેવા માટે હરધ્વાર ગોસ્વામીને પારસ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. વર્ષ 2026 માટે પદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે સંજુ વાળા, ગદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે મણિલાલ પટેલ, પદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે અનિલ ચાવડા, ગદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે મયુર ખાવડું તથા સાહિત્ય સેવા માટે હિતેન આનંદપરાને પારસ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

# બિસ્કિટના બોક્સમાં છુપાવેલું 14 કરોડનું ડ્રગ્સ જપ્ત અમદાવાદમાં ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય નેટવર્કનો ઘટસ્ફોટ

## બિસ્કિટના પાંચ બોક્સ અને કાળો કારોબાર : એક ટ્રીપ બદલ આરોપીને દસ હજાર મળતા હતા

**અમદાવાદ**

નરોડા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે નાના ચીલોડા ગરનાળા પાસેથી પસાર થઈ રહેલા એક શખસને આંતરીને તેની તલાશી લેવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન પકડાયેલા આરોપીનું નામ મહોમદસાજીદ શેખ છે અને તે મુંબઈનો રહેવાસી છે. આરોપી પાસે રહેલી ટ્રાવેલ બેગની તપાસ કરતા તેમાંથી બિસ્કિટના ૫ મોટા બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સની અંદર ખાવાના સામાનના બદલે મેથાફેટામાઈન ડ્રગ્સનો પાવડર અને ટુકડા



છુપાવવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ડ્રગ્સના આ આંતરરાષ્ટ્રીય નેટવર્કનો ઘટસ્ફોટ થયો છે. આરોપી કબૂલાત કરી છે કે 'મારો એક નાઈજીરિયાના ક્યુબેન નામના વ્યક્તિ સંપર્ક થયો હતો. આ નાઈજીરિયન હેન્ડલરના કહેવાથી હું મુંબઈથી રાજસ્થાનના જયપુર ખાતે સિંધી કેમ્પ બસ સ્ટેશન ગયો હતો. ત્યાં મને એક અજાણ્યા શખસે આ ડ્રગ્સ ભરેલી ટ્રાવેલ બેગ આપી હતી. આ એક સપ્લાય ટ્રીપના બદલામાં તેને માત્ર 10,000 રૂપિયા મળવાના હતા.' પોલીસે 7084.0 ગ્રામ ડ્રગ્સ જપ્ત કર્યું છે. જેની કિંમત મુજબ 1 ગ્રામના અંદાજે 20,000 રૂપિયા લેખે આ ડ્રગ્સની કુલ કિંમત રૂપિયા 14,16,80,000 રૂપિયા છે.

# રાજ્યમાં ધનાઢ્ય વેપારીઓને પ્રેમની જાળમાં ફસાવતી ગેંગનો પર્દાફાશ : 11ની ધરપકડ

## ગુગલ સર્ચમાંથી નંબર લઈ વેપારીઓને ફસાવાતા હતા : લાખો રૂપિયાનો ખેલ

**રાજકોટ**

ગુજરાતના રાજકોટ જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં પોલીસે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને પ્રેમ સંબંધોમાં ફસાવીને લાખો રૂપિયા પડાવતી એક શાતિર 'હની ટ્રેપ' ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે ગેંગની મુખ્ય સૂત્રધાર પ્રિયંકા ઉર્ફે પીયુ સહિત અત્યાર સુધીમાં ૧૧ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસને આશંકા છે કે આ ગેંગનો ભોગ બનનાર લોકોની સંખ્યા ઘણી મોટી હોઈ શકે છે.

જેતપુર શહેર પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે, આ ટોળકી ખાસ કરીને આર્થિક રીતે સક્ષમ મધ્યમ વર્ગના વેપારીઓ, કારખાનેદારો અને ઉદ્યોગપતિઓને જ પોતાનો શિકાર બનાવતી હતી. આ ગેંગ છેલ્લા કેટલાય સમયથી શહેરી વિસ્તારોની સાથે-સાથે સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં પણ સક્રિય હતી અને વેપારીઓ પાસેથી મોટી રકમ પડાવતી હતી. થોડા દિવસો પહેલા જેતપુર અને જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી બે અલગ-અલગ ફરિયાદોના આધારે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી ત્યારે આ આખા કાવતરાનો પર્દાફાશ થયો હતો.

પ્રિયંકા અને તેની ટોળકી ઉપર રાજકોટ, મોરબી , ટંકારા, જેતપુર , વાંકાનેર ના વેપારીઓ ને ફસાવી પૈસા પડાવવાનો આરોપ છે. પ્રિયંકા ઉર્ફે પિયુ અનેક કારખાનેદાર તેમજ વેપારીઓને મિત્ર બનાવવા અને સબંધ બાંધવાના બહાને એકાંતની જગ્યાએ બોલાવતી હતી.

# ડભોઈમાં તપાસ માટે ગયેલા પોલીસ કર્મીઓ પર હુમલો, ચારની ધરપકડ

**વડોદરા**

ડભોઈ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નવીનભાઈ અને કોન્સ્ટેબલ શુભમભાઈ સરકારી ફરજના ભાગરૂપે એક અરજીના અનુસંધાને તપાસ કરવા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ દરમિયાન ત્યાં હાજર આસિફ અને હુસેન સહિતના શખ્સોએ પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. મામલો એટલો બિચક્યો હતો કે આ શખ્સોએ ઉશ્કેરાઈને કાયદો હાથમાં લીધો અને પોલીસ જવાનો પર ઈંટોના છુટ્ટા ઘા મારવાનું શરૂ કરી દીધું હતું. હુમલામાં લોહીલુહાણ થયેલા બંને પોલીસ જવાનોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસની ગંભીરતાને જાતાં વડોદરા ગ્રામ્ય પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવીને આસિફ, હુસેન સહિત કુલ ૯ આરોપીઓ સામે ફરજ પરના સરકારી કર્મચારી પર હુમલો અને જાનથી મારી નાખવાના પ્રયાસ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે દરોડા પાડીને કુલ ૯ પૈકી ૪ રીઢા આરોપીઓની અટકાયત કરી લીધી છે, જ્યારે ફરાર અન્ય ૫ આરોપીઓની શોધખોળ માટે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.

# અમેરિકન નાગરિકો સાથે ઓનલાઈન ઠગાઈ : ઘરમાં જ કોલ સેન્ટર ચલાવાતું

## એક જ યુવક લોનની લાલચ આપી માહિતી મેળવી લેતો હતો

**અમદાવાદ**

દાણીલીમડા પોલીસને બાતમી મળી હતી કે, શ્રીદેવી પાર્ક સોસાયટીના એક ઘરમાંથી અમેરિકન નાગરિકો સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ રહી છે. બાતમીના આધારે પોલીસે રેડ કરીને સાહિલ મુસ્તાકઅલી મિર્ઝા નામના યુવકને રંગેહાથ ઝડપી લીધો છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું કે, સાહિલ ઓનલાઈન માધ્યમોથી અમેરિકાના એવા નાગરિકોનો ડેટા મેળવતો હતો, જેમનો ક્રેડિટ સ્કોર ખૂબ ઓછો હોય અને તેમને ક્યાંયથી લોન ન મળતી હોય.

આરોપી સાહિલ મિર્ઝા પોતાની ઓળખ અમેરિકાની જાણીતી લોન કંપનીઓ જેવી કે 'પ્રોસ્પર ફાઈનાન્સ' અને 'લેન્ડિંગ ટ્રી'ના પ્રતિનિધિ તરીકે આપતો હતો. તે ગૂગલ વોઈસ ડાયલર સોફ્ટવેરનો ઉપયોગ કરીને અમેરિકાનો જ લોકલ નંબર ડિસ્પ્લે થાય તે રીતે પીડિતોને ઈમેલ અને કોલ કરતો હતો. લોન મંજૂર કરાવવાના બહાને તેમની પાસેથી વિગતો મેળવી લેતો હતો. ત્યારબાદ, ઓછા ક્રેડિટ સ્કોરનું બહાનું આગળ ધરીને તે લોન પ્રોસેસિંગ ફી, સિક્યોરિટી ડિપોઝિટ અને ઈન્સ્યોરન્સના નામે અમેરિકન નાગરિકો પાસેથી ડોલરમાં રકમ ટ્રાન્સફર કરાવતો હતો. તે એવી પણ લાલચ આપતો કે લોન પાસ થયા બાદ આ પ્રોસેસિંગ ફી પરત મળી જશે. પ્રાથમિક તપાસમાં જ તેણે એક વિદેશી નાગરિક પાસેથી અંદાજે રૂ ૫૦,૦૦૦ પડાવ્યા હોવાનું ખુલ્યું છે.

# ગામડામાં મોબાઈલ-ઈન્ટરનેટનો ઉપયોગ કરતી મહિલાઓનું પ્રમાણ ઓછું: સર્વેક્ષણ

## રાજ્યના પુરુષોમાં ઇન્ટરનેટનો ઉપયોગ 52.6% થી વધીને 83.9% થયો

**અમદાવાદ**

ગ્રામીણ અને શહેરીજીવનમાં ઘણો ફરક છે. આ ફરક રહેણીકરણીથી માંડી ભાષા અને વિચારસરણીમાં પણ જોવા મળે છે. સારું શિક્ષણ અને વધું એક્સપોઝર મળવાને કારણે અમુક બાબતોમાં ગ્રામ્યજીવન પાછળ રહી જતું હોય છે. આવું એક તારણ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-6માં જાણવા મળ્યું છે. જેમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં શહેરી સ્ત્રી વધારે પાવરધી હોવાનું બહાર આવ્યું હતું.

જોકે સરેરાશ મોબાઈલનો વપરાશ ઘણો જ વધ્યો છે. સર્વેક્ષણ દર્શાવે છે મોબાઈલનો ઉપયોગ જે સર્વે-5 માં 30.8% થી વધીને સર્વે-6 માં 65.7% થયો છે. સરળ શબ્દોમાં કહીએ તો, ગુજરાતમાં દર ત્રણમાંથી લગભગ બે મહિલા હવે ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. પુરુષોએ પણ ડિજિટલ પરિવર્તનને સ્વીકાર્યું છે, આ જ સમયગાળા દરમિયાન પુરુષોમાં ઇન્ટરનેટનો ઉપયોગ 52.6% થી વધીને 83.9% થયો છે. શહેરી અને ગ્રામિણ મહિલાઓ વચ્ચે વપરાશમાં ઘણું અંતર છે. શહેરી વિસ્તારોમાં ૮૧.૩ ટકા મહિલાઓ ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરે છે જ્યારે ગામડામાં આ પ્રમાણ 54.3 ટકા છે. આનો અર્થ કે હજુપણ લગભગ અડધાભાગની ગ્રામિણ મહિલાઓ ઈન્ટરનેટની સેવાથી દૂર છે. આવો જ તફાવત પોતાનો મોબાઈલ હોવામાં પણ છે. સમગ્ર ગુજરાતમાં પોતાનો મોબાઈલ હોય અને ઉપયોગ કરતી હોય તેવી મહિલાઓનું પ્રમાણ 58.8 ટકા છે, પરંતુ ગામડામાં પોતાનો મોબાઈલ હોય તેવી મહિલાઓનું પ્રમાણ 46.2 ટકા છે જ્યારે શહેરી વિસ્તારોમાં આ પ્રમાણ 76 ટકા છે.

# ઉમરેઠમાં કાલસર ગામ નજીક મહી કેનાલમાં દંપતીએ મોતની છલાંગ લગાવતા ચકચાર

## દંપતીએ ભરેલા અંતિમ પગલા અંગે રહસ્ય : પોલીસ તપાસ શરૂ

**આણંદ**

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના કાલસર ગામમાંથી એક અત્યંત દૂખદ અને ચકચારી ઘટના સામે આવી છે. કાલસર ગામ નજીકથી પસાર થતી મહી કેનાલમાંથી એક પરિણીત દંપતીના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. કોઈ અજ્ઞાત કારણોસર આ પતિ-પત્નીએ કેનાલના ધસમસતા પ્રવાહમાં ઝંપલાવીને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે.

મળતી માહિતી અનુસાર, કેનાલમાંથી મળી આવેલા મૃતક દંપતીની ઓળખ કાલસર ગામના ગીતાબહેન તેમના પતિ શૈલેષકુમાર તરીકે થઈ છે. દંપતીએ કાલસર ગામ પાસેથી પસાર થતી મહી કેનાલમાં આપઘાત કરવાના ઈરાદે ઝંપલાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને વહીવટી તંત્ર દ્વારા કેનાલના પાણીમાં ભારે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. કેનાલના તણાવ અને પ્રવાહના કારણે બંનેના મૃતદેહ અલગ-અલગ જગ્યાએ તણાઈ ગયા હતા.

દંપતીના મોતના સમાચાર મળતા જ ઉમરેઠ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને શવોનો કબજા મેળવીને પોસ્ટમોર્ટમની કાયદેસરની વિધિ માટે સરકારી હોસ્પિટલમાં ખાતે ખસેડ્યા છે. દંપતીએ કયા કારણોસર આ આકરું પગલું ભર્યું છે, તેનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળ કાર્યવાહી તપાસ હાથ ધરી છે.

# પિયજ નજીક કેનાલમાં દુપટ્ટો બાંધેલી હાલતમાં એક સાથે ત્રણ મૃતદેહ મળ્યા

**ગાંધીનગર**

ગાંધીનગરના કલોલ તાલુકાના પિયજ ગામ પાસેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાંથી આજે સવારે એક સાથે ત્રણ કમભાગી આત્માઓના મૃતદેહ તરતા મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતકોમાં અમદાવાદમાં રહેતી ૨૩ વર્ષીય પરિણીતા, તેની દોઢ વર્ષની માસૂમ દીકરી અને પરિણીતાની સગી માતાનો સમાવેશ થાય છે. સૌથી વધુ ચોંકાવનારી અને રહસ્યમય બાબત એ છે કે ત્રણેયના મૃતદેહો એકબીજા સાથે દુપટ્ટાથી બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા, જે સામૂહિક આત્મહત્યા તરફ ઈશારો કરે છે. આ ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે લોકોના મોટા ટોળેટોળાં ઉમટી પડ્યા હતા.

મળતી વિગતો મુજબ, મૃતકોની ઓળખ સંગીતાબેન બચુભાઈ પ્રજાપતિ (માતા), નેહાબેન દીપકભાઈ પ્રજાપતિ (પુત્રી, ઉંમર વર્ષ ૨૩) અને દોઢ વર્ષની માસૂમ પહલ દીપકભાઈ પ્રજાપતિ (દોહિત્રી) તરીકે થઈ છે. ઘટનાની પૃષ્ઠભૂમિ એવી છે કે, અમદાવાદમાં રહેતી નેહા પ્રજાપતિ ગત દિવસોમાં પોતાની દોઢ વર્ષની પુત્રી પહલને લઈને ઘરેથી નીકળી હતી. તે મહેસાણા જિલ્લાના તળેટી ગામે રહેતી પોતાની માતા સંગીતાબેનને મળવા જવાનું કહીને નીકળ્યા બાદ પરિવાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

# ગુજરાતના વહીવટી માળખામાં ફેરફાર, 6 વરિષ્ઠ IAS અને GAS અધિકારીઓને સોંપાયો વધારાનો હવાલો

**અમદાવાદ**

વહીવટી માળખાને વધુ વેગવંતું બનાવવા અને સુચારૂ કામગીરી માટે 6 વરિષ્ઠ પ્રશાસનિક અધિકારીઓને અન્ય મહત્ત્વના હોદ્દાઓનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. વયનિવૃત્ત થયેલા વરિષ્ઠ અધિકારીઓની ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક નિમણૂકો કરવામાં આવી છે.આદેશ અનુસાર, રાજ્યના 4 વરિષ્ઠ ભારતીય વહીવટી સેવા (IAS) અને 2 ગુજરાત વહીવટી સેવા (GAS) અધિકારીઓને તેમની વર્તમાન મૂળ જવાબદારીઓની સાથે-સાથે અન્ય ખાલી પડેલા મહત્ત્વના વિભાગોનો વધારાનો પ્રભાર સોંપવામાં આવ્યો છે.

# નવસારીથી વિદેશમાં મોકલાતી કેરીમાં ગોલમાલની ફરિયાદો

## મોટા ભાગના પાર્સલવાળાઓ બોક્સમાંથી કેરી બદલી અથવા કાઢી લેતા હોવાનો આક્ષેપ

નવસારી : નવસારી ખાતે ઢગલેબંધ પાર્સલ વાળાઓ તેમની દુકાનો ચલાવી રહયા છે. જ્યાંથી તેઓ અનેક વિધ ચીજોના પાર્સલ વિદેશમાં મોકલવાનું કામ કરે છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી કેરી મોકલવાની પ્રક્રિયામાં ગોલમાલ થઈ રહ્યાની ફરિયાદો છે. જેમાં કેરી કાઢી લેવી અથવા બદલી કાઢવાનું કૃત્ય થઈ રહ્યું છે. મીઠાબોલા પાર્સલવાળાઓ ગ્રાહક પાસે કેરી લઈ બાદમાં તેને પેક કરતાં પહેલા તેમાંથી સારા એવા પ્રમાણમાં કેરી કાઢી લે છે. લગભગ દરેક પાર્સલવાળાને ત્યાં જ આ જ રીતે છેતરપિંડી આચરાતી હોવાથી, અંતે ગ્રાહકે તો ભોગવવાનો જ વારો આવે છે.



આવો જ એક કિસ્સો હાલમાં બહાર આવ્યો છે. જેમાં નવસારીથી એક ગ્રાહકે એક પાર્સલ સર્વિસ દ્વારા અગાઉ કેરી વિદેશ મોકલી હતી, ત્યારે વિદેશમાં ઓછી કેરી મળી હોવાની અને કેરી બદલાઈ ગઈ હોવાની જાણકારી મળી હતી. -જેને પગલે આ ગ્રાહકે આ વખતે કેરી મોકલતા પહેલા તેના પર એક માર્કિંગ કરી દીધું હતું. અને ૧૮ કિગ્રા, કેરીના બોક્સ મોકલ્યા હતા. જો કે, વિદેશમાં જ્યારે આ પાર્સલ મળ્યું ત્યારે તેમાં માત્ર ૧૪.૫ કિગ્રા. કેરી જ હતી, એટલે કે બોક્સમાંથી લગભગ સાડા ત્રણ કિગ્રા. જેટલી કેરી કાઢી લેવામાં આવી હતી. આટલું ઓછું હોય તેમ, ગ્રાહકે મોકલેલ કેરીના બોક્સ પૈકી એક આખું જ બોક્સ બદલી લેવાયું હતું. જેમાં હલકી ગુણવત્તાની, કાચી અને ગ્રાહકે કરેલ માર્કિંગ વિનાની કેરીઓ હતી.

# દિલ્હીમાં હોટેલમાં આગ, વિદેશી સહિત 21ના મોત, માલિકની ધરપકડ

## મૃતકોમાં 10 ભારતીય, 9 આફ્રિકન અને તુર્કમેનિસ્તાનના 2 નાગરિકોનો સમાવેશ, લોકોને બચાવવા સ્થાનિકોએ હોટેલની બારીઓ તોડી

**નવી દિલ્હી**

દક્ષિણ દિલ્હીના માલવિયા નગર વિસ્તારમાં એક હોટલમાં લાગેલી ભીષણ આગના કારણે 21 લોકોએ જીવ ગુમાવ્યો હતો. જોકે, પોલીસે હોટલના માલિક લવકેશ બજાજની ધરપકડ કરી છે. આ હોટેલ ફાયર એનઓસી વિના કાર્યરત હતી અને સલામતીના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. દિલ્હી પોલીસે લવકેશ બજાજ અને તેની પત્નીને દેશ છોડીને ભાગી ન જાય તે માટે લુક-આઉટ સર્ક્યુલર (LOC)જાહેર કર્યો હતો. પોલીસે બંનેને શોધવા માટે એક ખાસ ઓપરેશન શરૂ કર્યું હતું.

આ દુર્ઘટનામાં 21 લોકોના મોત થયા હતા. જેમાં 10 ભારતીય, 9 આફ્રિકન નાગરિકો અને તુર્કમેનિસ્તાનના 2 નાગરિકોનો સમાવેશ થાય છે. જ્યારે અનેક પરિવારોએ પોતાના ગુમ પ્રિયજનોને શોધી રહ્યા છે. દિલ્હીમાં હોટલમાં લાગી આગમાં સ્થાનિકોના કારણે અનેક લોકોનો જીવ બચ્યો હતો. સ્થાનિકોએ લોકોને બચાવવા માટે બારીઓના કાચ તોડ્યા હતા અને જમીન પર ગાદલા પાથર્યા અને ધાબળા લઈને દોડ લગાવી હતી. સ્થાનિક રહેવાસી અનિતા ચૌધરીએ જણાવ્યું હતું કે અનેક વિસ્ફોટોના અવાજ થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. મેં ઘણા વિસ્ફોટ જેવા અવાજો સાંભળ્યા અને પછી ઈમારતમાંથી ચીસો સંભળાતી હતી. લોકો મદદ માટે બૂમો પાડી રહ્યા હતા અને કેટલાક પોતાને બચાવવા માટે બારીઓમાંથી કૂદી રહ્યા હતા. રહેવાસીઓ અંદર ફસાયેલા લોકોને મદદ કરવા માટે ઈમારત તરફ દોડી ગયા હતા.



# કેરળમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી 8 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ અપાયું

**ત્રિવેન્દ્રમ**

IMDની સત્તાવાર જાહેરાત બાદ કેરળના અનેક વિસ્તારોમાં તેજ વરસાદ શરૂ થઈ ગયો છે અને આકાશમાં ઘેરાયેલા કાળાડિબાંગ વાદળોએ ગરમીની તીવ્રતાને શાંત કરી દીધી છે.

લક્ષદ્વીપ -દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદી ગતિવિધિઓ તેજ બની છે. IMD દ્વારા 4 જૂનથી 9 જૂન વચ્ચે કેરળમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. આ સમયગાળા દરમિયાન અનેક વિસ્તારોમાં 7 સેન્ટિમીટરથી લઈને 20 સેન્ટિમીટર સુધીનો ખાબકી શકે છે. ખાસ કરીને તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનમથિટ્ટા, અલપ્પુઝા, કોટ્ટાયમ, ઇડુક્કી, એર્નાકુલમ અને ત્રિશૂર જિલ્લામાં વહીવટીતંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની અને જનજીવન પ્રભાવિત થવાની શક્યતા પણ દર્શાવવામાં આવી છે. ઉત્તર ભારત, મધ્ય ભારત અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં આગામી દિવસોમાં તેજ પવન અને ગાજવીજ સાથે વરસાદ થવાનું એલર્ટ જાહેર કરાયું છે. કેરળમાં સામાન્ય રીતે 1 જૂનની આસપાસ ચોમાસું બેસતું હોય છે, પરંતુ આ વખતે 4 જૂને તેની સત્તાવાર શરૂઆત થઈ હતી.

# સોરી મમ્મી-પપ્પા.. ફરી નીટ આપવાની હિંમત નથી', વધુ એક વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાધો

## પેપર લીકથી પરીક્ષા રદ થતાં તે ભારે માનસિક તણાવ અને ડિપ્રેશનમાં સરી પડી હતી

**નવી દિલ્હી**

દેશભરમાં ચકચારી બનેલા NEET UG 2026 પેપર લીક અને પરીક્ષા રદ થવાના મામલાએ હવે એક વિદ્યાર્થિનીનો ભોગ લીધો છે. મધ્યપ્રદેશના નવગઠિત જિલ્લા મઉગંજના મગનિયા ગામમાં NEETની તૈયારી કરી રહેલી એક તેજસ્વી વિદ્યાર્થિની આકાંક્ષા ચતુર્વેદીએ પોતાના ઘરમાં પંખા સાથે ફાંસી લગાવીને જીવન ટૂંકાવી લીધું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે અને પીડિત પરિવાર ઊંડા સદમામાં છે. ઘટનાસ્થળેથી પોલીસને એક અત્યંત ભાવુક સુસાઈડ નોટ મળી આવી છે. આકાંક્ષાએ લખ્યું હતું કે "સોરી મમ્મી-પપ્પા, તમને ભરોસો હતો કે તમારી દીકરી ભણીને ડૉક્ટર બનશે, પણ હવે ફરીથી NEETની પરીક્ષા આપવાની મારામાં હિંમત નથી. મેં આપ બંનેને બરબાદ કરી દીધા. બીજી વખત પરીક્ષા સારી જ જશે, તેની કોઈ ગેરંટી નથી."

પરિવારજનોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં લેવાયેલી પરીક્ષામાં આકાંક્ષાને 650 જેટલા સારા માર્ક્સ આવવાની પૂરી આશા હતી અને તે ડૉક્ટર બનવાની ખૂબ નજીક હતી. પરંતુ પેપર લીક થવાને કારણે પરીક્ષા રદ થતાં તે ભારે માનસિક તણાવ અને ડિપ્રેશનમાં સરી પડી હતી. આકાંક્ષાના પરિવારની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. તેમ છતાં, દીકરીને ડૉક્ટર બનાવવાનું સપનું પૂરું કરવા માટે પિતા કૃષ્ણ કુમાર ચતુર્વેદીએ કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) પર 3 લાખ રૂપિયાની લોન લીધી હતી.

# મમતા પાસેથી ટીએમસી ઝૂંટવી ઋતબ્રત 58 ધારાસભ્યોના ટેકા સાથે વિપક્ષના નેતા બન્યા

## બંગાળમાં 'શિંદે મોડેલ' : વિધાનસભાની ચૂંટણી હારનારી ટીએમસીમાં મોટો બળવો

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી હાર્યા બાદ મમતા બેનરજી અને તેમનો પક્ષ તૃણમુલ કોંગ્રેસ બન્નેની સ્થિતિ વધુ કપરી બની ગઇ છે. ટીએમસીએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ધારાસભ્ય ઋતબ્રત બેનરજીને પક્ષમાંથી કાઢી મુકાયા હતા. જોકે આ નિર્ણય મમતાના રાજકારણ માટે ટર્નિંગ પોઇન્ટ સાબિત થયો, જે ઋતબ્રત બેનરજીને પક્ષમાંથી કાઢી મુકાયા તેને તૃણમુલ કોંગ્રેસના ૫૮ જેટલા ધારાસભ્યોએ ટેકો આપ્યો જેને પગલે હવે ઋતબ્રત બેનરજી ટીએમસીના વડા બની ગયા એટલુ જ નહીં વિપક્ષના નેતાનું પદ પણ તેમને સ્પીકરે આપ્યું છે.

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ પક્ષમાંથી ધારાસભ્ય ઋતબ્રત બેનરજીને કાઢી મુક્યા હતા, જેના થોડા જ સમય બાદ તૃણમુલ કોંગ્રેસના ધારાસભ્યો તેમના સમર્થનમાં આવી ગયા હતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે ઋતબ્રતને ટેકો જાહેર કર્યો હતો. આ સાથે જ વિધાનસભાના સ્પીકરે ઋતબ્રતને વિપક્ષના નેતા પણ જાહેર કરી દીધા છે. જેને પગલે મમતા બેનરજીને હાર બાદ આ બીજો મોટો ફટકો પડયો છે. એવા પણ અહેવાલો છે કે તૃણમુલ કોંગ્રેસના ધારાસભ્યો ઋતબ્રત બેનરજીને જો વિપક્ષના નેતા બનાવવા માગે છે પરંતુ મમતાનો સાથ છોડવા નથી માગતા અને તેમને પક્ષના અધ્યક્ષ તરીકે જોવા માગે છે.

# શિક્ષણ ભરતી કૌભાંડમાં અભિષેક બેનરજીને 15મી જૂને EDનું સમન્સ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ફરી એકવાર મોટી હલચલ મચી ગઈ છે. ઈડીની એક ટીમ કોલકાતામાં તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીના નિવાસસ્થાને પહોંચી હતી. ઈડીના અધિકારીઓએ પ્રાથમિક શિક્ષક ભરતી કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગના કેસમાં તેમને સત્તાવાર રીતે સમન્સ પાઠવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યા અનુસાર, અભિષેક બેનર્જીને આગામી 15 જૂનના રોજ તપાસમાં જોડાવા માટે બોલાવવામાં આવ્યા છે. આ દિવસે તેમણે કેન્દ્રીય તપાસ એજન્સી સમક્ષ હાજર થઈને અધિકારીઓના સવાલોના જવાબ આપવા પડશે. આ સમગ્ર મામલો પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં થયેલી કથિત ગેરરીતિઓ અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો સાથે જોડાયેલો છે. નોંધનીય છે કે, અભિષેક બેનર્જી પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા છે અને તેઓ લાંબા સમયથી કેન્દ્રીય તપાસ એજન્સીઓના રડાર પર રહ્યા છે. હાલમાં આ મામલે ખૂબ વિગતવાર માહિતી સામે આવી નથી. પરંતુ ઈડીનું સમન્સ મળ્યા બાદ હવે તમામની નજર એ વાત પર ટકેલી છે કે અભિષેક બેનર્જીનું આગામી પગલું શું હશે.


# કેદારનાથમાં શ્રદ્ધાળુઓની પ્રચંડ ભીડ અને વાઇરલ વીડિયો બાદ ભાજપ સરકારે ચારધામ દર્શન માટે નિયમોમાં ફેરફાર

## તીર્થ ધામની ક્ષમતા પ્રમાણે દર્શનની વ્યવસ્થા ઊભી કરશે, સ્થિતિ અંગેની માહિતી પણ અપાશે

**કેદારનાથ**

કેદારનાથ દર્શનને લઈને લોકોની ભારે ભીડ અને રડતા-કકળતા શ્રદ્ધાળુઓની આપવીતી દર્શાવતા વીડિયો વાઈરલ થયો હતો. આ ઘટના બાદ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મોટું એલાન કર્યું છે. મુખ્યમંત્રી ધામી એ કહ્યું કે, ચારધામ યાત્રા દરમિયાન ધામોની ધારણ ક્ષમતા પ્રમાણે દર્શનને લઈને વ્યવસ્થા ઊભી કરાશે.

મુખ્યમંત્રીએ અધિકારીઓને કહ્યું કે, શ્રદ્ધાળુઓની સુવિધા માટે ધામોમાં દર્શન માટે એક વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરો. કોઈપણ ધામ અથવા



પડાવ માટે નક્કી કરેલી ક્ષમતા કરતાં વધુ લોકો આવી જાય તેવા સંજોગોમાં નીચે આવેલા હોલ્ડિંગ એરિયા-પ્રમુખ ચેક પોઇન્ટ્સ પર વાહનો-શ્રદ્ધાળુઓની અવરજવરને નિયંત્રિત કરવામાં આવે. ભીડ માટે તબક્કાવાર વ્યવસ્થા અપનાવીને જ યાત્રિકોને આગળ મોકલવામાં આવે, જેથી ધામોમાં અવ્યવસ્થાની સ્થિતિ ઊભી ન થાય. મુખ્યમંત્રીએ કહ્યું કે, ભીડ નિયંત્રણ હેઠળ જો શ્રદ્ધાળુઓને અધવચ્ચે રોકવામાં આવે, તો તેમને તે માટેનું કારણ, સંભવિત પ્રતીક્ષા સમય અને આગળની વ્યવસ્થા અંગેની માહિતી નિયમિતપણે આપતા રહેવું. યાત્રીઓને કોઈપણ પરિસ્થિતિમાં માહિતીના અભાવનો સામનો ન કરવો પડે તે ધ્યાન રાખવું. આ માટે જાહેર સૂચના પ્રણાલી, એલઈડી ડિસ્પ્લે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને એફએમ રેડિયોના માધ્યમથી માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવે.

# એરલાઈન્સ અને પરિવહન ક્ષેત્ર માટે 39,290 કરોડના પ્રોજેક્ટને સરકારની લીલીઝંડી

**લખનઉ**

કેન્દ્રીય કેબિનેટે આજે મોટો નિર્ણય લઈને માળખાગત સુવિધાનો વિકાસ કરવા અને નીતિગત પ્રસ્તાવો હેઠળ રૂ.39,290 કરોડના પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપી દીધી છે. આ પ્રોજેક્ટોમાં હાઈવે-શહેરો રસ્તાઓ તેમજ એવિએશન સેક્ટરના પ્રોજેક્ટો સામેલ છે. હાલ મધ્ય-પૂર્વના કારણે ઉભા થયેલા સંકટની અસર ભારતી એવિએશન સેક્ટરમાં પણ પડી છે. ક્રૂડ ઓઈલનો સપ્લાય ખોરવાઈ જતા એવિએશન સેક્ટરો મોંઘાભાવે ATF (એવિએશન ટરબાઈન ફ્યૂલ) ખરીદવા મજબૂર બની ગયા છે, ત્યારે સરકારે ATFની કિંમતો સ્થિર રાખવા માટે રૂ.10,000 કરોડના પ્રાઈઝ સ્ટેબલાઈઝેશન ફંડના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

# બિહારની હોસ્પિટલમાં અગ્નિકાંડ, 10થી વધુ દર્દીના મોતની આશંકા

## હોસ્પિટલ તંત્રની ઘોર લાપરવાહી, બચાવ કામગીરીમાંભારે વિલંબની ફરિયાદો, પ્રશાસનિક એક્શન અને તપાસના આદેશ આપવામાં આવ્યા

**મુઝફ્ફરપુર**

બિહારના મુઝફ્ફરપુરમાં આજે વહેલી સવારે બ્રહ્મપુરા વિસ્તારમાં આવેલા 'પ્રસાદ હોસ્પિટલ' ના આઈસીયુ વિભાગમાં અચાનક આગ ફાટી નીકળતા ચારેતરફ અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ગૂંગળામણ અને દાઝી જવાને કારણે અત્યાર સુધીમાં 4 દર્દીઓના મોતની સત્તાવાર પુષ્ટિ જિલ્લા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે, જ્યારે સ્થાનિક સૂત્રો અને ચર્ચાઓ મુજબ મૃત્યુઆંક 10 સુધી પહોંચવાની આશંકા છે. અનેક દર્દીઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે,

આગ લાગતાની સાથે જ સમગ્ર ICU માં ઝેરી ધુમાડો ભરાઈ ગયો હતો. જે સમયે આગ લાગી, તે



સમયે ICU માં આશરે 12થી 15 દર્દીઓ દાખલ હતા, જેઓ છેલ્લા એક અઠવાડિયાથી સારવાર હેઠળ હતા. ધુમાડો અને આગની જ્વાળાઓ જોઈને દર્દીઓના પરિજનોમાં નાસભાગ મચી ગઈ હતી અને તેઓ પોતાના સ્વજનોને બચાવવા માટે ચીસાચીસ કરવા લાગ્યા હતા.

દુર્ઘટના સમયે હોસ્પિટલ પ્રબંધનની મોટી બેદરકારી સામે આવી છે. મૃતકોના પરિજનોએ આરોપ લગાવ્યો છે કે આગ લાગી ત્યારે ICU માં કોઈ પણ 'અટેન્ડન્ટ' કે કર્મચારી હાજર નહોતો. આગ લાગ્યા બાદ હોસ્પિટલના કર્મચારીઓ અને તબીબો દર્દીઓને ભગવાન ભરોસે છોડીને પોતાની જાન બચાવવા માટે બહાર ભાગી છૂટ્યા હતા. આગ ઓલવવા માટેના કોઈ સાધનો કામ કરી રહ્યા નહોતા અને હોસ્પિટલની 'ફાયર ફાઈટિંગ સિસ્ટમ' સંપૂર્ણપણે ફેલ સાબિત થઈ છે. બચાવ કામગીરીમાં જોડાયેલા લોકો અને પરિજનોની ભારે જહેમત બાદ 20 દર્દીઓને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ચૂક્યું હતું.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ અને જિલ્લા પ્રશાસનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટર્સે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. મુઝફ્ફરપુરના ડીએમ સુબ્રત કુમાર સેને જણાવ્યું કે, ચોથા માળે ICU માં લાગેલી આગની આ ઘટનાની ગંભીર તપાસ કરવામાં આવી રહી છે. જે પણ લાપરવાહી સામે આવશે, તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, એસએસપીએ પણ સ્પષ્ટ કર્યું છે કે તપાસ બાદ હોસ્પિટલ પ્રબંધન સામે પણ ગુનો દાખલ કરવામાં આવશે.

# ડી.કે. શિવકુમાર કર્ણાટકના નવા સીએમ, બંધારણ સાથે શપથ લીધા : 13 ધારાસભ્યો પણ મંત્રી બન્યા

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા

**બેંગ્લોર**

કર્ણાટકમાં આજથી ડી.કે.શિવકુમારે રાજ્યની સત્તા હાંસલ કરી લીધી છે. આજે તેમણે હાથમાં બંધારણ રાખીને રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આ ઉપરાંત કેબિનેટમાં જી.પરમેશ્વરને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. શિવકુમાર બાદ પરમેશ્વરને શપથ લેવાડાવાયા હતા. નવા મુખ્યમંત્રીની કેબિનેટમાં 13 નવા મંત્રીઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. શપથગ્રહણ પહેલા સિદ્ધારમૈયાએ



શિવકુમારનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી પણ ઉપસ્થિત રહ્યા છે.

કોંગ્રેસના અનુભવી દલિત ચહેરા ગણાતા કે.એચ.મુનિયપ્પાએ મંત્રી પદના શપથ લીધા છે. 78 વર્ષના મુનિયપ્પા એસસી સમુદાયના છે. તેઓ કોલાર વિધાનસભા બેઠક પરથી સાત વખત જીત્યા છે. અગાઉ તેઓ પૂર્વ ખાદ્ય અને પુરવઠા મંત્રી પણ રહ્યા છે.

આ ઉપરાંત અન્ય 12 શપથ લેનારા નેતાઓમાં કે.એચ. મુનિયપ્પા, કે.એન. રાજન્ન, એમ.બી. પાટીલ, રામલિંગા રેડ્ડી, સંતોષ લાડ, કૃષ્ણ બાયરેગૌડા, પ્રિયાંક ખડગે, યુ.ટી. ખાદર, કે. વેંકટેશ, યતીન્દ્ર સિદ્ધરામૈયા, ચેલુવરાય સ્વામી, કેશવ પ્રસાદ પાટીલનો સમાવેશ થાય છે.

# વારાણસીમાં મધરાત્રે મંદિર, મસ્જિદ, કબ્રસ્તાનમાં દબાણો પર બુલડોઝર ફર્યું

**વારાણસી**

વારાણસીમાં અડધી રાતે વહીવટીતંત્ર અને રેલવેની સંયુક્ત કાર્યવાહી દરમિયાન કાશી રેલવે સ્ટેશનની આસપાસના અનેક ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી કાશી રેલવે સ્ટેશનને મલ્ટી-મોડલ ટર્મિનલ સ્ટેશન તરીકે વિકસાવવાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના ભાગ રૂપે કરવામાં આવી. પ્રાપ્ત માહિતી પ્રમાણે આદમપુર વિસ્તારમાં રાજઘાટ પોલીસ ચોકી પાસે સૌથી પહેલા રેલવેની જમીન પર બનેલું હનુમાન મંદિર ધ્વસ્ત કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ અજગૈબ શહીદ મસ્જિદ અને કબ્રસ્તાન સાથે સંકળાયેલા બાંધકામો પર પણ બુલડોઝર ચલાવી દેવામાં આવ્યું હતું. લગભગ એક કલાકની અંદર રેલવેની જમીન પર બનેલા તમામ ચિન્હિત બાંધકામોને ધ્વસ્ત કરી દેવામાં આવ્યા. કાર્યવાહી દરમિયાન આખા વિસ્તારને સુરક્ષા છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો હતો. પોલીસ, પીએસી અને આરપીએફના જવાનો મોટી સંખ્યામાં તહેનાત રહ્યા. લગભગ એક કિલોમીટરના દાયરામાં સુરક્ષા ઘેરો ગોઠવવામાં આવ્યો હતો અને મીડિયા કર્મચારીઓને પણ ડિમોલિશન સ્થળ પર પહોંચવાની મંજૂરી આપવામાં નહોતી આવી.

# ભાજપે 5 રાજ્યની રાજ્યસભા ચૂંટણી માટે 11 ઉમેદવારોના નામ જાહેર કર્યા

**નવી દિલ્હી**

ભાજપે રાજ્યસભા ચૂંટણી માટે 11 બેઠકો માટે ઉમેદવારના નામની જાહેરાત કરી છે. જેમાં 5 રાજ્યો અરુણાચલ પ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, મણિપુર, રાજસ્થાન અને ઓડિશાની બેઠકનો સમાવેશ થાય છે. આ યાદીના ગુજરાતમાંથી ચાર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. ભાજપની આ યાદીમાં તરુણ ચુગ અને સતીશ પુનિયા જેવા વરિષ્ઠ નેતાઓના નામ સામેલ છે.

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ વિવિધ પ્રદેશોમાં યોજાનારી રાજ્યસભા ચૂંટણી અને ઓડિશા પેટાચૂંટણી માટે નામોને મંજૂરી આપી દીધી છે. જેમાં તાઈ ટાગકને અરુણાચલ પ્રદેશથી, રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા અને માનસિંહ પરમાર અને જીતેન્દ્ર મેઘજીભાઈ કણઝરિયાના ગુજરાતથી પાર્ટીના ઉમેદવાર રહેશે. જ્યારે મધ્યપ્રદેશથી તરુણ ચુગ અને રજનીશ અગ્રવાલને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જ્યારે મણિપુરથી એ. શારદા દેવી ને ઉમેદવાર બનાવાયા છે. તેમજ અલ્કા ગુર્જર અને સતીશ પુનિયાને રાજસ્થાનથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. વર્ષ 2026 ની પેટાચૂંટણી માટે ઓડિશાથી દેબાશીષ સામંતરાયના નામની જાહેરાત કરી છે.

# 14 દુકાનોના માલિક અને તેમના પરિવારની હત્યા, કોહવાયેલા મૃતદેહો મળતા દોડધામ

## શરીર પર ઈજાના નિશાનો મળી આવ્યા, પોલીસ ક્રૂર હત્યાના એંગલથી તપાસ શરૂ કરી

**પ્રયાગરાજ**

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના કોતવાલી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા સાઉથ મલાકા ખાતેથી એક જ પરિવારના ચાર સભ્યોના કોહવાયેલા મૃતદેહો મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. કરોડોની સંપત્તિ ધરાવતા આ પરિવારના બંધ મકાનમાંથી અસહ્ય દુર્ગંધ આવવાને કારણે સ્થાનિક રહીશોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને જ્યારે લોખંડના દરવાજાનું તાળું તોડ્યું, ત્યારે અંદરનું ભયાનક દ્રશ્ય જોઈને ઉચ્ચ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ઘરના અલગ-અલગ રૂમમાંથી ત્રણ અને નીચે આવેલી દુકાનમાંથી એક મળી કુલ ચાર મૃતદેહો મળી આવ્યા હતા, જે આશરે બેથી ત્રણ દિવસ જૂના હોવાનું અનુમાન છે. મૃતદેહોમાં શરીર પર ઈજાના નિશાનો પણ મળી આવ્યા હતા. પોલીસ હત્યા થઈ હોવાના શંકાએ તપાસ શરૂ કરી હતી. મૃતકોની ઓળખ 70 વર્ષીય વિરેન્દ્ર વૈશ્ય, તેમના 65 વર્ષીય પત્ની અનીતા વૈશ્ય, 45 વર્ષીય અપરિણીત પુત્રી મીનાક્ષી અને 40 વર્ષીય પુત્ર અભિષેક તરીકે થઈ છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વિરેન્દ્રભાઈ પ્રાઇમ લોકેશન પર આશરે 200 ચોરસ વારમાં ફેલાયેલા મોટા મકાન અને કરોડોની સંપત્તિના માલિક હતા. આ મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર તેમણે 14 દુકાનો ધરાવતું એક નાનું માર્કેટ બનાવ્યું હતું, જેમાંથી 12 દુકાનો ભાડે આપેલી હતી જ્યારે બાકીની બે દુકાનો તેમનો દીકરો અને દીકરી ચલાવતા હતા.

# મુંબઈ એરપોર્ટ પર કરન્સી સ્મગલિંગનો પર્દાફાશ, 1.45 લાખ અમેરિકી ડોલર જપ્ત

**નવી દિલ્હી**

છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર CISFની સતર્કતાના કારણે મોટી કરન્સી સ્મગલિંગનો પર્દાફાશ થયો છે,. X-BIS સ્કેનિંગ દરમિયાન મુસાફરના બેગેજમાં શંકાસ્પદ ઈમેજ દેખાતા બેગની વિગતવાર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન હેન્ડ બેગેજમાંથી મોટી માત્રામાં વિદેશી ચલણ મળી આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ કુલ USD 1,45,000ની વિદેશી કરન્સી જપ્ત કરાઈ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મુસાફરે કરન્સી અંગે કોઈ અથવા જાહેરાત કરી નહોતી, જે નિયમોના ઉલ્લંઘન તરીકે ગણાય છે. વિદેશી નાગરિક મુંબઈથી ઇથિયોપિયાના અદિસ અબાબા જવાની તૈયારીમાં હતો.

# પંજાબમાં આતંકી ષડયંત્ર નિષ્ફળ : 2.5 કિલો IED સાથે બે આતંકીની ધરપકડ

## વિસ્ફોટક સાથે બસ દ્વારા અમૃતસરથી મોહાલી આવ્યા હતા

**ચંદીગઢ**

પંજાબમાં મોહાલીના એસએસઓસીએ સરહદ પારના આતંકવાદી નેટવર્ક સામેની કાર્યવાહીમાં મોટી સફળતા મેળવતા એક આતંકવાદી કાવતરું નિષ્ફળ બનાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર તેમને વિદેશમાં બેઠેલા એક આતંકવાદીના બે સાથીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી આરડીએક્સ આધારિત સંપૂર્ણ રીતે વિકસિત ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ જપ્ત કરવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલા લોકોમાં અમૃતસરના ગુજરપુરાના રહેવાસી મણિ સિંહ અને અમૃતસરના ગિલવાલી ગેટના રહેવાસી અભિષેક કુમાર સમાવેશ થાય છે. પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું કે જપ્ત કરાયેલા આઈઈડીનું વજન લગભગ ૨.૫ કિલોગ્રામ હતું. તે સંપૂર્ણ રીતે ઉપયોગ માટે તૈયાર હતું. સમગ્ર આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે. જેમાં હેન્ડલર્સ, સહયોગીઓ અને તેમના પરસ્પર સંબંધોનો સમાવેશ થાય છે. તેઓ વિસ્ફોટક ઉપકરણ સાથે બસ દ્વારા અમૃતસરથી મોહાલી આવ્યા હતા.

# બંધારણ નિષ્ણાત, પદ્મભૂષણ ડૉ. સુભાષ કશ્યપનું નિધન, 97 વર્ષે લીધા અંતિમ શ્વાસ

**નવી દિલ્હી**

ભારતીય બંધારણ, સંસદીય પરંપરાઓ અને લોકશાહી સંસ્થાઓના પ્રખ્યાત વિદ્વાન ડૉ. સુભાષ સી. કશ્યપનું 97 વર્ષની વયે તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. મળતી માહિતી અનુસાર, તેમનું મૃત્યુ કાર્ડિયો-પલ્મોનરી અરેસ્ટ(હૃદયરોગના હુમલા)ના કારણે થયું છે. ડૉ. કશ્યપ દેશના અગ્રણી બંધારણીય નિષ્ણાત, રાજકીય વિશ્લેષક અને સંસદીય બાબતોના અગ્રગણ્ય એક્સપર્ટ હતા. તેમના નિધનથી દેશના રાજકીય, સંસદીય અને શૈક્ષણિક જગતમાં શોકની લહેર છે. 10 મે, 1929ના રોજ જન્મેલા ડૉ. સુભાષ કશ્યપે ભારતીય સંસદ સાથે જોડાયેલી અનેક મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.

# સૂર્યકુમારને ટી-૨૦ કેપ્ટન પદેથી હટાવાયા, ટીમમાંથી પણ પત્તું કટ

## મેનેજમેન્ટે હેડ કોચ ગૌતમ ગંભીર સાથે મંત્રણા કર્યા બાદ કઠોર નિર્ણય લીધો

**મુંબઈ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ એક મોટો નિર્ણય લેતા સૂર્યકુમાર યાદવને ભારતની ૨૦ ટીમના કેપ્ટન પદેથી હટાવી દીધો છે. માત્ર ત્રણ મહિના પહેલા જ ભારતે તેની કેપ્ટનશીપ હેઠળ ઘરઆંગણે T-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. જોકે, ખરાબ ફોર્મને કારણે હવે તેને ભવિષ્યની સિરીઝ માટે ટીમમાં પણ સ્થાન મળે તેવી કોઈ શક્યતા નથી. ભારતીય ટીમ આ મહિને આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસે જવાની છે, તે પહેલાં જ આ મોટા સમાચાર સામે આવ્યા છે. પસંદગી સમિતિ, BCCI અને ટીમ મેનેજમેન્ટે મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે મંત્રણા કર્યા બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવી સાઈકલ માટે ટૂંક સમયમાં નવા કેપ્ટનની નિમણૂક કરવામાં આવશે.



BCCIના એક ટોચના અધિકારીના જણાવ્યા અનુસાર, 'પસંદગી સમિતિ, BCCI અને કોચ ગૌતમ ગંભીરે નક્કી કર્યુ છે કે ભારતે હવે નવા કેપ્ટન સાથે આગળ વધવું જોઈએ. સૂર્યાની કેપ્ટનશીપમાં ભારતે ભલે T૨૦ વર્લ્ડ કપ જીત્યો હોય, પરંતુ તેના ફોર્મ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.'

# રોહિત-હાર્દિકને BCCI દ્વારા અલ્ટીમેટમ : પહેલાં ફિટનેસ સાબિત કરો, પછી જ ટીમમાં સિલેક્શન

## હાર્દિક સેન્ટર ઓફ એક્સીલેન્સ પહોંચ્યો, રોહિતને પણ નિર્દેશ

**મુંબઇ**

અફઘાનિસ્તાન સામેની ત્રણ વનડે મેચની સીરીઝ પહેલા ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડયાએ પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે સ્પષ્ટ કર્યુ છે કે ફાઈનલ ઈલેવનમાં સ્થાન મેળવતા પહેલા હાર્દિકે બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સીલેન્સ પાસેથી ફિટનેસ ક્લિયરન્સ મેળવવું પડશે. હાર્દિકને વનડે ટીમ માટે પસંદ તો કરાયો છે પરંતુ તેના નામની સાથે ફિટનેસ સંબંધિત શરત પણ સામેલ



કરાઈ છે. અહેવાલો અનુસાર હાર્દિક સેન્ટર ઓફ એક્સીલેન્સ પહોંચીગયો છે અને તે અહીં એક અઠવાડિયા કરતા વધારે સમય સુધી રોકાઈને પોતાની ફિટનેસ પર કામ કરશે. આ દરમિયાન હાર્દિક ફિટનેસ ડ્રીલ, ફિઝિકલ એસેસમેન્ટમાંથી પણ પસાર થવું પડશે. તમામ માપદંડોમાંથી પાર થયા બાદ જ તેને રિટર્ન ટુ પ્લેની મંજૂરી મળશે. હાર્દિક માટે ફિટનેસ ટેસ્ટ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે આઈપીએલમાં મુંબઈ માટે રમતી વખતે તેની પીઠ જકડાઈ જવાની સમસ્યા થઈ હતી અને તેના કારણે તે ટૂર્નામેન્ટની કેટલીક મેચોમાં નહોતો રમી શક્યો. તે છેલ્લે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે પોતાની છેલ્લી વનડે મેચ રમ્યો હતો. હાર્દિક ઉપરાંત પૂર્વ ભારતીય સુકાની રોહિત શર્માને પણ બોર્ડે સેન્ટર ઓફ એક્સીલેન્સમાં રિપોર્ટ કરવા કહ્યું છે.

# ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે ઘરેલુ આંતરરાષ્ટ્રીય સત્ર ૨૦૨૬/૨૭નો કાર્યક્રમ જાહેર કર્યો

## ભારતની ટીમ ૪૦ દિવસ રોકાણ કરીને કિવિ સામે પાંચ ટી૨૦, પાંચ વનડે, બે ટેસ્ટ મેચ રમશે

વેલિંગ્ટન : ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે બુધવારે પોતાના ઘરેલુ આંતરરાષ્ટ્રીય સત્ર ૨૦૨૬/૨૭ નો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ભારતનો ન્યૂઝીલેન્ડ પ્રવાસ છે, જેને યજમાન દેશના ઈતિહાસના સૌથી મોટા દ્વિપક્ષીય ક્રિકેટ પ્રવાસોમાંનો એક માનવામાં આવે છે. ભારતીય પુરુષ ટીમ ૨૨ ઓક્ટોબરથી ૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી ન્યૂઝીલેન્ડના પ્રવાસે રહેશે. આ સમયગાળા દરમિયાન બંને દેશો વચ્ચે કુલ ૧૨ આંતરરાષ્ટ્રીય મુકાબલા રમાશે, જેમાં પાંચ ટી૨૦, પાંચ વનડે અને બે ટેસ્ટ મેચનો સમાવેશ થાય છે. લગભગ ૪૦ દિવસ સુધી ચાલનારો આ પ્રવાસ પાંચ પ્રમુખ શહેરોમાં આયોજિત કરવામાં આવશે. ટી૨૦ સિરીઝ બાદ બંને ટીમો પાંચ મેચોની વનડે સિરીઝમાં આમને-સામને થશે. પ્રથમ વનડે ૪ નવેમ્બરે ઓકલેન્ડમાં રમાશે.

### ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ સિરીઝનો સંપૂર્ણ કાર્યક્રમ

| તારીખ | મુકાબલો | સ્થળ |
|---|---|---|
| ૨૨ ઓક્ટોબર | પ્રથમ ટી૨૦ | હેગલે ઓવલ, ક્રાઇસ્ટચર્ચ |
| ૨૪ ઓક્ટોબર | બીજી ટી૨૦ | હેગલે ઓવલ, ક્રાઇસ્ટચર્ચ |
| ૨૭ ઓક્ટોબર | ત્રીજી ટી૨૦ | હેનરી સ્ટેડિયમ, વેલિંગ્ટન |
| ૩૦ ઓક્ટોબર | ચોથી ટી૨૦ | ઇડન પાર્ક, ઓકલેન્ડ |
| ૦૧ નવેમ્બર | પાંચમી ટી૨૦ | સેડન પાર્ક, હેમિલ્ટન |
| ૦૪ નવેમ્બર | પ્રથમ વનડે | ઇડન પાર્ક, ઓકલેન્ડ |
| ૦૭ નવેમ્બર | બીજી વનડે | હેનરી સ્ટેડિયમ, વેલિંગ્ટન |
| ૧૦ નવેમ્બર | ત્રીજી વનડે | સેડન પાર્ક, હેમિલ્ટન |
| ૧૩ નવેમ્બર | ચોથી વનડે | બે ઓવલ, ટૌરંગા |
| ૧૫ નવેમ્બર | પાંચમી વનડે | બે ઓવલ, ટૌરંગા |
| ૧૯-૨૩ નવેમ્બર | પ્રથમ ટેસ્ટ | બેસિન રિઝર્વ, વેલિંગ્ટન |
| ૨૭ નવે.-૦૧ ડિસે. | બીજી ટેસ્ટ | હેગલે ઓવલ, ક્રાઇસ્ટચર્ચ |

# હેમસ્ટ્રિંગની ઇજાને કારણે વિરાટ અફઘાનિસ્તાન સિરીઝમાંથી બહાર


**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમને અફઘાનિસ્તાન સામેની આગામી વન-ડે સિરીઝ પહેલા મોટો આંચકો લાગ્યો છે. ટીમના સૌથી અનુભવી બેટ્સમેનોમાંના એક વિરાટ કોહલી હેમસ્ટ્રિંગની ઈજાને કારણે સમગ્ર સિરીઝમાંથી બહાર થઈ ગયો છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝ ૧૩ જૂનથી ધર્મશાલામાં શરૂ થવા જઈ રહી છે. બીસીસીઆઈના એક સૂત્રએ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'વિરાટ કોહલી હેમસ્ટ્રિંગની ઈજાને કારણે વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયો છે.'



# સબાલેન્કાએ ટેનિસમાંથી નિવૃતિ લેવાની વાત કરતાં ચાહકો સ્તબ્ધ

પેરિસ । ફ્રેન્ચ ઓપન ૨૦૨૬ની વિમેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં ટોપ સીડ અરીના સબાલેન્કાને ૨૫મી ક્રમાંકિત ડાયના શ્નાઈડર સામે આઘાતજનક હારનો સામનો કરવો પડયો હતો. મેચ બાદની પ્રેસ કોન્ફરન્સમાં સબાલેન્કા ખૂબ જ નિરાશ જોવા મળી હતી. તેણે હાર બાદ કહ્યું, 'મારા મગજમાં અત્યારે કોઈ વિચાર નથી, કોઈ ભાવના નથી. હું આ સમયે ટેનિસ છોડવા માંગુ છું. થોડા દિવસો પછી જોઈશું કે શું થાય છે. આશા છે કે હું માનસિક રીતે ફરીથી સાચા માર્ગ પર પાછી ફરી શકીશ.' તેનું આ નિવેદન સાંભળીને ત્યાં હાજર પત્રકારો પણ આશ્ચર્યચકિત થઈ ગયા



હતા. સામાન્ય રીતે કોર્ટ પર પોતાના આક્રમક અને લડાયક વલણ માટે જાણીતી સબાલેન્કા આ વખતે સંપૂર્ણપણે તૂટેલી જોવા મળી હતી. સબાલેન્કાએ સ્વીકાર્યું કે મેચ દરમિયાન તે માનસિક રીતે ખરાબ રીતે ભાંગી પડી હતી અને પોતાને સંભાળી શકી ન હતી.

# ચાઈનીઝ તાઈપેઈને ૧૩-૧થી કચડી ભારતની હોકી ટીમ સેમિફાઇનલમાં પહોંચી

**કાકામિગાહારા**

ભારતીય પુરૂષ હોકી ટીમે ચાઈનીઝ તાઈપેઈ સામે ૧૩-૧ થી ભવ્ય જીત નોંધાવીને 'મેન્સ અંડર-૧૮ એશિયા કપ ૨૦૨૬' ના સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ શાનદાર વિજય સાથે ભારતે પૂલ સ્ટેજમાં પોતાનું અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે અને હવે નોકઆઉટ મુકાબલો આગામી શુક્રવારે રમાશે. ભારતને આ શાનદાર જીત અપાવવામાં આશિષ તાની પૂર્તિની હેટ્રિકનું મહત્વનું યોગદાન રહ્યું હતું. આ સાથે જ ભારતે શુક્રવારે રમાનારી સેમિફાઈનલ મેચમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. ભારતે પૂલ તબક્કામાં કઝાકિસ્તાન, કોરિયા અને ચાઈનીઝ તાઈપેઈ સામે જીત નોંધાવી હતી, જ્યારે યજમાન જાપાન સામે તેને હારનો સામનો કરવો પડયો હતો.

## મોટરસ્પોર્ટ્સની દુનિયામાં ભારતની ૧૧ વર્ષની ડ્રાઇવરનો ડંકો

# અતીકા મીરે ગ્રીસમાં ગોલ્ડ જીત્યો

### સ્પર્ધાના રાઉન્ડ ૨.૨ની ફાઇનલમાં અતીકાએ બીજા સ્થાને રહેનારા ડ્રાઇવર કરતાં ૨.૬ સેકન્ડથી વધારે મોટા અંતરથી જીત મેળવી



**થેસાલોનિકી**

ભારતની યુવા કાર્ટ રેસિંગ ડ્રાઈવર અતીકા મીરે વર્લ્ડ મોટરસ્પોર્ટ્સના મંચ પર પોતાની પ્રતિભાનું શાનદાર પ્રદર્શન કરતા ચેમ્પિયન્સ ઓફ ધ ફ્યૂચર એકેડમી પ્રોગ્રામના બીજા રાઉન્ડમાં ક્વોલિફાઈંગ, હીટ રેસ અને ફાઈનલ્સમાં જીત મેળવીને પોતાની કેરિયરની સૌથી પ્રભાવશાળી સફળતા પ્રાપ્ત કરી છે. ફોર્મ્યુલા વન એકેડમીનું સમર્થન પ્રાપ્ત કરનારી ૧૧ વર્ષની અતીકાએ ઓકે-એનજે (૧૨-૧૪ વર્ષ કેટેગરી)માં ખૂબ જ સ્પર્ધાત્મક ક્ષેત્રે દબદબો જમાવ્યો હતો. તેણે આ કેટેગરીમાં પોતાના પહેલા સત્રમાં જ ઘણા અનુભવી પુરુષ ડ્રાઈવર્સને પડકાર આપતા અસામાન્ય દેખાવ કર્યો હતો. અતીકા સમગ્ર વીકેન્ડ સુધી સ્પર્ધકોથી એક ડગલું આગળ જોવા મળી હતી. તેના પ્રદર્શને તેને સીરીઝના ઈતિહાસમાં ક્વોલિફાઈંગ, હીટ્સ અને ફાઇનલમાં ક્લીન સ્વીપ કરનારી માત્ર ત્રીજી ડ્રાઈવર બનાવી હતી. રાઉન્ડ ૨.૨ની ફાઈનલમાં તેણે બીજા સ્થાને રહેનારા ડ્રાઈવર કરતા ૨.૬ સેકન્ડ કરતા વધારે મોટા અંતરથી જીત મેળવી હતી. મોટરસ્પોર્ટ્સમાં તેને ખુબ જ મોટું અંતર માનવામાં આવે છે, ખાસ કરીને ત્યારે જ્યારે તમામ ૨૫ ડ્રાઈવર્સ એક સમાન મશીનરીનો ઉપયોગ કરી રહ્યા હોય. મુંબઈમાં જન્મેલી અને જમ્મુ-કાશ્મીર મૂળની અતીકાએ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ૫૬.૭૭ સેકન્ડનો સમય કાઢીને પોલ પોઝીશન મેળવી હી. તે બીજા સ્થાને રહેનારા ડ્રાઈવર કરતા લગભગ ૩.૧૯ સેકન્ડ આગળ રહી હતી.

# ઇન્ડોનેશિયા ઓપનમાં હાર સાથે પી.વી. સિંધુ ટુર્નામેન્ટમાંથી બહાર

## હરિહરન અને એમ.આર. અર્જુનની જોડી ક્વાર્ટર ફાઇનલમાં

**જકાર્તા**

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુની ઈન્ડોનેશિયા ઓપન ૨૦૨૬માં સફર સમાપ્ત થઈ ગઈ છે. પ્રી-ક્વાર્ટર ફાઈનલ (રાઉન્ડ ઓફ ૧૬) મુકાબલામાં દક્ષિણ કોરિયાની વર્લ્ડ નંબર-વન અને વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન એન સે યંગે સિંધુને સીધી ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૪થી હરાવી હતી. ભારતની સ્ટાર શટલર પી.વી. સિંધુને સળંગ બીજા સપ્તાહે દક્ષિણ કોરિયાની



દિગ્ગજ ખેલાડી અને વર્લ્ડ નંબર-વન એન સે યંગના હાથે હારનો સામનો કરવો પડયો છે. ઈન્ડોનેશિયા ઓપન ૨૦૨૬ની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં એન સે યંગે શાનદાર પ્રદર્શન કરતા સિંધુને સ્ટ્રેટ ગેમમાં હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધી છે.

# છોકરીઓ પાંજરામાં કેદ, 700 લોકોએ દુષ્કર્મ કર્યું, બ્રિટનના સાંસદે કર્યા ચોંકાવનારા ખુલાસા

## ગ્રુમિંગ ગેંગ્સ'ને લઈને ચાલી રહેલો વિવાદ બ્રિટિશ સંસદમાં ફરી એકવાર ચર્ચાયો

**લંડન**

સગીરાઓનું જાતીય શોષણ કરનારી 'ગ્રુમિંગ ગેંગ્સ'ને લઈને લાંબા સમયથી ચાલી રહેલો વિવાદ બ્રિટિશ સંસદમાં ફરી એકવાર ચર્ચાયો છે. બ્રિટિશ સાંસદ રુપર્ટ લોવે સંસદમાં એક ચોંકાવનારું ભાષણ આપ્યું છે. આ ભયાનક શોષણ માંથી બચી ગયેલી કેટલીક પીડિતાના નિવેદનના આધારે ખુલાસો કરવામાં આવ્યો છે. જેમાં છોકરીઓને પાંજરામાં કેદ રખાતી અને 700 લોકોએ દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું.

બ્રિટિશ સાંસદ લોવે તેમણે જણાવ્યું હતું કે, ગયા વર્ષે તેમના નેતૃત્વ હેઠળની એક ખાનગી તપાસમાં બ્રિટનના ઓછામાં ઓછા 85 વિસ્તારોમાં આવા ગેંગ-આધારિત બાળ જાતીય શોષણની જાણકારી મળી હતી. સાંસદ લોવના જણાવ્યા મુજબ, મુખ્યત્વે પાકિસ્તાની મૂળના પુરુષોની દુષ્કર્મ ગુજારતી ગેંગ્સ છેલ્લા ઘણા દાયકાઓથી સક્રિય છે. જેમાં પાકિસ્તાની પુરુષોની એક ખાસ પેટર્ન અને સરકારી એજન્સીઓની ઘોર બેદરકારી સ્પષ્ટપણે દેખાય છે. એક પીડિતાએ કહ્યું, "જ્યારે હું લગભગ 12 કે 13 વર્ષની હતી, ત્યારે એક માણસે મારા પર ખરાબ કામ કર્યું. ત્યારબાદ તેણે મારા શરીરના ભાગમાં ખાલી દારૂની બોટલ દાખલ કરતા કાચ અંદર તૂટી ગયો." બીજી એક પીડિતાએ કહ્યું, "આ બધું ત્યારે શરૂ થયું જ્યારે હું 13 વર્ષની હતી. ત્રણ વર્ષ દરમિયાન લગભગ 600 થી 700 જુદા જુદા પુરુષો દ્વારા મારા પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું."

# બ્રિટનમાં લશ્કરી કવાયતમાં રોયલ નેવીનું હેલિકોપ્ટર ક્રેશ, 3ના મોત

**લંડન**

બ્રિટનમાં એક લશ્કરી તાલીમ કવાયત દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ છે. ઈંગ્લેન્ડના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા ડેવોન કાઉન્ટીના સોર્ટન વિસ્તાર નજીક રોયલ નેવીનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે, જેમાં સવાર ત્રણ ક્રૂ મેમ્બર્સના મોત નીપજ્યા છે.

રોયલ નેવીના જણાવ્યા અનુસાર, બુધવારે વહેલી સવારે આશરે 4 વાગ્યે આ હેલિકોપ્ટર એક ખેતરમાં તૂટી પડ્યું હતું. બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયે મૃતક જવાનોના પરિવારોને આ અંગે જાણ કરી આપી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી છે. હેલિકોપ્ટર કયા કારણોસર ક્રેશ થયું તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ સૈન્ય અધિકારીઓએ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. જે હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું છે તે રોયલ નેવીનું અત્યંત શક્તિશાળી અને ભરોસાપાત્ર 'મરલિન MK4' હેલિકોપ્ટર હતું. બ્રિટિશ નૌસેના માટે આ હેલિકોપ્ટર ખૂબ મહત્વનું માનવામાં આવે છે. સમુદ્રમાં દુશ્મનની સબમરીનનો સામનો કરવા, સર્ચ એન્ડ રેસ્ક્યૂ ઓપરેશન, દરિયાઈ પેટ્રોલિંગ અને સૈન્ય સામાનની હેરફેર માટે તેનો મુખ્ય ઉપયોગ થાય છે.

# ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે ફરી યુદ્ધ વિરામ, હિઝબુલ્લાહ સામે 4 શરતો મૂકાઇ

**જેરુસલેમ**

લાંબા સમયથી ચાલી રહેલા સૈન્ય તણાવ અને હિંસા બાદ આખરે ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામના નવીનીકરણ પર સહમતિ સધાઈ છે. અમેરિકાની મધ્યસ્થતામાં યોજાયેલી ચોથા રાઉન્ડની બેઠક બાદ બંને દેશો આ મહત્વપૂર્ણ શાંતિ સમજૂતી પર પહોંચ્યા છે. આ કરાર હેઠળ લેબેનોનમાં કેટલાક ખાસ પ્રાયોગિક સુરક્ષા વિસ્તારો બનાવવામાં આવશે, જેમાંથી હિઝબુલ્લાહના લડવૈયાઓને સંપૂર્ણપણે બહાર રાખવામાં આવશે. અમેરિકાના વિદેશ મંત્રાલયમાં યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના ભવિષ્યના સંબંધો બંને દેશોની સાર્વભૌમ સરકારો જ નક્કી કરશે. લેબેનોનના ભવિષ્યને પ્રભાવિત કરવાના કોઈપણ બાહ્ય દેશ કે સંગઠનના પ્રયાસોને સહન કરવામાં નહીં આવે. હિજબુલ્લામાં સામે ગોળીબાર પર સંપૂર્ણ રોક, હથિયારો અને લડવૈયાઓની વાપસી, લેબેનોની સેનાનું નિયંત્રણ હિઝબુલ્લાહની કોઈપણ પ્રકારની સૈન્ય કે શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ રહેશે જેવી 4 શરતો મૂકાઈ હતી.

# 2 લાખથી વધુ લોકોએ H-1B વિઝા મેળવવા 1 લાખ ડૉલર ચૂકવ્યા, 2.86 લાખ અરજી મળી

## સામાન્ય અરજદારોની અરજી બાદ પ્રક્રિયા થતાં સાડા સાત મહિના વીતી જાય છે

**વોશિંગ્ટન**

અમેરિકામાં કામ કરવા માટે H-1B વિઝા મેળવવા માંગતા બે લાખથી વધારે અરજકર્તાઓએ એક લાખ ડૉલર ચૂકવવાનો વિકલ્પ પસંદ કર્યો હતો તેમ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના સેક્રેટરી માર્કવેવ મુલિને જણાવ્યું હતું.




સેનેટ એપ્રોપ્રિએશન્સ સબ કમિટી સામે વાતચીત દરમિયાન મુલિને જણાવ્યું હતું કે, ડીએચએસને નાણાકીય વર્ષ 2026માં અત્યાર સુધીમાં એચ-1બી વિઝા માટે 2.86 લાખ અરજીઓ મળી છે. આશ્ચર્યની વાત એ છે કે, તેમાંથી 2,00,000થી વધુ અરજકર્તાઓએ અમેરિકા આવવા માટે એક લાખ ડૉલરની વધારાની ચૂકવણી કરવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. મુલિને વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, આ રીતે એક લાખ ડૉલર ચૂકવનારા લોકોના દસ્તાવેજો માત્ર 15 દિવસમાં જ પ્રોસેસ થઈ જાય છે, જ્યારે સામાન્ય પ્રક્રિયા પસંદ કરનારા અન્ય અરજકર્તાઓના વિઝા પ્રોસેસ થવામાં 7.5 મહિના જેટલો લાંબો સમય લાગે છે. અલાસ્કાના રિપબ્લિકન સેનેટર લિસા મુર્કોવ્સ્કીએ પોતાના રાજ્યના ગ્રામીણ વિસ્તારોની શાળાઓમાં શિક્ષકોની ભારે અછત અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# ક્વેટા ટ્રેન બ્લાસ્ટનો બદલો : પાકિસ્તાની સૈન્યએ બીએલએના 17 લડાકૂઓ ઠાર માર્યાનો દાવો

## બળવાખોરોના ઠેકાણાઓ પરથી મોટી માત્રામાં હથિયાર અને દારૂગોળો રિકવર કરાયો

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં સુરક્ષા દળોએ એક મોટી સૈન્ય કાર્યવાહીને અંજામ આપ્યો છે. સેનાએ ગત અઠવાડિયે થયેલા ઘાતક ટ્રેન હુમલાનો બદલો લેતા બીએલએના 17 લડાકૂઓને ઠાર કર્યા છે. સુરક્ષા દળોએ માર્યા ગયેલા બળવાખોરોના ઠેકાણાઓ પરથી મોટી માત્રામાં હથિયાર અને દારૂગોળો પણ રિકવર કર્યો છે.

પાકિસ્તાની સેનાએ મંગળવારે આ સમગ્ર ઓપરેશનની જાણકારી આપી. સેનાએ જણાવ્યું કે બળવાખોરો પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો અને પહેલાથી તૈયાર કરેલા IED પણ જપ્ત કર્યા છે. પાકિસ્તાની સૈન્યનું કહેવું છે કે, આ વિસ્તારોમાંથી બળવાખોરોનું નામોનિશાન મિટાવી દેવા માટે આ સર્ચ ઓપરેશન સતત ચાલુ રહેશે. દેશમાંથી આતંકવાદને સંપૂર્ણપણે ખતમ કરવા માટે આતંકવાદ વિરોધી અભિયાનને પૂરી રફતાર સાથે ચલાવવામાં આવશે. તમને જણાવી દઈએ કે, 24 મેના રોજ બલુચિસ્તાનની રાજધાની ક્વેટાના લશ્કરી વિસ્તારમાં આતંકવાદીઓએ શટલ ટ્રેન પર બોમ્બથી હુમલો કર્યો હતો. આ ભીષણ બ્લાસ્ટમાં 14 લોકોના મોત થઈ ગયા હતા. આ ટ્રેન બ્લાસ્ટની જવાબદારી પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મી (BLA) એ લીધી હતી. આ ટ્રેન હુમલા બાદ તરત જ પાકિસ્તાની સુરક્ષા દળ એક્શનમાં આવી ગઈ. સેનાના જણાવ્યા પ્રમાણે ગુપ્ત માહિતીના આધારે બલુચિસ્તાનના મસ્તુંગ, નુશ્કી, ઝેહરી, ખુઝદાર અને કેચ જિલ્લામાં તાબડતોડ દરોડા પાડવામાં આવ્યા હતા.

# કુવૈતના એરપોર્ટ પર ઇરાનનો હુમલો એક ભારતીયનું મોત, ફ્લાઇટો રદ

## ખાડી યુદ્ધમાં મૃત્યુ પામેલા ભારતીયોની સંખ્યા 10 પર પહોંચી

**દુબઈ**

યુદ્ધવિરામ અને શાંતિની મંત્રણા વચ્ચે અમેરિકા અને ઈરાન ફરીથી પાછા યુદ્ધના મેદાનમાં આવી ગયા છે. ઈરાને કુવૈતમાં અમેરિકાના બેઝ અને એરપોર્ટ પર કરેલા હુમલામાં એક ભારતીયનું મોત થયું છે. આ સાથે અખાત યુદ્ધમાં લેવાદેવા વગરનો ભોગ બનેલા ભારતીયોની સંખ્યા ૧૦ પર પહોંચી છે. કુવૈત ખાતેના ભારતીય રાજદૂતાવાસે આ બદલ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે.

કુવૈતના લશ્કરે પણ જણાવ્યું હતું કે ઈરાનના હુમલામાં ભારતીયનું મોત થયું છે અને બીજા કેટલાકને ઈજા પહોંચી છે. આ અગાઉ ૩૦ માર્ચના રોજ ઈરાને પાવર અને ડિસેલિનેશન પ્લાન્ટ પર કરેલા હુમલામાં પણ એક ભારતીયનું મોત થયું હતું. યુદ્ધવિરામની મંત્રણા વચ્ચે ઈરાન યુદ્ધ મેદાનમાં આવી ગયું છે. અમેરિકી જહાજો પર તેણે ગોળીબારી શરૂ કરી છે. અમેરિકાને વળતો જબ્બર જવાબ આપવો શરૂ કરી દીધો છે. દરમિયાન ઈરાને અંદરની બાજુએ હોર્મુઝ સ્ટ્રેઈટસ ઉપર નાકાબંધી કરી છે.

# 23 વર્ષ બાદ બ્રિટનમાં ગુજરાતની મહિલાને છૂટાછેડાના કેસમાં 66 લાખ પાઉન્ડ મળ્યા

## વર્ષા ગોહિલે મે, વર્ષ 2002માં છૂટાછેડા માટે અરજી કરી હતી

**લંડન**

બ્રિટનમાં ગુજરાતી મૂળની મહિલાને છૂટાછેડા માટેની 23 વર્ષની કાયદાકીય લડતને અંતે કોર્ટનાં ચુકાદા પછી 66 લાખ પાઉન્ડ (અંદાજે 84.86 કરોડ રૂપિયા)ની રકમ મળી છે. મહિલાની આ કાયદાકીય લડત બ્રિટનનાં ઈતિહાસમાં સૌથી મોટી લડત પૈકીની એક છે.

વર્ષા ગોહિલે મે, 2002માં છૂટાછેડા માટે અરજી કરી હતી. શરૂઆતમાં થોડી રકમ મળ્યા પછી વર્ષા ગોહિલને જાણ થઈ હતી કે તેમના વકીલ પતિ ભદ્રેશ ગોહિલે પોતાની કેટલીક સંપત્તિઓ છુપાવી હતી.

આ દરમિયાન તેમની કાયદાકીય લડતમાં મની લોન્ડરિંગ તપાસને કારણે અવરોધ ઊભો થયો હતો. જેના કારણે 2010માં ભદ્રેશને નાઈજીરિયાનાં એક ક્લાયન્ટથી જોડાયેલા ભ્રષ્ટાચારનાં કેસમાં 10 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી. એક તરફ બ્રિટનની ક્રાઉન પ્રોસેક્યુશન સર્વિસ (સીપીએસ)એ પતિની ગુનાહિત પ્રવૃત્તિઓથી જોડાયેલ લગભગ 28 મિલિયન પાઉન્ડનાં ફંડને જપ્ત કરવાનો આદેશ જારી કરાવ્યો હતો. બીજી તરફ, આ વૈવાહિક સંપત્તિમાં પૂર્વ પત્નીનો કાયદેસરનો કેટલો હિસ્સો રહેશે તે અત્યાર સુધી નક્કી થઈ શક્યું ન હતું.

# વિદ્યાર્થીની હત્યા બદલ શીખ યુવકને 21 વર્ષની જેલ, કિરપાણ પર પ્રતિબંધની માંગ

## વિદ્યાર્થી હેનરી પર ખંજર વડે હુમલો કર્યો અને પાંચ ઘા ઝીંકાયા હતા


**લંડન**

બ્રિટનના સાઉથમ્પ્ટનમાં છ મહિના અગાઉ થયેલી 18 વર્ષના નિર્દોષ વિદ્યાર્થી હેનરી નોવાકની હત્યાના કેસમાં સત્ય સામે આવતાં સમગ્ર દેશ હચમચી ઊઠ્યો છે. હેનરી નોવાક બ્રિટિશ-પોલિશ મૂળનો 18 વર્ષનો યુવાન હતો, જે સાઉથમ્પ્ટન યુનિવર્સિટીમાં એકાઉન્ટન્સીનો અભ્યાસ કરતો હતો. એ રાત્રે આશરે 11:30 વાગ્યે હેનરી સાઉથમ્પ્ટનના પોર્ટ્સવુડમાં આવેલા બેલમોન્ટ રોડ પર જતો હતો. ત્યારે રસ્તામાં તેનો ભેટો 23 વર્ષીય ભારતીય મૂળના શીખ યુવાન વિક્રમ દિગ્વા સાથે થયો. હેનરીએ પોતાના ફોનમાં વિક્રમનો વીડિયો રેકોર્ડ કરવાનું શરૂ કર્યું. પાછળથી પોલીસને મળેલા વીડિયોમાં દેખાય છે કે હેનરી વિક્રમને 'હેલો કાર' કહે છે અને પછી કશુંક ગીત ગણગણે છે. વીડિયોમાં વિક્રમ 'આઈ એમ અ બેડ મેન' (હું ખરાબ માણસ છું) એવું બોલતો અને ત્યાંથી દૂર જતો દેખાય છે.

સાવ સામાન્ય લાગતી આ ઘટનાએ થોડી જ વારમાં હિંસક સ્વરૂપ લઈ લીધું. વિક્રમે હેનરી પર ખંજર વડે હુમલો કર્યો અને એને પાંચ ઘા માર્યા, જેમાંના 2 હેનરીના પગના પાછળના ભાગે અને 1 હૃદયમાં વાગ્યો હતો, જે જીવલેણ નીવડ્યો હતો.

# ભારે પડી શકે : વિટામીન ‘ડી’ની અછત અવગણવાનું

## 70થી 80 ટકા ભારતીયોને સમસ્યા : કાયમ થાક લાગતો હોવાની ફરિયાદ કરે છે




વિટામીન ‘ડી’ને ‘સનશાઈન વિટામીન’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણે શાળા જીવન દરમિયાન જ ભણ્યા છીએ કે સૂર્યનો કુણો તડકો લેવાથી આપણા શરીરને ભરપૂર વિટામીન ‘ડી’ મળી રહે છે. વળી ભારત જેવા ગરમ દેશમાં અરૂણ દેવ હમેશાં મહેરબાન રહેતાં હોવાથી ભારતવાસીઓને તડકો નીકળવાની રાહ નથી જોવી પડતી. આમ છતાં આંચકાજનક વાત એ છે કે મોટાભાગના ભારતવાસીઓ વિટામીન ‘ડી’ની ઊણપથી પીડાય છે. અને તેનાથી પણ ચિંતાજનક બાબત છે તત્સંબંધી અજ્ઞાન. વાસ્તવમાં બહુ ઓછા લોકો જાણતા હોય છે કે તેમના શરીરમાં વિટામીન ‘ડી’ની અછત સર્જાઈ છે.

નિષ્ણાતો કહે છે કે આપણને જે વસ્તુ બહુ સહેલાઈથી મળતી હોય તેનું મૂલ્ય આપણે નથી સમજી શકતા. સૂર્યના તડકા બાબતે આ વાત બરાબર લાગૂ પડે છે. આપણને પુષ્કળ તડકો મળતો હોવાથી આપણે તેનાથી બચવાના પ્રયાસો કરીએ છીએ પરિણામે વિટામીન ‘ડી’ જેવા કિંમતી પોષક તત્વથી વંચિ રહી જઈએ છીએ. લગભગ ૭૦થી ૮૦ ટકા ભારતીયોમાં આ વિટામીનની ઊણપ જોવા મળે છે. વળી તેઓ વિટામીન ‘ડી’ના અભાવને કારણ મળતાં સંકેતો પણ નથી ઓળખી શકતા જે છેવટે તેમના સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક પુરવાર થાય છે.

● **થાક લાગવો** : તમે પૂરતી નીંદ્રા લેતા હો તોય સતત થાક અનુભવતા હો તો માની લેવું કે તમારા શરીરમાં વિટામીન ‘ડી’ની ઊણપ સર્જાઈ છે. આ વિટામીનના અભાવને કારણે શરીરમાં પૂરતા પ્રમાણમાં ઊર્જા પેદા નથી થતી તેથી જે તે વ્યક્તિને હમેશાં થાક વરતાયા કરે છે.

● **હાડકાં દુખવા** : હાડકાં દુખવા, ખાસ કરીને કમરના નીચેના હિસ્સામાં તેમ જ પગમાં પીડા થવી એ તમારા હાડકાંની ઘનતા ઘટી રહી હોવાની નિશાની હોઈ શકે. વિટામીન ‘ડી’નો અભાવ હાડકાની ઘનતા ઓછી કરે છે.

● **વારંવાર માંદા પડવું** : વિટામીન ‘ડી’ની ઊણપને કારણે રોગ પ્રતિકારક શક્તિ અસર પામે છે જેને પગલે જે તે વ્યક્તિ વારંવાર શરદી, ખાંસી, તાવ કે પછી અન્ય કોઈ ચેપના સપાટામાં આવી શકે છે. જો અન્ય કોઈ દેખીતા કારણ વિના તમે અવારનવાર આવી સમસ્યાથી પીડાતા હો તો શક્ય છે કે તમારા શરીરમાં આ પોષક તત્વનો અભાવ સર્જાયો છે.

● **વારંવાર મૂડ બદલાવો** : જો તમારો મૂડ વિના કારણ વારંવાર બદલાતો હોય તો તેને માટે આ વિટામીનનો અભાવ જવાબદાર હોઈ શકે. વાસ્તવમાં વિટામીન ‘ડી’ આપણા મૂડનું સંચાલન કરતાં રસાયણ સેરોટોનિનનું ઉત્પાદન કરે છે. અને આ વિટામીનની અછત સેરોટોનિનના ઉત્પાદનમાં અડચણ પેદા કરતી હોવાથી આપણો મૂડ વારંવાર બદલાય છે.

નિષ્ણાતો કહે છે કે વિટામીન ‘ડી’ની અછતને પગલે પાધરી થતી નિશાનીઓ અવગણવામાં આવે તો સમય જતાં સ્થિતિ વણસતી જાય છે. જેમ કે..,

● **હાડકાં નબળાં પડવા** : જો આ વિટામીનની ઊણપ તરફ આંખ આડા કાન કરવામાં આવે તો હાડકાં બરડ બનતાં જાય છે જેને પગલે ફ્રેક્ચરનું જોખમ વધે છે. ખાસ કરીને બાળકો તેમ જ વૃધ્ધોમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. આમેય બાલ્યાવસ્થા તેમ જ વૃધ્ધાવસ્થામાં ઓસ્ટિઓપોરોસિસ થવાની શક્યતા વધારે હોય છે. આવી સ્થિતિમાં જો સંબંધિત સમસ્યા પ્રત્યે ધ્યાન આપવામાં ન આવે તો ઓસ્ટિઓમેલાશિયા થવાની શક્યતા નકારી શકાય નહીં. ઓસ્ટિઓમેલાશિયામાં હાડકાં તદ્દન પોચાં અને નબળાં પડી જાય છે.

● **વિવિધ રાજરોગની ભીતિ** : વિટામીન ‘ડી’ની આપૂર્તિ કરવામાં વિલંબ કરવાથી ડાયાબિટિસ, હૃદયરોગ, ચોક્કસ પ્રકારના કેન્સર જેવા રાજરોગોના સપાટામાં આવવાની શક્યતા વધી જાય છે. એક સંશોધન મુજબ બ્લડ શુગરનું સ્તર જાળવવામાં અને હૃદયને સ્વસ્થ રાખવામાં વિટામીન ‘ડી’ મહત્વનો ભાગ ભજવે છે.

● **માનસિક સ્વાસ્થ્યને અસર** : આ વિટામીનની કમીને કારણે ડિપ્રેશન અને એંકઝાઈટી જેવા માનસિક રોગો વકરે છે. ખાસ કરીને વૃધ્ધજનોમાં વારંવાર મૂડ બદલાવાની સમસ્યા સામાન્ય બની જાય છે.

હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વિટામીન ‘ડી’ની કમી દૂર કરવા કરવું શું? આના જવાબમાં તજજ્ઞો કહે છે..,

● **સૂર્યનો કુણો તડકો લો** : દરરોજ અથવા અઠવાડિયામાં ઓછામાં ઓછા ચાર-પાંચ દિવસ સૂર્યનો કુણો તડકો લો. તેને માટે વહેલી સવારનો અથવા મોડી બપોરનો સમય ઉત્તમ ગણાય. આ વખતે આકરા તડકાને કારણે થતી હાનિથી બચીને તડકાનો લાભ લઈ શકાય. વહેલી સવાર અથવા મોડી સાંજે ખુલ્લા હાથ, પગ, ચહેરા પર તડકો પડવા દો.

● **વિટામીન ‘ડી’ ધરાવતો આહાર લો** : શાકાહારીઓને બહુ ઓછી વસ્તુઓમાંથી વિટામીન ‘ડી’ મળે છે. આમ છતાં તેઓ વિવિધ પ્રકારના ડેરી ઉત્પાદનો તેમ જ મશરૂમમાંથી આ પોષક તત્વ મેળવી શકે.

● **સપ્લીમેન્ટ્સ** : જો તમારા શરીરમાં વિટામીન ‘ડી’ની તીવ્ર અછત સર્જાઈ હશે તો તમારા તબીબ તમને સપ્લીમેન્ટના માધ્યમથી તેની આપૂર્તિ કરવાની સલાહ આપશે. આ સપ્લીમેન્ટ ટેબ્લેટ, કેપ્સ્યુલ કે લિક્વિડ તરીકે હોઈ શકે. નિષ્ણાતો કહે છે કે તદ્દન નિ:શુલ્ક મળતાં વિટામીન ‘ડી’ની અવગણના સ્વાસ્થ્ય વિષયક વિવિધ સમસ્યાઓ સર્જે તેના કરતાં બહેતર છે કે સમયસર ચેતી જઈને સૂર્યનો કુણો તડકો લેવાનું શરૂ કરી દો.

## દૂધીના કોફતા કરી



સામગ્રી: કોફતા માટે : 500 ગ્રામ દૂધી (છીણેલી), 1 કપ ચણાનો લોટ, આદું-મરચાંની પેસ્ટ, હળદર, લાલ મરચું, મીઠું અને તળવા માટે તેલ. ગ્રેવી માટે : 2 ટામેટા-ડુંગળીની ગ્રેવી, લસણની પેસ્ટ, ગરમ મસાલો, દહીં અને લીલા ધાણા.

રીત : છીણેલી દૂધીનું વધારાનું પાણી નીચોવી લો. તેમાં ચણાનો લોટ અને મસાલા ઉમેરી નાના કોફતા બનાવો. આ કોફતાને મધ્યમ આંચ પર ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી તળી લો. એક કડાઈમાં તેલ ગરમ કરી જીરું અને હિંગનો વઘાર કરો. ડુંગળી-ટામેટાની પેસ્ટ ઉમેરી તેને સાંતળો. તેલ છૂટું પડે એટલે હળદર, મરચું અને ધાણાજીરું ઉમેરો. ગ્રેવીમાં થોડું પાણી અને ફેંટલું દહીં ઉમેરી ઉકાળો. છેલ્લે તળેલા કોફતા ઉમેરી 2 મિનિટ ચડવા દો. ગરમ મસાલો અને લીલા ધાણાથી ગાર્નિશ કરી ગરમાગરમ રોટલી કે પરોઠાં સાથે પીરસો. કોફતા પીરસતી વખતે જ ગ્રેવીમાં ઉમેરવા, જેથી તે વધુ પડતા નરમ ન થઈ જાય.

## સ્પિનચ એન્ડ બીન સ્પ્રાઉટ સૂપ



સામગ્રીઃ સમારેલી પાલક - ૧ મોટી ઝૂડી, ફણગાવેલ કઠોળ - ૧ કપ, માખણ ૧ ચમચી, તમાલપત્ર - ૧ નંગ, સમારેલી ડુંગળી - અડધી, સમારેલી સેલેરી - ૧ નંગ, વેજિટેબલ સ્ટોક -૪ કપ, સફેદ મરીનો પાઉડર - પા ચમચી, તાજી ક્રીમ/મલાઈ - ૪ ચમચા, મીઠું - સ્વાદ મુજબ

રીતઃ એક પેનમાં માખણ ગરમ કરી તેમાં તમાલપત્ર, સમારેલી ડુંગળી, સેલેરી નાખો. ડુંગળી બદામી રંગની થાય ત્યાં સુધી સાંતળો. પાલક ઉમેરી એક મિનિટ હલાવો. અડધા ભાગનાં ફણગાવેલાં કઠોળ નાખીને હલાવો. હવે વેજિટેબલ સ્ટોક અથવા પાણી રેડી પાલકનો લીલો રંગ બદલાયા વિના બફાઈ જાય ત્યાં સુધી રાખો. ત્યારબાદ આંચ પરથી ઉતારી લઈને ઠંડું થવા દો. તેમાં મીઠું અને સફેદ મરીનો પાઉડર નાખી મિક્સ કરો. ફરીથી ગરમ કરી બાકીનાં ફણગાવેલાં કઠોળ ઉમેરી, ઉપર ક્રીમથી સજાવટ કરી ગરમ સ્વાદ માણો.

## ફ્રોઝન ફ્રેન્ચ ફ્રાઈઝ



સામગ્રી : બટાકા - ૫ નંગ, મીઠું - સ્વાદ મુજબ, તેલ - તળવા માટે

રીતઃ બટાકાને છોલી તેને પાણીમાં પલાળી રાખો. ત્યારબાદ તેના એક સેમી. જાડાઈ ધરાવતાં પતીકાં કરી લાંબી ચિપ્સ સમારો. એક મોટી તપેલીમાં પૂરતું પાણી ગરમ કરો. તે ઊકળે એટલે તેમાં બટાકાની ચિપ્સ નાખી, મીઠું ભેળવી અધકચરી બફાવા દો. ત્યારબાદ નિતારી લઈને બટાકાની ચિપ્સને ફ્રીઝમાં ઠંડી થવા દો. તે પછી ઝિપલોક બેગમાં ચિપ્સ ભરી, વધારાની હવા કાઢી નાખી બંધ કરો. તેને ડીપ ફ્રીઝરમાં રહેવા દો. જ્યારે જરૂર હોય ત્યારે ફ્રીઝરમાંથી કાઢી ચિપ્સને તેલમાં મધ્યમ આંચે બ્રાઉન રંગની કરકરી થાય ત્યાં સુધી તળો. એબ્સોર્બન્ટ પેપર પર કાઢો. ત્યારબાદ જરૂર લાગે તો મીઠું ભભરાવી ગરમ સર્વ કરો.

## મેંગો સુફલે



સામગ્રી : કેરીનો પલ્પ : 1 કપ (મીઠી કેરી), વ્હીપ્ડ ક્રીમ : 1 કપ, કન્ડેન્સ્ડ મિલ્ક : ૧/૨ કપ, ચાઈના ગ્રાસ : 5-7 ગ્રામ અથવા વેજ જિલેટીન, દૂધ : ૧/૨ કપ, કેરીના ટુકડા : ગાર્નિશિંગ માટે

રીત : સૌથી પહેલાં ચાઈના ગ્રાસને થોડા પાણીમાં 10 મિનિટ પલાળી રાખો. ત્યારબાદ તેને દૂધ સાથે ગરમ કરી ઓગાળી લો અને સહેજ ઠંડું થવા દો. એક મોટા બાઉલમાં ઠંડી વ્હીપ્ડ ક્રીમને ત્યાં સુધી ફેંટો જ્યાં સુધી તે ઘટ્ટ ન થઈ જાય. હવે તેમાં કેરીનો પલ્પ અને કન્ડેન્સ્ડ મિલ્ક ઉમેરી હળવા હાથે મિક્સ કરો. તૈયાર મિશ્રણમાં ઓગાળેલું ચાઈના ગ્રાસ ઉમેરો અને બરાબર હલાવો. આ મિશ્રણને સર્વિંગ બાઉલ કે ગ્લાસમાં ભરો. તેને સેટ થવા માટે 3-4 કલાક ફ્રીઝમાં રાખો. ઉપરથી કેરીના ઝીણા ટુકડા અને ફુદીનાનાં પાનથી સજાવીને ઠંડું-ઠંડું પીરસો.

# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Experience elevated urban living at Line 5 Condos in the heart of Midtown Toronto. Welcome to Suite 513S at 127 Broadway Avenue. A bright, thoughtfully designed studio offering modern style, smart functionality, and exceptional amenities in one of the city's most connected neighbourhoods.Ideal for first-time buyers or investors, this efficiently designed suite maximizes every inch of space with an open-concept layout, sleek contemporary finishes, and floor-to-ceiling windows that flood the interior with natural light. Wide-plank flooring flows throughout, while the modern kitchen features integrated appliances, ample storage, and clean, minimalist design. The stylish 4-piece bathroom adds a touch of luxury. Located steps from the Eglinton Crosstown LRT and TTC subway, you're surrounded by Midtown's best restaurants, cafés, shopping, and everyday conveniences.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Welcome to this beautifully updated family home in Central Ajax, ideally located close to all amenities. A public school is conveniently situated right beside the home, with easy access to Durham Transit, parks, shopping plazas, and Hwy 401—perfect for commuters and families alike.Offering approximately 1,809 sq. ft., this spacious 3+1 bedroom home features a functional layout with formal living and dining areas. The large primary bedroom includes a renovated ensuite and walk-in closet for added comfort.The home has been thoughtfully upgraded with interlocking in both the front and backyard, Energy Star certified doors and windows with heat-resistant glass, pot lights throughout, and fresh paint. Additional updates include a newer garage door, new backsplash (2026), updated kitchen appliances, and major mechanicals—A/C, furnace, and tankless hot water tank (2025). The home is fully monitored with security cameras at the front door and garage.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.